
કુમાર

સંસ્થાપક • સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી • સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક • વર્ષ ૫૯મું • અંક ૩જો • માર્ચ ૧૯૮૨ • સળંગ અંક ૬૯૯

તંત્રી
બિહારીલાલ
ટાંક



ફાલ્ગુન
અઢારમી સદીનું
રાજસ્થાની ચિત્ર

ફાલ્ગુન એટલે શીતકાલ પછી નવવસંતના આરંભનો કાળ. મરુભૂમિ રાજસ્થાનમાં તો તેનો સવિશેષ મહિમા. પરદેશ ગએલા પિયુના પાછા ફરવાનો એ સમય. નવપલ્લવિત વૃક્ષોની સૌરભ વહેતા તાજગીભર્યા વાતાવરણની એ ઋતુ. મૃદંગના તાલે ગાઈનાચીને આવકારાય, રંગગુલાલથી વધાવાય, ચિત્રકાર પણ કેમ બાકી રહે?



સરિતા: કલાકાર ઇન્દ્ર દુગડની એક ખાસિયત વિષે કહેવાય છે કે તેઓ પોતાનાં દૃશ્યચિત્રો સ્થાન પર બેસીને નથી બનાવતા, કે નથી તેમાં તેમણે જે જોયું હોય તે જ બધું આલેખતા. એટલે ખરી વાસ્તવિકતાનો રણકો તેમાં દબાઈ જતો લાગે છે. તેઓ પોતે પણ આ કબૂલે છે. અને કહે છે કે બહુધા તેઓ પોતાના મન પર દૃશ્યની જે છાપ પડે છે તેને જ પોતાનાં દૃશ્યચિત્રોમાં ઉતારે છે. જેમાં એક પ્રકારનું દિલના રંગનું (રોમૅન્ટિક) તત્ત્વ ભળેલું હોય છે. આનું કારણ એ જ કે એમની આંખ જીવન અને પ્રકૃતિમાં સુંદરતમ પાસાંને જ પ્રથમ જુએ છે. એટલે એમના મનને ન ગમતી વિગતો ઘણી વાર એમનાં દૃશ્યચિત્રોમાંથી તેઓ કાઢી નાખે છે, તો ક્યારેક તેમને જચી ગએલી ચીજનું તેમાં ઉમેરણ પણ કરી દે છે. પણ એથી ચિત્રમાં કંઈ ઊણપ રહી જાય એમ નહિ કહી શકાય. આ દૃશ્યમાં પણ એમણે જેવી જોઈ હશે તેવી જ સરિતા કદાચ નહિ દર્શાવી હોય તો તેથી કશો ફેર પડતો નથી. ક્ષિતિજ સુધી ફેલાએલી ધરતી પર દૂરદૂરથી વાંકાચૂંકા વહેતી આવતી સરિતાની આ રજૂઆતમાં તાદૃશ વાસ્તવિકતા ના હોય તો યે તેની ચિત્રાત્મક સુંદરતા જોનારની આંખને એટલી જ તૃપ્તિ આપી રહે છે.

'કુમાર'માં પ્રકાશનાર્થે વિવિધ પ્રકારની જે સામગ્રી મળતી રહે છે તે બદલ એ મોકલનાર સૌના અમે આભારી છીએ; અને એ નવોદિત સર્જકોના પણ, જેઓ પોતાની કૃતિઓ માટે 'કુમાર' પર પસંદગીનો કળશ ઢોળે છે. પરંતુ એમની એ કાલીઘેલી અપકવ કૃતિઓ કેવળ પ્રોત્સાહનાર્થે પ્રકટ કરવી શક્ય નથી. તેમ જ એ સૌને માર્ગદર્શન આપવાનું કે કોઈ પણ અસ્વીકૃત કૃતિઓના ગુણદોષ ચર્ચવાની અપેક્ષા સંતોષવાનું પણ શક્ય નથી.

'કુમાર'માંથી તો માહિતી મળી જ રહેશે એવી શ્રદ્ધાથી અનેક પ્રકારની પૃચ્છાના પત્રો પણ સતત મળતા રહે છે. આવા બધા જ પત્રોના તુરત ઉત્તર આપવા ક્યારેક મુશ્કેલ હોઈ એ માટે થોડી રાહ જોવા, અને ખાસ તો ઉત્તર માટે જરૂરી પોસ્ટેજ મોકલવા વિનતિ.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે પણ કૃતિની સાથે જ પોતાનું નામ-સરનામું લખેલું તથા પૂરતું પોસ્ટેજ લગાડેલું યોગ્ય કદનું કવર (છૂટી ટપાલટિકિટો નહિ) મોકલવું આવશ્યક છે.

જવાબી પોસ્ટેજ વિના મળેલી કૃતિ જો સ્વીકૃત ઠરશે તો તેની જાણ અમે કરીશું જ, પણ અસ્વીકૃત કૃતિને સાચવી રાખવી શક્ય નથી.

કૃતિ અંગેનો નિર્ણય બને તેટલા ઓછા સમયમાં લેવાનો અમારો પ્રયત્ન હોય છે જ, છતાં ક્યારેક એ અંગે સમય લાગે તો રાહ જોવા વિનતિ.

કૃતિ યોગ્ય કદના કાગળની એક જ બાજુએ પૂરતો હાંસિયો રાખીને શાહીથી જ તથા સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખીને મોકલવી. લખાણમાં લીધેલાં અન્ય ભાષાનાં અવતરણો અનુવાદ સાથે, અને નામ, તારીખો, પારિભાષિક શબ્દો વગેરે છૂટા અક્ષરે સ્પષ્ટ લખવાં, ઇતર ભાષાનાં અલ્પ-પરિચિત નામ, ટેક્‌નિકલ વિષયના શબ્દો વગેરે સાથે કૌંસમાં અથવા હાંસિયામાં અલગ તેના મૂળ અંગ્રેજી, લૅટિન વગેરે જે શબ્દ હોય તે સુવાચ્ય રીતે દર્શાવવાં.

અનુવાદિત કૃતિઓ માટે મૂળ લેખકની પરવાનગી મેળવવી આવશ્યક છે.

કાવ્ય, લઘુકથાં તથા અન્ય પ્રકીર્ણ ટૂંકાં લખાણો જે અસ્વીકૃત ઠરે તે પાછાં મેળવવાનો આગ્રહ રાખવાને બદલે તેની નકલ રાખીને જ મોકલવાથી બંને પક્ષે રાહત રહેશે. આવી કૃતિના સ્વીકારની જાણ અમે કરીશું.

લવાજમ, રવાનગી વગેરે વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર 'વ્યવસ્થા વિભાગ' સાથે કરવો.

અને વિનતિ કે પોતાની કૃતિ પૂરતું પોસ્ટેજ લગાડીને મોકલવી, જેથી અમારે તેનો દંડ ભરવો ન પડે.

માર્ચ ૧૯૮૨
સળંગ અંક ૬૯૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૩૦-૦૦; પરદેશ: રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

ગગનઘરે / રાજેન્દ્ર શાહ

- ગાન -

ગગનઘરે અવ ચાલ ચાલ તું
ભ્રમણુ અહીં બહુ કીધું.
જનવન પંથે મુખરિત રે કંઈ
ઝરણુતણું જલ પીધું.

જલથલ પર ચોમેર ચગ્યો કોલાહલ,
છલ છલ ઊછળત છોળ, ભીંજાયલ અંચલ.
પાંખલીનું પંછી નવ ઊડે,
મેલ સકલ જે લીધું.

સમયપરી સ્મર નિભૃત નિકુંજલીલા,
રાહ નિરંતર જોઈ રહી જ્યાં નીલા.
(ત્યહીં) ધરી કુહરમાં પ્રાણુ ઊલટથી
ચઢાણુ કરીએ સીધું.

ઝરમરવા દે / હર્ષદ ચંદારાણા

- ગાન -

ઝરમરવા દે લાલ ઢોળાતી સાંજમાં
લાલ ઢોળાતી સાંજમાં ઝરમરવા દે

પાણીનું નામ પડે ત્યાં તો બધે ય તારો નાતો છે
આ ઝાકળ ને વાદળ ને સાગર તો તારી બધી ભાતો છે

એક ખોબો તો તરસ્યાને મંથરવા દે
પછી ઢોળાતી સાંજમાં ઝરમરવા દે.

કેડી પર, રસ્તા પર, એકાદા પથ્થર કે પ્હાડ પર
આથડતા વાયરાને, જંગલના કોઈ પણ ઝાડ પર

એનું સરનામું ક્યાંક તું કોતરવા દે,
અને ઢોળાતી સાંજમાં ઝરમરવા દે.

તોય રે / દેવેન્દ્ર દવે

- પરંપરિત ઝૂલણા -

કેમ રે જગતને ચાહવું ? !
જીરવવું કેમ રે ઝેરને અંતરે ? !

દ્વેષની વ્યાપતી આગ જ્યાં ચોતરફ
સ્વાર્થ ને લૂંટના સર્પ લબકારતાં જીભને,
ને કલાકાર સૌ તાજિયા ખેલતાં,
જ્યાં દિસે શાસકો અંધ થૈ મ્હાલતા
ક્યાંય રે કળ નથી અંતરે બળ નથી
સર્વની દષ્ટિમાં કારમું છળ નથી ? !

તોય રે જગતને ચાહવું મનભરી
(રે કવિ ! એ જ તાહરી કસોટી ખરી)
ચાહવું : શિશુ તણા નેત્રને નીરખીને,
ફૂલમાં મલપતા હેતને પારખી,
અચળ શ્રદ્ધા તણા દીપમાં ઝગમગી,
શ્રમણનાં ગીતમાં, છલકતી પ્રીતમાં
ચરના શૌર્યમાં શબ્દને સાધતાં
કો'ક અવધૂત શું દઢ કરી મને હવે
જીવવું – જગતને ચાહતાં... ચાહતાં...

વિરહ-અગ્નિમાં તાહરા / દેવજી મોઢા

- પૃથ્વી-સૉનેટ -

ન જાણુ, ન પિછાણુ; ને નિયતિએ દીધાં ગોઠવી
અમો ઉભયને અહીં વરવધૂ તણું સ્થાનમાં !
અહો, જીવિત સ્નેહના દ્રવથી રેવી એવાં દીધાં,
ન કે ઊખડીને હવે પડી શકે વિખૂટાં ભવે !

અમારી બિચ હીરની સરકણી હતી તે હવે
બની નિંગઠ ગાંઠ, વીજળી-પ્રવાહ બે ચિત્તમાં
રહ્યો વહી સળંગ, ઐકય પણ આત્મ બે-નું ગયું
સધાઈ અમ, દ્વૈતથી સરી પડયાં જ અદ્વૈતમાં !

ભલે હૃદય ચિત્ત આત્મ તણું સિદ્ધ અદ્વૈત એ
થયું, પણ શરીરનું હજી મટયું ન'તું દ્વૈત, ને
સ્વતંત્ર વરત્યાં જ એ; નિકર આવું તે સંભવે–
–સિધાવ તું જહીં, ત્યહીં તુજ કરું ન હું સાથીપો ?

તું જેમ બળી ચેહમાં નવ હું છુટકારો લહું,
ત્યહીં લગી જલ્યા કરું વિરહ-અગ્નિમાં તાહરા !

સત્-ચિત્-આનંદ

હરજીવન થાનકી

આપણાં શાસ્ત્રોએ પરમાત્માને સચ્ચિદાનંદ સ્વરૂપે વર્ણવ્યા છે. સત્ એટલે સત્ય, સત્તા. જેનું અસ્તિત્વ સ્થૂળ અને સૂક્ષ્મરૂપે અનુભવી શકાય છે, તે સત્ય. મારા કે તમારા શરીરમાં આત્મારૂપે તે વ્યક્ત થઈ રહ્યું છે. એ સત્યને આપણે ભગવાન પણ કહીએ છીએ એટલે ભગવાનનું અસ્તિત્વ છે એમ કહી શકાય, કેમ કે આત્મા એટલે જ અસ્તિત્વ. સત્ એટલે આત્મા, ચિત્ત એટલે જ્ઞાન. તે પણ અનંત છે. આ જ્ઞાન મેળવવાનો માર્ગ છે નમ્રતા. તમે જેટલા વધુ નમ્ર તેટલું વધુ જ્ઞાન મેળવી શકો. આ જ્ઞાનનો દુશ્મન અહમ્-અભિમાન. અભિમાની માણસ કદી જ્ઞાની હોઈ શકે નહિ કે બની શકે નહિ. આ જ્ઞાન આનંદ લેવા માટે અને આપવા માટે મેળવવાનું છે. જેની પાસે આનંદ છે તે આપી શકે. આનંદ કોની પાસે છે? ભગવાન પાસે. ભગવાન એટલે શું? 'ભગ' ધાતુ પરથી ઊતરી આવેલો તે શબ્દ ભગવાન. 'ભગ' એટલે કલ્યાણ. જે આપણું ભલું કરે, કલ્યાણ કરે તે ભગવાન. જે માણસ નિરંતર આનંદમાં રહી શકતો હોય તે કલ્યાણકારી બની શકે. આનંદ આપવો અને લેવો, આનંદ લેવો અને આપવો એ જ જીવનનું, ઇશ્વરનું, આ સૃષ્ટિના સંચાલન પાછળનું પ્રયોજન-અવલંબન છે. યાદ કરીએ: 'એકોઽહમ્ બહુસ્યામ્'. ભગવાનને એકલાં-એકલાં ન ગમ્યું તેથી તો તેઓ એકમાંથી અનેક થયા. 'એકાકિ ન રમતે' એકલાંએકલાં રમી શકાતું નથી, આનંદ લઈ શકાતો નથી.

સાત્ત્વિક જ્ઞાન કે બુદ્ધિમાંથી આનંદની અખૂટ પ્રેરણા મળી શકે. આનંદ, આ સૃષ્ટિમાં છે જ. તેમાંથી આપણે કેટલો લઈ શકીએ છીએ એ જ પ્રશ્ન છે. જેટલી જેની ક્ષમતા કે મર્યાદા. આ આનંદનું ઝરણું ઉપરથી નીચે વહી રહ્યું છે. ભગવાન સૂર્યનારાયણ આનંદ સ્વરૂપે જ આપણી ઉપર વરસી રહ્યા છે. ચોમાસામાં એ જ ભગવાન વર્ષા રૂપે સાંબેલાધારે આપણી ઉપર વરસે છે. આ આનંદનો પ્રવાહ અનંત છે. ઉષા-સંધ્યાના રંગો દ્વારા રેલાતો આનંદ પુષ્પો, પતંગિયા, પક્ષીઓની પાંખો અને માનવીની આંખો પોતપોતાના પ્રમાણમાં તે ઝીલે છે. કેટકેટલા રંગો, રસો, સ્વાદો, આકારો અને પ્રકારો આ આનંદ દ્વારા વ્યક્ત થઈ રહ્યા છે! દ્રાક્ષ ખાટી, આમલી ખાટી, કેરી ખાટી, આંબળાં ખાટાં. અરે ખટાશના જ કેટલા બધા પ્રકાર છે! એટલા જ પ્રકાર મીઠાશના તેમ જ કડવાશના પણ. જે ભગવાન મધની મીઠાશમાં છે તે જ ભગવાન કડુ-કરિયાતુ કે ટીકામારીની કડવાશમાં પણ છે.

તો સાત્ત્વિક ચિત્ત, નિર્મળ ચિત્ત, નમ્ર ચિત્ત આનંદ લઈ શકે. અર્થાત્ પ્રભુનું કાર્ય કરી શકે. પ્રભુનું એ કાર્ય તે આનંદ આપવા લેવાનું. જન્મવામાં આનંદ, જીવવામાં યે આનંદ અને એ જ આનંદ મૃત્યુ પામવામાં પણ છે, જો લેતાં આવડે તો! ઉત્પત્તિ, સ્થિતિ અને લય. એ થઈ આનંદની ત્રણ ભૂમિકા. ઉત્પન્ન થવાનો આનંદ એટલે સર્જનનો આનંદ, કળાનો આનંદ. એક માતા બાળકને જન્મ આપતાં કેટલો બધો આનંદ પામે છે! શિલ્પીને પથ્થરના ટુકડામાંથી મૂર્તિ બનાવવામાં કેટલો બધો આનંદ થતો હશે! કેમ કે સર્જનનો આનંદ છે. એક વાર ઉત્પન્ન થયા પછી મૃત્યુ ન પામીએ ત્યાં સુધી તો આનંદ છે જ, પણ મૃત્યુનો યે આનંદ છે. આમ, ઉત્પત્તિ, સ્થિતિ અને લય સાથે આવ્યા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. બ્રહ્મનો એક અર્થ છે જ્ઞાન. બ્રહ્માના પુત્રો, બ્રાહ્મણો તે જ્ઞાનના સ્વામી, અર્થાત્ માલિક કે નિષ્ણાત – શબ્દ કોઈ પણ વાપરીએ. બ્રહ્મા એટલે ઉત્પત્તિ, સર્જન, જ્ઞાનનો વિકાસ. ભગવાન વિષ્ણુ આ જગતની સ્થિતિ લક્ષ્મીને સહારે ટકાવી રાખે છે. માટે તેમને વચમાં મૂક્યા. અને છેડે મૂક્યા મહેશ, એટલે કે મહા ઈશ, શિવ-શંકર. તેને કલ્પ્યા નિરાકાર, નગ્નરૂપે, સ્મશાનમાં રહેતા. શિવ શબ્દનો પણ અર્થ સમજવા જેવો છે. શ એટલે નિત્ય સુખ આનંદ. ઈ એટલે પુરુષ અને વ એટલે અમૃત સ્વરૂપા શક્તિ. આમ ભગવાન શિવ, મનુષ્યના આત્માને નિત્ય સુખ, શક્તિ અને સામર્થ્યનું પ્રદાન કરીને આનંદમાં રાખે છે. તેને નિરાકાર, લિંગ રૂપે કલ્પ્યા. કેમ કે લિંગ એટલે જ જ્યોતિ. 'લયનાત્ લિંગમ્ ઉચ્યતે' એમ કહ્યું છે. લયના તે અધિષ્ઠાતા હોવાથી તેમાં સર્વ કાર્યનો લય થાય છે, પ્રલય થાય છે. ધરતીકંપ, જ્વાળામુખી કે પછી અતિવૃષ્ટિ એ ભગવાન શંકરના તાંડવનૃત્યનું પરિણામ છે એમ આપણે માનીએ છીએ.

આ અર્થમાં સત્, ચિત્ત ને આનંદ દ્વારા પ્રભુને ઓળખીએ, તેનું કાર્ય કરીએ. મળેલો સમય મરી જાય, ત્યાં સુધી તેને માણીએ અને મૃત્યુ આવે ત્યારે આનંદપૂર્વક તેને સ્વીકારીએ કે અપનાવીએ તેમાં ખોટું શું? □

આચાર્ય સંતપ્રસાદ (એસ. આર.) ભટ્ટ

નલિન રાવળ

ઓગણીસમી સદીના આરંભે-ભારતીય પુનરુત્થાનના ઉગમ ટાણે દેશમાં અન્યત્ર તેમ અહીં ગુજરાતમાં સામાજિક વિચારક્રાંતિ અને સ્વાતંત્ર્યમૂલક વિચારધારા જે સૌ સંસ્કાર-સ્વામીઓ દ્વારા થઈ તે બધાના હાથમાં શિક્ષણનાં સૂત્રો હતાં. સૂરતે આ સમયે આધુનિક જીવનદૃષ્ટિ ધરાવતા જે ખમીરવંતા શિક્ષકો આપ્યા તેમાં નર્મદ, નવલરામ અને દુર્ગાશંકર અગ્રેસર છે. આ ત્રણેનો મિજાજ અને વિદ્યાવ્યાસંગ, વાક્-




કૅરિકૅચર: M. ચકોર

શક્તિ અને નિર્ભીત રાજકીય વિચારસરણી સંતપ્રસાદ ભટ્ટ પણ જાણે કે વારસામાં લઈને આવ્યા. ગુજરાતના વિદ્યાજગત – સંસ્કારજગતના ક્ષેત્રે બહુવિધ જીવનરસ ને આંતર-ચેતનાથી છલકતા વ્યક્તિત્વની અમીટ છાપ આંકનાર આ આજન્મ શિક્ષકને સૌ એસ. આર. ભટ્ટના નામે આદરથી ઓળખે છે.

એમનો જન્મ સૂરતમાં ૨૪ ફેબ્રુઆરી ૧૯૧૬માં થયેલો. પિતા રણછોડલાલ અને માતા વિજયાગૌરી બંને શિક્ષણના વ્યવસાયમાં. એટલે શિક્ષણના સંસ્કાર તો એમના લોહીમાં જ હતા. પિતાની છત્રછાયા તેમણે દોઢ વર્ષે ગુમાવી, પણ માતાએ પોતાના આ એકમાત્ર સંતાનનું ઘડતર વહાલ અને ચીવટપૂર્વક કર્યું. માતા પ્રાચીન ભજનો મીઠા ઢાળમાં ગાતાં અને બોલે ત્યારે યે શબ્દેશબ્દનો તોલ કરી ભારપૂર્વક બોલતાં.

કેટલીક વ્યક્તિઓનો અવાજ જ જાણે તેમનું ખરું વ્યક્તિત્વ હોય છે. સંતપ્રસાદનો ઊંચો, આરોહ-અવરોહનો સમથલત્વ જાળવતો અને શબ્દેશબ્દના વિશિષ્ટ નાદને ધ્વનિત કરતો અવાજ એટલે જાણે એમનું અર્ધું વ્યક્તિત્વ. તેમનો ચહેરો પણ આજન્મ વક્તાનો, સહેજ ઊપસતી ચિબુક, પહોળાં જડબાં, સુડોળ નાક, અકળ સ્મિતે મરકતા પાતળા હોઠ, મોટી કાળી ભાવવાહી આંખો, સુરેખ ભમ્મર અને સપ્રમાણ કપાળ. અનેક વિષયો પર, અનેક સ્થળે આજ લગીમાં અસંખ્ય વ્યાખ્યાનો-વાર્તાલાપો આપનાર ભટ્ટસાહેબે વ્યાખ્યાન કળાને કયા ઈલમથી સિદ્ધ કરી હશે તે તો ખબર નથી, પણ છેક કિશોરવયથી અંતરની ઊલટથી અભ્યાસ-જીવનના આરંભથી જ વક્તવ્યમાં એમને રસ પડતો. તેમના પ્રથમ જાહેર ઉદ્‌બોધનનો પ્રસંગ રસપ્રદ છે: તેમનું વય ત્યારે પંદરેક વર્ષનું હતું. એ જે લત્તામાં રહેતા ત્યાં તારકસબ-જરી-કામની શાળો ચાલે. આ કારીગરોના કસબમાં જેટલો રસ કિશોરને તેટલો તેની સાથેની વાતચીતમાં કસબીઓને રસ. એક વાર લત્તાના રહીશોએ કવિ ઈકબાલની જન્મજયંતીનું આયોજન કર્યું. પ્રમુખ તરીકે નવાબ અને અન્ય વક્તાઓને નિમંત્ર્યા. પેલા કસબી કારીગરોએ પોતાના વિદ્યાર્થીમિત્રને વિનવેલા કે શેરીના રહીશો તરફથી તેમણે બોલવું, અને લગીર વટ પડે એટલે અંગ્રેજીમાં બોલવું. પંદર વર્ષના કિશોરે પ્રેમથી વાત વધાવી લીધી અને પોતાનામાં મુકાયેલી શ્રદ્ધાને ઉજાળે તેવું ઉદ્‌બોધન અંગ્રેજીમાં આપ્યું. તેમાં ભાવ અને ભાષાનું સંમોહન એટલું કારગત નીવડ્યું કે નવાબ સમેત સહુ મંત્રમુગ્ધ બની રહ્યા.

સૂરતની મ્યુનિસિપલ શાળામાંથી પ્રાથમિક શિક્ષણ મેળવી સંતપ્રસાદ માધ્યમિક શિક્ષણ અર્થે ત્યાંની સાર્વજનિક હાઈસ્કૂલમાં દાખલ થયા. અભ્યાસમાં પ્રથમ આવતા એટલે શિષ્યવૃત્તિ મળતી જ. જિલ્લા કક્ષાએ પ્રથમ રહી તેમણે મિડલ સ્કૂલ સ્કૉલરશિપ અને હાઈસ્કૂલ સ્કૉલરશિપ પણ મેળવેલી. પ્રિમૅટ્રિક–મૅટ્રિકના બે વર્ષના ગાળામાં તે અંગ્રેજીના શિક્ષક **શ્રી** ચીમનભાઈ ડાહ્યાભાઈ પટેલના સંપર્કમાં પણ આવ્યા. આ વિદ્યાર્થીનો વાચનશોખ પરખી તેમણે તેમની આગળ ગ્રંથોથી ભર્યો આખો ખંડ જ ખુલ્લો મૂકી દીધો. આ સમય દરમિયાન કલાકોના કલાકો લગી સંતપ્રસાદે ગ્રંથોને ઉથામી નાખ્યા. સમજુ શિક્ષકે કદી પૂછ્યું નહિ કે તે શું વાંચે છે અને સમજુ વિદ્યાર્થીએ પણ કદી પૂછ્યું નહિ કે શું વાંચવું. તેમણે નિર્ણય કરી જ લીધો હતો કે પુસ્તકો સાથેનો પરિચય એકલે પંડે જ સાધી લેવાનો છે. આમ, સ્નાતક કક્ષાએ અંગ્રેજી મુખ્ય વિષય લેનાર વિદ્યાર્થી જે પુસ્તકોથી પરિચિત હોય તે બધાં જ પુસ્તકોનો પરિચય તેમણે શાળાજીવન દરમિયાન મેળવી લીધો હતો. શ્રી ચીમનભાઈ મહર્ષિ અરવિંદની ફિલસૂફીના અભ્યાસી. તેમની પાસે 'ફ્યુચર પોએટ્રી'નો ગ્રંથ હતો. આ ગ્રંથમાંનું શૈલી



ઉપરનું લખાણ સંતપ્રસાદને એટલું બધું સ્પર્શ્યું કે પોંડિચેરી જઈ શ્રી અરવિંદનાં દર્શન કરવાની તેમને રઢ જાગી. સ્કૉલરશિપની રકમ જે કંઈ બચેલી તે લઈ ઊપડ્યા મુંબઈ અને હાડમારી વેઠતા પહોંચ્યા પોંડિચેરી. અહીં સદ્‌ભાગ્યે તેમનો મેળાપ કૅમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર ચાઇલ્ડ સાથે થયો. દિવસો લગી રળિયામણા દરિયા કાંઠે સાંજને સમે એ પ્રૌઢ અંગ્રેજ પ્રોફેસર અને આ જિજ્ઞાસુ કિશોર વચ્ચે જ્ઞાન-ગોષ્ઠિ ચાલતી. પાશ્ચાત્ય જીવન અને સાહિત્યના કેટલાક અમૂલ્ય પાઠ ઉપરાંત અંગ્રેજી પીંગળ અંગેનું માર્ગદર્શન આમ સહજ રીતે વિદ્વાન પ્રાધ્યાપક દ્વારા પ્રાપ્ત થયું. આ નિવાસ દરમિયાન ચિંતન નામની વસ્તુ જીવનમાં ઉમેરાઈ તેમ જ અનાયાસ દાર્શનિક દૃષ્ટિકોણનો પાયો રોપાયો.

ઈ. ૧૯૩૨માં સૂરતની એમ. ટી. બી. કૉલેજના એફ. વાય.ના વર્ગમાં પ્રવેશ મેળવી સંતપ્રસાદે પોતાના અંગ્રેજી નિબંધોના લેખન દ્વારા પ્રો. વિષ્ણુપ્રસાદનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. મહિનામાં બે વાર સાહિત્યિક નિબંધો વિદ્યાર્થીઓને વર્ગ દરમિયાન લખવાના રહેતા અને પ્રત્યેક નિબંધના લખાણમાં સંતપ્રસાદની અભ્યાસી વિદ્યાર્થી તરીકેની છાપ એવી ઊપસતી આવી કે ઉત્તરોત્તર નોંધો સાથે છેલ્લા નિબંધમાં આ નોંધ આવી – 'બી. એ.માં અંગ્રેજી લેજો.' બી. એ.માં અંગ્રેજી લીધું, પણ પહેલા જ દિવસે સંજોગવશાત્ તેમનાથી વર્ગમાં હાજર ન રહેવાયું અને પ્રો. વિષ્ણુપ્રસાદે વર્ગ લેવાનું મુલતવી રાખ્યું. તેમના કૉલેજકાળ દરમિયાન અંગ્રેજી સાહિત્ય બલ્કે 'સમગ્ર સાહિત્ય' પ્રત્યે તેમની સર્વાંગી અભિરુચી કેળવવામાં પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને પ્રો. કાળીદાસ દેસાઈએ ઊંડો રસ દાખવેલો. અનેક વાર આ બંને વિદ્યાગુરુઓનું સ્મરણ ભટ્ટસાહેબ કૃતજ્ઞભાવે કરે છે. ૧૯૩૬માં અંગ્રેજી સાથે બી. એ. થઈને ૧૯૩૭માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અહીં અંગ્લો-સેક્શન લેનાર તેઓ એકમાત્ર ગુજરાતી વિદ્યાર્થી હતા. પ્રિન્સિ-

પાલ હેમિલે ઍંગ્લો-સેક્શન પરિચ્છેદ અર્વાચીન અંગ્રેજીમાં તૈયાર કરી લાવવાનું કાર્ય વિદ્યાર્થીઓને સોંપેલું. એકાદ બે લભ્ય સંદર્ભ ગ્રંથો વાંચી આ કામ વિદ્યાર્થીઓ કરી લાવ્યા અને હેમિલે સંતોષ વ્યક્ત કર્યો. પણ સંતપ્રસાદે ધ્યાન દોર્યું કે આ શબ્દ–આ પંક્તિનો ઉચિત અર્થ આ રીતે વ્યક્ત થાય. અધ્યાપક ચકાસણી કરવા વિદ્યાર્થીઓ સમેત પુસ્તકાલયમાં ગયા, તદ્‌વિષયક નવા આવેલા ગ્રંથો જોયા અને ખાતરી કરી કે વિદ્યાર્થી સાચો હતો. આ સમય દરમિયાન કાયદાનો અભ્યાસ પણ તેમણે કરેલો. એમ. એ. થયા પછી થોડો સમય જેતલપુર હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે કામ કરી ૧૯૪૦માં રાજકોટ ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં જોડાયા. અહીં ત્રણ વર્ષ કામ કરી ૧૯૪૩માં તેઓ અમદાવાદની એલ. ડી. આર્ટ્‌સ કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે આવ્યા, અને આવ્યા તેવા જ જોતજોતામાં વિદ્યાર્થીઆલમ પર છવાઈ ગયા.

ઈ. ૧૯૪૩ થી ૧૯૫૩, આ દસ વર્ષનો સમય ભટ્ટસાહેબની શૈક્ષણિક કારકિર્દીનો ઉત્તમ સમય છે, એટલું જ નહિ, તેમની સામાજિક અને રાજકીય કારકિર્દીનો પણ ઉત્તમ સમય છે. કલાકોના કલાકો એ વર્ગ લે, રવિવારે ય વર્ગો ગોઠવે અને એમના ઘેર પણ વિદ્યાર્થીઓ હાજર હોય. ભટ્ટસાહેબનાં પત્ની વિમળાબેન સૌની આગતાસ્વાગતા કરે, દરેકને ચા આપે પણ, ભટ્ટસાહેબને એ ચા પીવાની યે ફુરસદ ન હોય. એ શીખવે જાય. એ ક્યારેક કહે છે : 'હું જો શિક્ષક ન હોત તો બીજું શું હોત તે કલ્પી શકતો નથી.' જવલ્લે જ વ્યક્તિ પોતાના સમગ્ર જીવનના હેતુને આટલી સ્પષ્ટતાથી જોઈ શકે છે. એલ ડી. આર્ટ્‌સમાં આ ગાળામાં જે અધ્યાપકો હતા તે પાછળથી રાષ્ટ્રખ્યાત થયા છે. જે વિદ્યાર્થીઓ હતા તેમાંથી પણ કેટલાક આજે રાષ્ટ્રખ્યાત છે. નૃત્ય અને સંગીત, નાટ્ય, અભિનય અને સાહિત્ય આ બધા વિષયોમાં રસ ધરાવતા વર્તુળો સાથે ભટ્ટસાહેબને અંતરંગ સંબંધ. દરેકને તેમના તરફથી દિશાસૂચનો મળતાં રહે. ઘણા તેમને શેક્સપીઅરની નાટ્યકળાના મર્મજ્ઞ તરીકે પિછાને છે, પણ તેમની અન્વેષક બુદ્ધિપ્રતિભા સાહિત્યની પ્રાચીન–અર્વાચીન કોઈ પણ કૃતિને સર્વાંગી દૃષ્ટિથી આલોકી શકે છે. એલ. ડી. આર્ટ્‌સ કૉલેજના સાહિત્ય-મંડળ સંમુખ તેમણે અભિનવ રંગભૂમિ (New Theatre) પર ગુજરાતીમાં વ્યાખ્યાન આપેલું અને પ્રમુખસ્થાનેથી શ્રી રામનારાયણ પાઠકે ગુજરાતી ગદ્યને ખેલવવાની તેમની અદ્વિતીય શક્તિની સાશ્ચર્ય નોંધ લીધેલી. પંડિત સુખલાલજી ભટ્ટસાહેબની વ્યાખ્યાન-પદ્ધતિ અને ગહન વિષયને મૂર્ત કરી આપતી તેમની વિકતશક્તિ પર આફરીન થઈ પ્રસન્નતાપૂર્વક બોલેલા કે મણિશંકર રતનજી ભટ્ટ–'કાન્ત' પછી ઘણાં વર્ષે વક્તવ્યની આવી અદ્‌ભુત છટા એમણે જોઈ હતી.

તેમની વર્ગવ્યાખ્યાન પદ્ધતિની કેટલીક અનુશ્રુતિઓ છે. એકનો ઉલ્લેખ પર્યાપ્ત છે. જ્હૉન મિલ્ટનનું 'પૅરેડાઇઝ લૅાસ્ટ' અભ્યાસક્રમમાં હતું. મનુષ્યનો પ્રભુ પ્રત્યેનો પ્રથમ અનાદર અને તેના ફળ રૂપ તેની અવનતિ. કાવ્યનો આ બીજનિક્ષેપ આ પંક્તિઓમાં :

> **Of mans first disobedience, and the fruit**
> **of that forbidden tree.**

ભટ્ટસાહેબે આ પંક્તિઓને સાહિત્ય, સમાજ, પુરાણકથા, રાજકારણ, ફિલસૂફી આદિના સંદર્ભોમાં વિશ્લેષતા જઈ આખીય કૃતિના મર્મને ધ્વનિત કરી આપ્યો. પણ કેટલાક પરીક્ષાર્થીઓ આચાર્ય પાસે પહોંચ્યા અને કહ્યું કે વર્ષ પૂરું થવા આવ્યું પણ સાહેબ બે પંક્તિથી આગળ વધ્યા જ નથી. વાત ભટ્ટસાહેબ પાસે આવી. તેમણે રવિવાર મુકરર કર્યો. દસ વાગ્યે વર્ગ શરૂ કર્યો. 'પૅરેડાઇઝ લૅાસ્ટ'ની મહત્ત્વની પંક્તિઓ અને પૂર્વાપર સંબંધો પર પૂરા આઠ કલાક નોંધ આપી સાંજે ૭ વાગ્યે વર્ગ પૂરો કર્યો. આ પછી વર્ષાંતે બૃહદ વ્યાખ્યાન આપવાની તેમણે પ્રથા પાડી. આ છેલ્લું વ્યાખ્યાન એટલે મોટો ઉત્સવ. જુદીજુદી કૉલેજોના વિદ્યાર્થીઓ રસતરબોળ બની ભટ્ટસાહેબની વાણીને કલાકો લગી સાંભળે. કેવા એ દિવસો !...એમના હાથ નીચે તૈયાર થયેલા ત્રણસોથી પણ વધુ અધ્યાપકો અંગ્રેજીનું શિક્ષણ આપી રહ્યા છે, જેમાંના નિરંજન ભગત, રશ્મિકાન્ત મહેતા આદિ સ્વયં અંગ્રેજી સાહિત્યના જ નહિ, બલકે વિશ્વસાહિત્યના ઉત્તમ શિક્ષકો છે. એમની પાસે અભ્યાસ કરનાર એક અન્ય ખ્યાત પ્રાધ્યાપિકા વિદૂષી એસ્થરબેન સોલોમનનું પણ અહીં સહેજે સ્મરણ થાય છે.

આઝાદ ભારતનાં આરંભનાં વર્ષો અપૂર્વ ચૈતન્ય અને સક્રિય સમાજ-સેવાનાં વર્ષો હતાં. નગરનું સાંસ્કૃતિક હવામાન તૈયાર કરનાર પરિબળોની પૂંઠે જયંતિ દલાલ, બી. કે. મજમુદાર, ઉત્સવ પરીખ અને ભટ્ટસાહેબ આદિના આત્માનું ઓજસ હતું. પ્રજાસમાજવાદી વિચારસરણી ધરાવતા આ સૌએ શુદ્ધ રાજકીય વિચાર-મૂલ્યોની રક્ષા અર્થે પ્રથમ રાષ્ટ્રવ્યાપી ચૂંટણીમાં સામે પલ્લે રહી વિચારયુદ્ધ ખેલેલું. ભટ્ટસાહેબનાં વ્યાખ્યાનો ઠેરઠેર, ચોરે-ચૌટે, ચકલે-ચોકે અને શેરીઓમાં મહિનાઓ લગી યોજાએલાં. આખું નગર એમની પાછળ હિલોળા લેતું. લોકવ્યાખ્યાન કરતી વેળાએ લોકબોલીની અસંખ્ય જોમવંતી લઢણો ત્યારે તેમણે નીપજાવેલી જેનું અનુકરણ કરવાનો પ્રયત્ન અનેકોએ કર્યો. ધારાસભામાં ચૂંટાઈ આવ્યા પછી સભાગૃહમાં આપેલાં તેજસ્વી વક્તવ્યોની નોંધ મુખ્ય પ્રધાનથી લઈ દરેક સભાસદને લેવી પડતી. રાજકારણમાં લીધેલા ભાગ બદલ તેમને એલ. ડી. કૉલેજ છોડવી પડેલી. ૧૯૫૩ થી ૧૯૫૬ લગી લૉ કૉલેજના આર્ટ્‌સ સેક્શનનું તેમણે સંચાલન કર્યું અને પછી ૧૯૫૬માં બી. ડી. કૉલેજની તેમણે સ્થાપના કરી. સ્ત્રી-શિક્ષણની દિશામાં આ એક મોટું પગલું હતું. આ જ અરસામાં, એટલે કે દ્વિભાષી રાજઆંદોલનના ગાળામાં તેમણે જોયું કે રાજકારણ લેભાગુ ચલતાપૂરજા લોકોના હાથમાં સરતું જાય છે અને તે સક્રિય રાજકારણમાંથી પાછા ફરી ગયા. પણ તેમના નસીબે કેળવણીના ક્ષેત્રે પણ તેમને લડત આપવાની રહી. અંગ્રેજી પાંચમા ધોરણથી કે આઠમા ધોરણથી પ્રશ્ને ઉગ્ર વાદ ચાલેલો જેને અનુષંગે તેમણે અન્ય મિત્રો સાથે મોટું આંદોલન જગાવેલું. 'માધ્યમ ગુજરાતી પણ ઉત્તમ અંગ્રેજી'-ના તેઓ એક અગ્રિમ પુરસ્કર્તા. યુનિવર્સિટી સૅનેટના સભ્ય તરીકે પણ પૂરાં ૨૮ વર્ષ (૧૯૫૦ થી '૭૮) તેઓ સક્રિય રહેલા અને શિક્ષણ-જગતના જટિલ પ્રશ્નોને ઉકેલવામાં તેમનું યોગદાન કામિયાબ લેખાયું.

નગરની અનેક સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે ભટ્ટસાહેબને આત્મીય સંબંધ. 'કુમાર'ની 'બુધ કવિસભા'માં સૌપ્રથમ મેં એમને જોયાનું મને સ્મરણ છે. એ આવ્યા ત્યારે રાત્રિના આઠ વાગેલા અને વરસાદ ઝાપટે પડતો હતો. ઍગેમેમ્નોન પર તેમણે બોલવાનું પૂરું કર્યું ત્યારે રાત્રિના બાર વાગેલા અને વરસાદ ગાયબ. જયંતિ દલાલને ત્યાંના તેમના સાહિત્યિક વાર્તાલાપો તેમ જ અન્ય સંસ્થાઓના આશ્રયે આપેલાં સાહિત્યિક સંભાષણો સાંભળી અનેકે પોતાની સાહિત્યિક રુચિ કેળવી છે. તેમના કેટલાક લેખો 'સંસ્કૃતિ'માં પ્રગટ થયા છે–જે પુસ્તકાકારે આવે તો કેવું સારું ! 'મચ એ ડુ ઍબાઉટ નથિંગ' અને 'લવ્ઝ લૅબર લૅાસ્ટ' નાટકોનું સટીક સંપાદન તેમણે કર્યું છે જેની પ્રસ્તાવનાઓ ધ્યાનપાત્ર બની છે. આ ઉપરાંત, પદ્યસંકલન 'ગ્રેસ ઍબાઉન્ડિંગ' અને ગદ્યસંકલન 'થ્રુ અધર આઈઝ'માંની માર્મિક અંગ્રેજી નોંધો પણ ઉલ્લેખનીય છે. શેક્સપીઅરની ચતુઃ જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં રચાયેલો તેમનો ગ્રંથ 'શેક્સપીઅર' તેમણે દાખવેલા અદ્વિતીય ભાષા સામર્થ્યને કારણે ગુજરાતી ભાષાના કેટલાક ચિરંજીવી ગ્રંથોમાં સહજ સ્થાન પામ્યો છે. તેમની વાક્‌શૈલીની અવનવીન અદ્‌ભુત છટાઓનો પરિપાક એમાં જોવા મળે છે. (અનુસંધાન પૃ. ૭૫)

કૉમ્પુ

માનવ-સર્જિત મગજના અદ્‌ભુત વિકાસની કથા

મૂળ લેખક : સત્યજિત રાય - અનુવાદક : સુકન્યા ઝવેરી

ઓસાકા–૧૨ માર્ચ.

આજે દુનિયાભરના ત્રણસોથી વધુ વિજ્ઞાનીઓ અને સોએક પત્રકારો સમક્ષ 'કૉમ્પુ'નું ડેમોન્સ્ટ્રેશન યોજાયું હતું. ઓસાકાના નામુરા ટેક્નૉલોજિકલ ઇન્સ્ટિટ્યૂટના ભવ્ય સભાગારના મંચ ઉપર પેલુસિડાઇટની બનાવેલી ત્રણેક ફૂટ ઊંચી સ્વચ્છ સ્ફટિકશી બેસણી ગોઠવી હતી. સામે મખમલમઢી કુશાદા બેઠકો પર દર્શકો પોતપોતાના સ્થાને બેસી ગયા હતા. કુતૂહલભરી આતુરતા એ સૌના ચહેરા પર તરવરતી હતી. સમય થતાં બે જાપાની કર્મચારીઓ બહુ જતનપૂર્વક 'કૉમ્પુ'ને લઈને મંચ પર આવ્યા ત્યારે પ્લૅટિનમથી આચ્છાદિત એ ઝળહળતા ગોળાને જોઈ સમગ્ર સભાગૃહમાં વિસ્મયમિશ્રિત તારીફનો ગણગણાટ ગુંજી ઊઠ્યો. પચાસ કરોડ પ્રશ્નોના ઉત્તરો આપી શકે એવા આ કૉમ્પ્યુટર યંત્રનો બેતાલીસ કિલોગ્રામ વજનનો ઝળહળતો ગોળો જોઈ સૌ આશ્ચર્યચકિત બની ગયા. અતિ અદ્‌ભુત કાર્યક્ષમતા ધરાવતા યંત્રનું આટલું નાનું કદ અને આવો આકાર જોઈ આશ્ચર્ય પ્રકટે જ, પરંતુ ટ્રાન્ઝિસ્ટર અને માઇક્રો-મિનિયેચરાઇઝેશન, એટલે કે અતિસૂક્ષ્મીકરણના આ યુગમાં અત્યંત જટિલ એવા યંત્રનું કદ બહુ મોટું હોવું જરૂરી નથી. પાંચ જ દાયકા પહેલાં કઢંગા નાના પટારા જેવડા રેડિયોના યુગમાં યે કોઈને ક્યાં કલ્પના હતી કે ભવિષ્યમાં આ જ રેડિયો કાંડા-ઘડિયાળ જેટલા ટચૂકડા કદમાં સમાવી શકાશે!

કૉમ્પુ એ એક માનવસર્જિત આશ્ચર્ય હોવા વિષે તો કોઈ જ શંકા નથી. સાથોસાથ એ પણ ખરું જ કે આજ સુધી આવાં જટિલ યંત્ર બનાવવાની બાબતમાં ઘણી સિદ્ધિ પ્રાપ્ત કર્યા છતાં યે હજી મનુષ્ય પ્રકૃતિ સમોવડો બની શક્યો નથી. અમે બનાવેલા આ ઇલેક્ટ્રૉનિક મગજની અંદર દસ કરોડ જેટલી સર્કિટ ગોઠવી છે, છતાં મનુષ્યના મગજનું કદ આ કૉમ્પુ કરતાં પાંચમા ભાગ જેટલું છે. મગજ જેની મદદથી અવિરત કાર્યરત રહી અસંખ્ય કામ કરે છે તે ન્યુરોનની સંખ્યા છે દસ હજાર કરોડ. આટલા પરથી જ સમજી શકાય છે કે મગજની કુદરતી કારીગરી કેટલી અટપટી હશે!

અને હા, અમારું આ કૉમ્પ્યુટર માત્ર ગણિત ગણવાનું કામ નથી કરતું. જે બધા સવાલોના જવાબ મેળવવા માણસે વિશ્વકોષ, એટલે કે એન્સાઈક્લોપીડિયાનો આશરો લેવો પડે એ બધા સવાલોના ઉત્તરો એ આપે છે. વળી, કૉમ્પ્યુટરોની જેમ તે લખીને નહિ પણ બોલીને ઉત્તરો આપે છે એ એની વિશેષતા છે. માણસના અને સિસોટીના અવાજની વચ્ચેના એક તીણા સ્પષ્ટ સ્વરમાં તે બધા પ્રશ્નોના ઉત્તરો આપે છે. અલબત્ત, તેને કામ કરતું કરવા માટે પ્રશ્ન પૂછતાં પહેલાં 'વન થ્રી, વન થ્રી, વન થ્રી, સેવન' એવી સંખ્યા તેની સામે બોલવી પડે છે. આમ બોલવાથી આપોઆપ તેનું કાર્ય ચાલુ થાય છે અને તે પછી પુછાએલા પ્રશ્નોના તે સાચા ઉત્તરો આપે છે. એના કંદુકાકાર બદનના એક ભાગમાં એક ચોરસ ઈંચમાં બસો જેટલાં અતિ સૂક્ષ્મ છિદ્રો રાખ્યાં છે, જેમાંથી પુછાએલા પ્રશ્નનો અવાજ અંદર પ્રવેશે છે અને તેનો ઉત્તર બહાર આવે છે. અલબત્ત, એને પૂછવાના પ્રશ્નો એવા હોવા જરૂરી છે કે જેના ઉત્તરો બહુ ટૂંકા હોય. જેમ કે આજના ડેમોન્સ્ટ્રેશનમાં આ વાત સૌ આમંત્રિતોને કરી હોવા છતાં ફિલિપાઈનના એક પત્રકારે કૉમ્પુને અનુરોધ કરેલો કે 'પ્રાચીન ચીનની સભ્યતા વિષે કંઈ કહો.' સ્વાભાવિક રીતે જ કૉમ્પુએ કંઈ ઉત્તર ન આપ્યો. પણ એ જ પત્રકારે જ્યારે એને તાંગ મિંગ હાન સુંગ વગેરે સભ્યતાની ખાસ વિશેષતા સંબંધે જુદાજુદા સવાલો પૂછ્યા ત્યારે કૉમ્પુએ તુરત જ તેના યોગ્ય ઉત્તર આપી સૌને દંગ કરી દીધા હતા.

વળી, આ કૉમ્પ્યુટર માત્ર તથ્ય-પરિવેશનની જ નહિ, વિવેચનાની ક્ષમતા પણ ધરાવે છે. નાઇજીરિયાના પ્રાણીશાસ્ત્રી ડૉ. સૉલોમને કૉમ્પુને પૂછ્યું, 'બબૂનનું બચ્ચું કોની સામે વધુ સલામત? ભૂખ્યા હરણ સામે કે ભૂખ્યા ચિમ્પાન્ઝી સામે?' તુરત જ કૉમ્પુએ જવાબ આપ્યો, 'ભૂખ્યા હરણ સામે.' 'કેમ?' ડૉ. સૉલોમને પૂછ્યું. રણકતો જવાબ આવ્યો, 'ચિમ્પાન્ઝી માંસાહારી.' આ તથ્ય હજી હમણાં જ પ્રકટ થયું છે. એકાદ દાયકા પહેલાં લોકો માનતા હતા કે વાનર શ્રેણીનાં બધાં જાનવર નિરામિષાહારી હોય છે.

અને આ ઉપરાંત. કૉમ્પુ બ્રિજ અને શતરંજ પણ રમી શકે છે, રાગરાગિણી ઓળખી શકે છે, કોઈ વિખ્યાત પેઇન્ટિંગનું બરાબર વર્ણન સાંભળીને તેના ચિત્રકારનું નામ પણ કહી દે છે, એટલું જ નહિ, કોઈ ખાસ બીમારીમાં પથ્યાપથ્યના સૂચન સાથે તેની દવા પણ બતાવે છે. અને દર્દીની સ્થિતિનું ચોક્કસ વર્ણન આપવામાં આવે તો રોગ કેટલા ટકા સાધ્ય-અસાધ્ય છે તે પણ કહી શકે છે.

ચિંતન, અનુભવ અને ભવિષ્યવાણી એ જ એવી બાબતો છે જે કૉમ્પુની શક્તિ બહારની છે. સીડની વિશ્વવિદ્યાલયના પ્રોફેસર મેક્સવેલે જ્યારે તેને પૂછ્યું કે, 'આજથી એક સદી પછી માણસો પુસ્તક વાંચશે કે નહિ?' ત્યારે તેણે કંઈ જવાબ આપ્યો નહોતો. કારણ ભવિષ્યવાણી એ એની ક્ષમતા બહારની બાબત છે. આ અશક્તિ છતાં એક કારણે કૉમ્પુ માણસના મગજને યે ટક્કર મારી શકે તેમ છે. માણસને વય વધવા સાથે ક્યારેક સ્મૃતિભ્રમ થાય છે જે ભય કૉમ્પુને નથી. એનામાં જે જ્ઞાન ભર્યું છે તેનો કદી ક્ષય થાય તેમ નથી. થોડા દિવસ પહેલાં ગિરિડીમાં મેં મારા નોકર પ્રહ્‌લાદને પ્રયાગ કહીને બોલાવ્યો હતો એવી ભૂલ કૉમ્પુ કદી નહિ કરે. માણસનો જ બનાવેલો હોવા છતાં આ બાબતમાં કૉમ્પુ માણસ કરતાં યે વધુ શક્તિશાળી છે.

એનું આ કૉમ્પુ નામ મેં જ રાખેલું. સહુને એ ગમી ગયું. જો કે આ કૉમ્પ્યુટરની પરિકલ્પનાનું શ્રેય જાપાનના વિખ્યાત વિજ્ઞાની માત્સુએને ઘટે છે. માત્સુએ ઇલેક્ટ્રૉનિક્સના ખાં છે. એમણે આપેલી પરિકલ્પનાને જાપાનની સરકારે અનુમોદન આપ્યું અને કૉમ્પુના નિર્માણનો ખર્ચ પણ આપ્યો હતો. નામુરા ઇન્સ્ટિટ્યૂટના જાપાની કર્મચારીઓએ સાત વર્ષ સુધી અથાક પરિશ્રમ કરીને કૉમ્પુને તૈયાર કર્યો છે. ચોથા વર્ષે જ્યારે તેનું પ્રાથમિક કાર્ય પૂરું થયું તે પહેલાં માત્સુએએ પાંચ મહાન દેશના સાત મહા વિદ્વાનોને આ યાંત્રિક મગજમાં જ્ઞાન ભરવામાં સહાય કરવા માટે આમંત્રણ આપેલું. કહેવાની જરૂર નથી કે એ સાતમાં એક હું પણ હતો. બીજા છ જણ હતા: ઈંગ્લૅન્ડના ડૉ. જ્હૉન કેન્સલી, યુક્ત રાષ્ટ્ર એટલે કે યુનાઈટેડ સ્ટેટ્સના મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નૉલોજીના ડૉ. સ્ટીફન મેરીવેલ, સોવિયત રશિયાના પ્રો. સ્ટારોફ, ઑસ્ટ્રેલિયાના પ્રો. સ્ટ્રેટન, પશ્ચિમ આફ્રિકાના ડૉ. ઉગારી અને હંગેરીના પ્રો. ક્રિસ્ટોફ કુટના. આમાંથી ડૉ. મેરીવેલ જાપાન આવવાને રવાના થવાના ત્રણ દિવસ પહેલાં જ હૃદયરોગના હુમલાથી અવસાન પામતાં તેમના બદલે એ જ ઇન્સ્ટિટ્યૂટના પ્રો. માર્ક્સ વિંગફીલ્ડ આવેલા. આમાંના કોઈ કોઇ તો સતત ત્રણ વર્ષ સુધી ઓસાકામાં જાપાન સરકારના માનવંતા મહેમાન બનીને રહેલા, તો કોઈ વળી મારી માફક થોડો થોડો વખત પોતાને દેશ જઈ ત્યાંનું થોડું કામકાજ પણ સંભાળતા રહેલા. આ છેલ્લાં ત્રણ

વિધાતાની સૃષ્ટિમાં પદાર્થ રૂપે જે કાંઈ જોવા મળે છે તેનો દેહ પરમાણુઓના યૌગિક મિલન દ્વારા બનેલો છે. પદાર્થો અનેક છે પણ એમનું સર્જન કરનારા પરમાણુઓ અલ્પ છે. મહત્ત્વની વાત એ છે કે અલ્પસંખ્યક આ પરમાણુઓ પોતે સૃષ્ટિના મૂળભૂત (Fundamental) કણો નથી. પરમાણુઓ પોલા કણ છે. એમની નાભિઓની આજુબાજુ ઇલેક્ટ્રૉનો ફરે છે. આ ઇલેક્ટ્રૉનો તેમ જ ન્યુટ્રિનો નામે ઓળખાતા અન્ય કણો સૃષ્ટિમાં અસ્તિત્વ ધરાવતા લેપ્ટન (Lepton) અને ક્વાર્ક (Quark) જેવા વિશિષ્ટ કણોની પેઠે સૃષ્ટિના મૂળભૂત કણો છે. પરમાણુમાં રહેલો ન્યુટ્રૉન (Neutron) સ્વતંત્ર રૂપે યા એકલેપંડે અસ્થિર પ્રકૃતિવાળો શિથિલ કણ છે, અને તે, અલ્પ સમયમાં વિઘટિત થઈ પ્રોટૉન, બીટા કિરણ અને ન્યુટ્રિનોમાં પરિવર્તન પામે છે.

ન્યુટ્રિનો વિદ્યુતભાર વિનાના કણો છે અને અવકાશમાં પ્રકાશના વેગથી ગતિ કરે છે. આ કારણે એમને દળ (Mass) રહિત કણો માનવામાં આવ્યા છે. ન્યુટ્રિનોની ખાસ વિશેષતા એમના યાત્રાપથમાં આડે આવનારી કોઈ આડશ દ્વારા તેમનો યા તેમની ગતિનો અવરોધ ન થવાની છે. પરમાણુભઠ્ઠીમાંથી વછૂટતાં વિઘાતક કિરણોને સીસાની જાડી ભીંતો દ્વારા અવરોધી શકાય છે, પણ ન્યુટ્રિનોને ક્યાંય એવો કોઈ પ્રતિબંધ નડતો નથી. પ્રશ્ન ઉદ્ભવે છે કે દળવાળા કણો આવી ખાસિયત દાખવી શકે ખરા?

ન્યુટ્રિનો દળ વિનાના નહિ પણ દળવાળા કણો હોવાના સંકેત હમણાં પ્રાપ્ત થવા માંડ્યા છે. આ સંકેતો અર્થપૂર્ણ ઠરે તો ખગોળ-ભૌતિક (Astrophysics) અને બ્રહ્માંડવિજ્ઞાનના અનેક સિદ્ધાંતો પર તેની અસર પડવાનો સંભવ નકારાત્મક નહિ લેખાય.

વિદ્વાનોમાં વધુ પ્રચલિત એક વાદ અનુસાર, આજથી ૧૫ યા ૨૦ અબજ વર્ષ પહેલાં થયેલા મહાવિસ્ફોટ(Big Bang)ને કારણે આપણું બ્રહ્માંડ અસ્તિત્વમાં આવેલું છે. આ સિદ્ધાન્તની એક ગણતરી દર્શાવે છે કે આપણા બ્રહ્માંડમાં એક પ્રોટૉનના હિસાબે લગભગ એક અબજ જેટલા ન્યુટ્રિનો છે.

ન્યુટ્રિનોને દળ હોવાનું માનીએ તો સંખ્યાતીત ન્યુટ્રિનોનો જમાવ બ્રહ્માંડીય દળ દાખવવાનો. આપણા બ્રહ્માંડમાં અનેક તારાવિશ્વો આવેલાં છે. એ પૈકી કેટલાંક એકલ દેખાય છે, પણ મોટા ભાગનાં તારાવિશ્વો યુગ્મ, ગુચ્છ, ગુચ્છના વળી ગુચ્છ અને તેમનાયે વળી જૂથોની રચનાવાળાં છે. આવાં તારાવિશ્વોના સભ્યો એકમેકને આકર્ષતા રહી અવકાશમાં ગતિ કરી રહ્યાં છે. સમસ્ત બ્રહ્માંડની દૃષ્ટિએ અવકાશ-વિહારી તારાવિશ્વોના વેગ એમના તેમ જ બ્રહ્માંડના દળ સાથે તાલ મિલાવતા હોવા જોઇએ. મતલબ કે બ્રહ્માંડનું સમગ્ર દળ તારાવિશ્વો તેમ જ અન્ય અવકાશી પદાર્થો (ક્વેસાર, આંતરવૈશ્વિક દ્રવ્ય વ૦) દ્વારા પ્રસ્ફુટિત થવું જોઇએ. તારાવિશ્વોના તારાઓ વચ્ચે પણ આંતર્તારકીય દ્રવ્ય રહેલું છે. આંતર્તારકીય તેમ જ આંતરવૈશ્વિક દ્રવ્ય-દળને ધ્યાનમાં લેવા છતાંય માલૂમ પડ્યું છે કે એકબીજાથી દૂર સરકતા જતા અવકાશી જ્યોતિઓના વેગના પ્રમાણમાં સમગ્ર બ્રહ્માંડના દળનો જે હિસાબ બેસવો જોઇએ તે બની શક્યો નથી. બ્રહ્માંડનું દળ હોવું જોઇએ તેના દસમા ભાગનું હોવાનું જણાય છે. (અહીં એક વાતની સ્પષ્ટતા કરી દેવી ઠીક રહેશે. બ્રહ્માંડસ્થિત તારા, તારાવિશ્વ, નિહારિકા વગેરેનાં દળનો ખ્યાલ જે તે જ્યોતિની દૃશ્ય પરિમીતિના આધારે મેળવવામાં આવે છે.) મતલબ કે બ્રહ્માંડનું ૯૦% દળ શામાં રહેલું છે તેનો મર્મ સમજી યા શોધી શકાયો નથી.

બ્રહ્માંડનું ઉપર્યુક્ત અણછતું દ્રવ્ય શ્યામગર્તો (Black Holes)ના તેમ જ અન્ય અજાણ્યા દ્રવ્યના સ્વરૂપમાં અવકાશમાં રહેલું હોવું જોઇએ એમ માનવામાં આવે છે. શ્યામગર્ત અદૃષ્ટ પદાર્થ છે. વળી, શ્યામગર્તો અસ્તિત્વમાં હોય તો તે ખરેખર કયા પ્રમાણમાં અવકાશ-

---

વર્ષમાં મેં ભારત અને જાપાન વચ્ચે અગિયાર વાર આવજા કરી હતી.

એક બીજી ઘટના પણ નોંધનીય છે. પરમ દિવસે, એટલે કે ૧૦ માર્ચે સૂર્યગ્રહણ હતું. જ્યાંજ્યાં તેનો પૂર્ણ ગ્રાસ દેખાયો હતો એમાં જાપાનનો પણ સમાવેશ થતો હતો. આ એક ખાસ દિવસ હોઈ ગયા વર્ષે જ નક્કી કરી રાખેલું કે આ ગ્રહણ પહેલાં કૉમ્પુ અંગેનું બધું કામ પૂરું કરી નાખવું. અને ૮ માર્ચે બધું કામ પતી ગયું. એમ સમજીને અમે તેની પરીક્ષા કરી તો ખબર પડી કે એ ગોળો બોલતો જ નહોતો. આ ગોળાના બરાબર વચ્ચેથી બે ભાગ અલગ પાડી શકાય તેવી તેની રચના છે. તેની અંદરની સર્કિટમાં ક્યાંક ગરબડ હશે એમ માનીને અમે તે ખોલી તો નાખ્યો પણ દસ કરોડ કૉમ્પોનન્ટ્સમાં ક્યાં શી ચૂક થઈ હશે એ શોધી કાઢવું અત્યંત કપરું હતું.

બે દિવસ ને બે રાત સતત એ માટે મથ્યા પછી ૧૦મી તારીખે બરાબર જે ઘડીએ ગ્રહણ લાગવાનું હતું, એટલે કે બપોરે એક અને સાડત્રીસ મિનિટે, બરાબર એ જ પળે કૉમ્પુના સ્પીકરમાંથી સિસોટી જેવો તીણો અવાજ આવ્યો. કૉમ્પુના આરોગ્યની એ સંજ્ઞા હતી. નિરાંતનો દમ લઈ અમે ગ્રહણ જોવા ચાલ્યા ગયા. આમ, કૉમ્પુના સક્રિય થવાનો અને ગ્રહણ લાગવાનો સમય એક હતો. આનો કોઈ ગૂઢ અર્થ હશે? શી ખબર!

ઇન્સ્ટિટ્યૂટમાં જ એક ખાસ શીત-તાપ નિયંત્રિત એટલે કે એર-કંડિશન્ડ ખંડમાં કૉમ્પુને રાખવામાં આવ્યો છે. આ સુંદર સુઘડ ખંડમાં એક તરફ ચકચકિત વેદી ઉપર તેની બેઠક છે. તેના ઉપર સતત પ્રકાશ પડતો રહે તે રીતે છતમાં ખાસ ગોઠવણ કરેલી છે. ખંડની બહાર પણ સતત ચોકીપહેરો રાખવામાં આવે છે. કૉમ્પુ એ એક મહામૂલ્ય સંપત્તિ છે. આવી સંપત્તિ માટે એકબીજા દેશોમાં ઈર્ષા પણ થતી હોય છે, એટલે સ્વાભાવિક રીતે જ કૉમ્પુને નુકસાન કરવાની કે તેને ઉઠાવી જવાની સંભાવના પ્રતિ પણ ચીવટ રાખવી જ રહી. યુક્ત રાષ્ટ્ર (યુ. એસ. એ.)ના વિંગફીલ્ડની જ વાત કરું. કૉમ્પુના સર્જન દ્વારા એ દિશામાં જાપાન પોતાના દેશ કરતાં આગળ નીકળી ગયું એ એને ખટકતું હતું એમ એકબે વાર એની વાત પરથી જણાઈ આવ્યું હતું. જો કે આમ તો એ માણસ પણ જ્ઞાની છે એ વિષે શક નથી, પણ એને કોઈ માણસ ગમતો નથી. એનું કારણ છે, એને હસતાં આવડતું નથી. કમસે કમ જ્યારથી એ ઓસાકા આવ્યો છે ત્યારથી કોઇએ એને હસતો-મરકતો જોયો નથી.

વિદેશથી આવેલા સાત મનીષીઓમાંથી ત્રણ જણ આજે પોતાને વતન પાછા જવાના છે. વિંગફીલ્ડ, કેન્સલી, કુટના અને હું અહીં રોકાઈશું. વિંગફીલ્ડને વાનો રોગ છે અને તે અહીં ઓસાકાના એક વિશેષજ્ઞ પાસે તેનો ઈલાજ કરાવે છે. મારી ઇચ્છા થોડું રોકાઇને જાપાનમાં ફરવાની છે. આવતી કાલે જ કેન્સલી અને હું કિયોટો જઇશું. કેન્સલી છે તો પદાર્થ-વિજ્ઞાની, પણ એમને બીજી અનેક બાબતોમાંયે ઊંડો રસ છે. ખાસ કરીને જાપાનની કળા અંગે તો એક વિશેષજ્ઞ જેટલું જ્ઞાન એમને છે. કિયોટોના બુદ્ધ-મંદિર અને બગીચો જોવા એ થનગને છે.

હંગેરીના જીવવિજ્ઞાની કુટનાને કળામાં ખાસ કંઈ રસ નથી, પણ એની એક વિશેષતા, જેની બીજાઓને કદાચ જાણ નથી, તે હું જાણું છું. કારણ એ વિષે કુટનાએ મારી સાથે થોડી વાત કરેલી છે. અલબત્ત,

ન્યૂટ્રિનોને દળ છે?

છોટુભાઈ સુથાર

માં આવેલા છે તે હજી સુધી જાણી શકાયું નથી. કેટલાક તારાવિશ્વોના કેન્દ્રભાગે શ્યામગર્ત આવેલા હોવાનું મનાય છે—ક્યાંક સ્પષ્ટ સંકેત જેવું પણ જણાયું છે, આમ છતાં ય બધાં તારાવિશ્વો શ્યામગર્ત ધરાવતાં હશે એમ સમજી શકાયું નથી. અવકાશમાં જેટલાં તારાવિશ્વો છે તેટલા જ શ્યામગર્તો અલગ રૂપે વિહરતા હોવાનું કલ્પી લઈને બ્રહ્માંડના $\frac{૯}{૧૦}$ દળનો ખૂટતો મેળ મેળવવાનું પણ આજના તબક્કે યુક્તિસંગત લાગતું નથી. હા, આકાશમાં અનેક શ્યામતારા (Black Stars) છે તેમનાં દળ સાથે ગણતરીમાં લેવાઈ જતાં હોય છે.

બ્રહ્માંડનું કેટલુંક દ્રવ્ય ન્યુટ્રિનો રૂપમાં નિહિત હોય ખરું? એવી પૂર્તિ માટે ન્યુટ્રિનોને પોતાનું દળ હોવું જરૂરી મનાશે.

ન્યુટ્રિનોને દળ હોવાનું સાબિત થાય તો ન્યુટ્રિનોના બધા પ્રકારના ચોક્કસ નિર્ધારણ દ્વારા, સાપેક્ષવાદના સામાન્ય સિદ્ધાંત અનુસાર, આપણું બ્રહ્માંડ નિરંતર વિકસતું જશે કે પછી એક સમયે તે ઊલટો ક્રમ ધારણ કરી સંકોચન પામતું જઈ ફરીથી મહાવિસ્ફોટની સ્થિતિએ પહોંચી જશે કે કેમ વગેરે અંગેની સામાન્ય ધારણા ખગોળશાસ્ત્રીઓ બાંધી શકે એવી સંભાવના છે. પણ એ વાત ન્યુટ્રિનોને દળ હોવા પર અવલંબે છે.

દલીલ ખાતર ધારી લઇએ કે ન્યુટ્રિનો ખરેખર દળ ધરાવે છે. દળયુક્ત વસ્તુ અન્ય દળશાળી વસ્તુ દ્વારા આકર્ષણ પામવાની જ. મતલબ કે બ્રહ્માંડસ્થિત તારાવિશ્વો ન્યુટ્રિનોને પોતાના તરફ આકર્ષવાનાં અને પોતાની ફરતે એમનું અદૃશ્ય પ્રભામંડળ રચવાનાં. અને ત્યારે, સ્વાભાવિક પ્રક્રિયાઓ અનુસાર તારાવિશ્વોનાં પ્રભામંડળ રચતા ન્યુટ્રિનો પૈકી કેટલાક ન્યુટ્રિનો નષ્ટ થતા રહેવાના.

ન્યુટ્રિનોના હ્રાસ અંગેનું સંશોધનકાર્ય સ્ટેકર નામના ખગોળશાસ્ત્રીએ ઉપાડ્યું છે અને તે દ્વારા તેણે ખગોલીય જગતનું ધ્યાન એ વિષય પરત્વે આકૃષ્ટ કર્યું છે.

સ્ટેકરના કાર્યારંભનો મુખ્ય પ્રશ્ન એ હતો કે ઉક્ત ન્યુટ્રિનો-વિલયની ઝાંખી કેવી રીતે મેળવવી. એના એ કામમાં એને અલ્ટ્રાવાયોલેટ નિરીક્ષણો મદદરૂપ નીવડ્યાં. રૉકેટ સંલગ્ન વિવિધ નિરીક્ષણો પરથી સ્ટેકરે તારવ્યું કે ન્યુટ્રિનોના હ્રાસનો અન્વીક્ષાત્મક પુરાવો અલ્ટ્રાવાયોલેટની ૧૭૦૦ એન્ગ્સ્ટ્રોમ તરંગ લંબાઇએ અસ્તિત્વ દાખવે છે. અલબત્ત આ શોધ-કાર્ય માટેનાં નિરીક્ષણો પૃથ્વીના વાતાવરણની બહાર ઘૂમતાં રૉકેટો તેમ જ કૃત્રિમ ચંદ્રો દ્વારા જ શક્ય છે અને એ રીતે અલ્ટ્રા-વાયોલેટ વર્ણપટ રેખાઓના ઉત્સર્જન પ્રાબલ્ય (Strength of Emission)ના આધારે ન્યુટ્રિનોના ક્ષયનો અણસાર મળી શકે છે.

મોસ્કો યુનિવર્સિટી તેમ જ કેલિફોર્નિયા યુનિવર્સિટીમાંથી પ્રકટ થયેલા તાજેતરના રેકોર્ડો સ્ટેકરના મતને પુષ્ટ કરનારા છે. આમ છતાંય એના મતની ચોકસાઈ માટે બીજી કેટલીક યુનિવર્સિટીઓ સત્યશોધનની દિશામાં કામ કરી રહી છે.

પોતાનો સૂચિત અર્થ ખરો નીવડ્યે એની સંભવિત ફલશ્રુતિ વિષે સ્ટેકરનું માનવું છે કે ન્યુટ્રિનોની જિંદગી અત્યંત લાંબી છે—એટલી લાંબી કે બ્રહ્માંડના ઉદ્ગમકાળે અસ્તિત્વમાં આવેલા ન્યુટ્રિનો પૈકી એક કરોડે કેવળ એક ન્યુટ્રિનોનો જ વિલય અત્યાર સુધીમાં થયો છે. પણ આ મંતવ્ય કરતાંય એનું વધારે મહત્ત્વનું યોગદાન એ છે કે એક અબજ ન્યુટ્રિનોનું વજન નાઇટ્રોજનના એક પરમાણુના અબજમાં ભાગનું છે!

ન્યુટ્રિનોની-દુનિયાનું રહસ્ય જાણવા આપણે રાહ જોવી પડશે. □

એ વિષયને વિજ્ઞાનના ક્ષેત્રમાં કદાચ ન સમાવી શકાય. એક ઉદાહરણ જ ટાંકું જેથી એ સમજાશે. આજ સવારે નાસ્તા વખતે અમે બંને સાથે બેઠા હતા. મારી જેમ એ પણ વહેલા જાગી જાય છે. કૉફી પીતાં-પીતાં અચાનક જ એમણે કહ્યું, 'તે દિવસે મેં સૂર્યગ્રહણ જોયું જ નથી.'

એ ખગ્રાસ સૂર્યગ્રહણ અને તેના જ્યોતિર્વલય-કૉરોના જોવામાં હું એટલો લીન બની ગએલો કે મારી આસપાસ બીજા કોણકોણ છે તેનો મને ખયાલ જ નહોતો; એટલે કુટના ગ્રહણ જોવા આવ્યા નહોતા તે એમણે કહ્યું ત્યારે જ મેં જાણ્યું. પરંતુ આવી ઘટના જોવાની લાલચ એ કેમ રોકી શક્યા તેનું મને જરા આશ્ચર્ય થયું, અને એ વ્યક્ત કરતાં જરા ટોળમાં પૂછ્યું પણ ખરું. 'કેમ? સૂર્યગ્રહણ જોવા અંગે તમે કોઈ વહેમમાં માનો છો?'

કુટનાએ મારા પ્રશ્નનો ઉત્તર ન આપતાં મને સામો સવાલ પૂછ્યો, 'સૂર્યગ્રહણની પ્લૅટિનમ પર કોઈ અસર થાય છે ખરી?'

'થાય છે એવી તો ખબર નથી.' મેં કહ્યું, 'પણ કેમ પૂછવું પડ્યું?'

'તો પછી આપણા આ કૉમ્પ્યુટરનો ગોળો પૂર્ણગ્રહણની એ સાડા ચાર મિનિટ સુધી એટલો નિષ્પ્રભ-નિસ્તેજ કેમ લાગ્યો?' તેમણે જવાબ આપતાં કહ્યું અને ઉમેર્યું, 'હું તેની પાસે જ હતો. મેં બરાબર જોયું કે પૂર્ણગ્રહણ શરૂ થતાં જ ગોળાનો ચળકાટ એકદમ ઘટી ગયો હતો અને જ્યારે ગ્રહણ છૂટ્યું કે તુરત એ ઘેરી આભા પણ હટી ગઈ અને તે પુનઃ ઝળહળવા લાગ્યો હતો.'

'તમને શું લાગે છે?' મેં પૂછવા ખાતર જ પૂછ્યું, પણ મનોમન હું કુટનાની વય વિષે વિચાર કરતો હતો. સાઠે બુદ્ધિ નાઠી જેવું તો નહિ હોયને એમ મને લાગી રહ્યું હતું.

'કંઈ નહિ.' કુટનાએ કહ્યું, 'કારણ આ બાબત મારા માટે તદ્દન નવી જ છે. ફક્ત એટલું કહું કે આ ઘટના ખરેખર મારો દૃષ્ટિદોષ હોય તો હું ખુશ થઈશ. સૂર્યગ્રહણ અંગે મારી કોઈ માન્યતા કે વહેમ નથી, પણ આ કૉમ્પ્યુટરસંબંધે છે. માત્સુએએ જ્યારે મને આમંત્રણ મોકલ્યું ત્યારે મેં કહેલું કે માણસ યંત્રો પર વધુ ને વધુ બોજો નાખતો રહેશે તો ધીરેધીરે એક દિવસ એવો યે આવશે જ કે જ્યારે યંત્રો માણસના દાસ ન રહેતાં માણસને જ તેમનું દાસત્વ સ્વીકારવું પડશે.'

બરાબર એ જ વેળા વિંગફીલ્ડ અને કૅન્સલી ત્યાં આવી પહોંચ્યા એટલે અમારી વાત અટકી ગઈ. યંત્ર અંગે કુટનાની ધારણા નવી નથી. ભવિષ્યમાં માણસ યંત્રોનો દાસ બની જશે. એનાં લક્ષણો તો ઘણા સમયથી દેખાવા લાગ્યાં જ છે. વાહનોનો જ દાખલો લઇએ. અગાઉ શહેરીજનો પણ રોજ પાંચ-સાત માઈલ જેટલું તો સહેજે ચાલી નાખતા, અને હવે ટ્રામ, બસ કે રિક્ષા વિના ચાલતું નથી. પણ એથી કંઈ વિજ્ઞાન એનું કાર્ય થંભાવી ન દે. પોતાનાં કાર્યોમાં સરળતા આણવા માણસ યંત્રો ન બનાવે? શું એ ફરી આદિમ યુગમાં પાછો જાય?

ક્યોટો, ૧૪ માર્ચ.

ક્યોટો સંબંધી જે કંઈ પ્રશંસા સાંભળી છે તેમાં એક શબ્દ પણ ખોટો કે વધુ પડતો નથી. એક પ્રકારનો સૌન્દર્યરસ કે રુચિબોધ જે એક શહેરમાં આ રીતે સર્વત્ર પથરાએલો હોય તે નજરે જોયા વિના તો માની જ ન શકાય. આજે બપોરે અમે અહીંનું વિખ્યાત બુદ્ધ-

મંદિર તથા તેનો બાગ જોવા ગયા હતા. આવો શાંત સુંદર પરિવેષ પહેલાં ક્યાંય જોયાનું મને યાદ નથી. મંદિરમાં જાપાનના વિખ્યાત મનીષી તાનાકા સાથે ઓળખાણ થઈ. ઋષિતુલ્ય એ માણસનો મુખભાવ પણ આ સમગ્ર પરિવેષ સાથે મેળ ખાય તેવો જ સૌમ્ય છે. અમારા વિશિષ્ટ યંત્રની વાત સાંભળી મીઠું સ્મિત કરી એમણે પૂછ્યું, 'ચંદ્ર સૂર્યની આડે આવે તો એ બંને કોના ખયાલથી એકાકાર બની જાય એ તમારું યંત્ર કહી શકશે?'

દાર્શનિક જેવો જ પ્રશ્ન હતો એ. સૂર્યની સરખામણીમાં ચંદ્ર ઘણો નાનો છે, છતાં પૃથ્વીથી આ બંનેનું અંતર એવી રીતનું છે કે સૂર્યગ્રહણ વખતે ચંદ્ર સૂર્યને આપણી નજરથી સંપૂર્ણ ઢાંકી દે છે. એમાં એક વાળ જેટલો યે વધારો કે ઘટાડો હોતો નથી. નાનપણમાં જ્યારે મેં આ જાણ્યું ત્યારથી સૂર્યગ્રહણ વિષે એક ગંભીર વિસ્મય મારા મનમાં છવાઈ રહ્યું છે. આપણે યે તાનાકાએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર નથી જાણતા તો કૉમ્પુ તો શી રીતે જાણે?

કિયોટોથી અમે એકાદ દિવસ માટે કામાકુરા જવાના છીએ. કેન્સલી સાથે છે એટલે વધુ આનંદ રહેશે. સારી વસ્તુ જોતી વખતે કોઈ જાણકાર વ્યક્તિ સાથે હોય તો ઓર મઝા રહે છે.

કિયોટો–૧૫ માર્ચ.

કિયોટો સ્ટેશને ટ્રેનના ડબામાં બેસીને આ નોંધી રહ્યો છું. કાલે રાતે દોઢ વાગ્યે ભારે ધરતીકંપ થયો હતો. જાપાનમાં તો લગભગ રોજ ક્યાંક ને ક્યાંક ભૂકંપ થતા જ રહે છે, પણ આ કંપન જરા વધુ ભારે હતું. લગભગ નવ સેકન્ડ એ ચાલુ રહેલું. જો કે આ કારણે જ અમે પાછા નથી જતા. પણ બીજી એક એવી ઘટના બની છે કે જેને કારણે અમે ઓસાકા જઈ રહ્યા છીએ.

આજ સવારે પાંચ વાગ્યે માત્સુએએ ફોન કરીને ખબર આપ્યા કે કૉમ્પુ ગુમ થયો છે. ટેલિફોનમાં બહુ વિગતે એ કંઈ જણાવી નથી શક્યા. આમે યે માત્સુએને અંગ્રેજી બોલવાની બહુ ફાવટ નથી. કૉમ્પુ ગુમ થવાથી ઉત્તેજના ને ઉશ્કેરાટમાં પણ વાક્રોધ થતો હતો. છતાં એટલું જાણવા મળ્યુ છે કે કાલે થએલા ભૂકંપ પછી કૉમ્પુનો પત્તો નથી. જેના પર 'તેને રાખવામાં આવેલો એ પેલુસિડાઈટનું સ્ટૅન્ડ જમીન પર ગબડી પડ્યું હતું અને બંને ચોકીદારોના પગ ભાંગી જવાથી તેઓને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. ને ત્યાં બંને હજી બેભાન છે. એ ભાનમાં ન આવે ત્યાં સુધી હકીકતે શું બન્યું હતું તે જાણી શકાય તેમ નથી.

ભૂકંપને કારણે કિયોટોમાં યે નેવું જેટલા માણસો ઘાયલ થયાનું સંભળાય છે. સ્ટેશન પર અત્યારે લોકોના મોંમાં બીજી કોઈ વાત જ નથી. રાતના ભૂકંપથી ગભરાઇ જઈ હું અને કેન્સલી પણ હોટેલની બહાર દોડી ગયા હતા. બહારની ભીડ જોતાં લાગ્યું કે હોટેલમાંથી બધાં જ બહાર નીકળી ગયાં હતાં. જાપાનમાં રોજ ચારેક વખત ભૂકંપ થાય છે, પણ મોટે ભાગે એ કંપન એટલું ઓછું હોય છે કે સીસ્મોગ્રાફ પર જ તેની નોંધ થાય અથવા બહુ તો કેટલાંક પશુપક્ષીઓ જ તે કંપન પારખી શકે.

ખેર, અમે પણ આ કેવી અણધારી હાલતમાં મુકાઈ ગયા છીએ! સતત સાત વર્ષ સુધીની મહેનત, આટલો જંગી ખર્ચ અને અનેક બુદ્ધિપ્રતિભાઓના સહકારથી બનાવેલું પૃથ્વી પરનું આ શ્રેષ્ઠતમ કૉમ્પ્યુટર આમ તૈયાર થયા પછી ત્રણ જ દિવસમાં તો ગુમ થઈ ગયું!

ઓસાકા, ૧૫ માર્ચ–રાતના અગિયાર.

કિયોટોથી અમે ઓસાકા પાછા આવી ગયા છીએ. અમારા રહેઠાણ ઈન્ટરનેશનલ ગેસ્ટ હાઉસમાં હું આ નોંધ ટપકાવી રહ્યો છું.

નામુરા ઇન્સ્ટિટ્યૂટની દક્ષિણ બાજુએ બનાવેલા એક પાર્કની સામેની બાજુએ આ ગેસ્ટ હાઉસ છે. તેમાંના મારા ખંડની બારીમાંથી ઇન્સ્ટિટ્યૂટનો જે મિનારો રોજ જોતો તે આજે દેખાતો નથી. કાલના ભૂકંપમા એ ભાંગી પડ્યો છે.

અમને લેવા માત્સુએ ગાડી લઇને સ્ટેશને આવ્યા હતા. ત્યાંથી અમે સીધા જ ઇન્સ્ટિટ્યૂટ ગયા. પેલા ચોકીદારોમાંનો એક ભાનમાં આવ્યો હતો. તેના કહેવા પ્રમાણે ભૂકંપનું જોર જોઈ એ બંનેએ બહાર દોડી જવા વિચાર્યું, પણ એવામાં કૉમ્પુના ખંડમાંથી મોટો અવાજ આવતાં શું થયું તે જોવા તેઓ તાળું ખોલી અંદર દોડી ગયા હતા. આ પછી એણે જે કહ્યું તેમાં વિશ્વાસ પડતો નહોતો. તેણે કહ્યું કે કૉમ્પુના ખંડમાં તેઓ પ્રવેશ્યા ત્યારે તેમણે કૉમ્પુના સ્ટૅન્ડને ગબડી પડેલું જોયું હતું અને કૉમ્પુ એ ખંડમાં આમતેમ ગબડતો હતો. ભૂકંપનું જોર ત્યારે કંઈક ઓછું થયું હતું. તેઓ બંને જણ ગબડતા કૉમ્પુને પકડવા તેના તરફ આગળ વધ્યા ત્યારે વેગથી ધસી આવીને કૉમ્પુ એના પગે જોરથી અથડાયો. આ રીતે એકનો પગ ભાંગ્યા પછી બીજા ચોકીદારને પણ તેણે એ રીતે પછાડ્યો. બેતાળીસ કિલોગ્રામ જેટલો એ વજનદાર ધાતુનો ગોળો આમ ધસી આવીને વાગતાં બંને જણ ભાંગેલા પગે બેહોશ થઈ ઢળી પડ્યા હતા.

પણ ચોકીદારના કહેવા પ્રમાણે તો એમ લાગ્યું કે એ ગોળો ભૂકંપથી નહિ પણ આપમેળે જ ગબડતો હતો, અને એમની સાથે એ અકસ્માત જ નહિ, પણ ઇરાદાપૂર્વક અથડાયો હતો. આ વાત ગળે ઊતરે તેવી નહોતી, ચોકીદારના કહેવા મુજબ કૉમ્પુ જાતે જ નાસી ગયો હોવાની સંભાવના ન માનીએ તો બીજી સંભાવના એક જ રહી, અને તે ચોરાઈ જવાની. અલબત્ત, ભાનમાં આવેલા એ ચોકીદાર મિનિમોતાએ શરમાતાંશરમાતાં એ પણ કબૂલ કર્યું હતું કે ધરતીકંપ થયો એ પહેલાં એ બંનેએ થોડો નશો કર્યો હતો ખરો.

ભૂકંપનું જોર જોતાં બંને ચોકીદારો પોતાના બચાવ માટે બહાર દોડી જાય એ તો સ્વાભાવિક હતું. ઇન્સ્ટિટ્યૂટની પ્રયોગશાળામાં એ સમયે પણ કામ કરતા સૌ બહાર મેદાનમાં દોડી જ આવ્યા હતા. મતલબ કે ત્યારે ઇન્સ્ટિટ્યૂટનાં બારણાં બંધ કરવા કોઈ રોકાયું ન હતું. આ વખતે અંદર પેસી જઈ કોઈ ચાલાક ચોર કૉમ્પુ ઉઠાવી જવા વિચારે તો એને માટે એ એક સારો મોકો હતો. હકીકતે ગમે તે બન્યું હોય, પણ કૉમ્પુ ગુમ થયો છે એ તો ખરું જ. કોણે લીધો હશે, કે એ પોતે ક્યાં ગયો હશે અને ફરી પાછો મળશે કે નહિ વગેરે કોઈ સવાલનો ઉત્તર હજી સુધી મળ્યો નથી. જાપાનની સરકારે તો સવારથી જ કૉમ્પુ શોધી આપનારને પાંચ લાખ યેન–એટલે કે દસેક હજાર રૂપિયા–નું ઈનામ આપવાની જાહેરાત કરી દીધી છે. પોલીસ ખાતું પણ તેની તપાસમાં લાગી ગયું છે. ભાનમાં આવેલા બીજા ચોકીદારે પણ પહેલાની વાતને અનુમોદન આપ્યું છે. બંનેનું કહેવું છે કે કૉમ્પુને કોઈ ઉઠાવી નથી ગયું પણ એ જાતે જ એમને બંનેને પછાડીને નાસી ગયો છે.

બંને ચોકીદારોની વાત અમારા કોઈના ગળે ઊતરતી નથી, પણ કુટના એમની વાત ખરી હોવાનું માને છે. જો કે તેના સમર્થનમાં એ કોઈ કારણ દર્શાવી શક્યા નથી. જ્યારે કેન્સલી અને વિગફીલ્ડ તો આમાં ચોરી સિવાય બીજું કંઈ જ માનતા નથી. પ્લૅટિનમ એ કિંમતની દૃષ્ટિએ સોના પછીની બીજી અતિ મૂલ્યવાન ધાતુ છે. કેટલાક પશ્ચિમી દેશોની જેમ જાપાનમાં પણ યુવાનો નશાની લતે ચડી ઘણી વાર આવી ચોરીઓ કરે છે. ક્યારેક સરકારને લાંછિત કરવા માટે પણ તેઓ સાહસ કરે છે. આવી કોઈ ટોળીએ જો કૉમ્પુનું અપહરણ કર્યું હોય તો મોટી રકમ મેળવ્યા વિના તે પાછો ન પણ આપે. યંત્રના અપહરણ–કિડનેપિંગનું આ એક નવું જ ઉદાહરણ થયું. (અનુસંધાન પૃ. ૭૯)

ગુજરાતને કચ્છનો ખરો પરિચય કરાવનાર બચુભાઈ

— રામસિંહજી રાઠોડ —

બચુભાઈ અને કવિ દેશળજી પરમાર બે ય પાકા ભેરુ. બંને આજે નથી; પણ એમની અનેક સ્મૃતિઓ એકસાથે ઘણી વાર યાદ આવતી રહે છે. 'કુમાર'ના પ્રારંભના વિકાસમાં બંનેએ સાથે બેસીને ઘણું કામ કર્યું હતું. બચુભાઇને હું પહેલી વાર મળ્યો તે પ્રસંગ આજે યે સ્મૃતિપટ પર અંકિત છે, એક વોડા વિદ્યાર્થી જેવો હું એમને મળવા ગયો ત્યારે કચ્છ જેવા દૂરના અને ગુજરાતથી અલગ એવા પ્રદેશથી આવેલા મને એમણે હુબ્બથી આવકારેલો. કચ્છ વિષે ઘણું પૂછ્યું અને મારો પરિચય પામ્યા; અને તે દિવસથી ઉત્તરોત્તર અમારાં અંતર ઢૂંકડાતાં ગયાં. એ પછી મારે હિમાલયની ગોદમાં વનવિદ્યાના અભ્યાસ અર્થે જવાનું થયું. ઈ. ૧૯૩૫ની એ સાલ. 'ઈમ્પીરીઅલ ફૉરેસ્ટ કૉલેજ–દહેરાદૂનમાં એમનો પંત્ર મળ્યો :

'...પહેલાં તો અમે ભૂલ કરેલી અને રાયસિંહજી અને તમને એક જ વ્યક્તિ માની લીધેલી. તમારા બંનેના અક્ષરો એકસરખા છે અને નામમાં પણ એક જ અક્ષરનો ફેર...સામાન્યતઃ તમારી લખાવટ, વિષયને ખીલવવાની હથોટી અને ભાષા બધું સારું છે, અને 'કુમાર'ને બરના લેખો તૈયાર કરનારા જે થોડા માણસો છે તેમાં તમને ગણી શકીએ. તમારી આ પ્રગતિથી આનંદ થાય છે, અને તમારા છેલ્લા પત્રમાં 'કુમાર' માટે તમે જે સદ્‌ભાવ દર્શાવ્યો છે તેથી સંતોષ અનુભવીએ છીએ. તમારા જેવા ભાઇઓના આ પ્રકારના પત્રો અમને અવારનવાર મળતા રહે છે અને તેથી અમારી મહેનત ઊગી નીકળતી અનુભવીને આનંદ પામીએ છીએ. તમે ફૉરેસ્ટ કૉલેજમાં જોડાયા એ જાણીને ગર્વ અને આનંદ થાય છે. ગુજરાતીઓમાંના ઘણા થોડા માણસો આ પ્રકારે વિવિધ ક્ષેત્રમાં જવાનું મન કરે છે. એ કૉલેજનો પરિચય 'કુમાર' માટે તમે જરૂર લખો જ એવો મારો આગ્રહ છે...'

પછી તો અમારો પત્રવ્યવહાર વધતો ચાલ્યો. કચ્છના ક્ષેત્રવિજ્ઞાનના મારા ખીલતા રસને એમણે પોરસાવવા માંડ્યો. ૨૪ એપ્રિલ ૧૯૪૨ના એક પત્રમાં લખ્યું : '...ભૂસ્તરીય દૃષ્ટિએ અવનવી રચનાવાળો એ આખો પ્રદેશ વિવિધ દૃષ્ટિએ જોવા જેવો ખરો. તમે તમારા વનવિદ્યા અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસની સાથેસાથે ભૂસ્તરીય અભ્યાસને પણ વધુ વિકસાવો તો એ દિશામાં ઘણું કામ પડ્યું છે...'

અને આમ, બચુભાઇએ મારા અભ્યાસ અંગે પણ સતત લક્ષ રાખવા સાથે મારી કલમને પણ આળસી જતી અટકાવી. એમણે સૂચવેલા લેખો તૈયાર કરવા નિમિત્તે પણ મારો અભ્યાસ વધતો ચાલ્યો. આ રીતે ૧૯૪૯માં 'કુમાર'માં મારો 'ગુજરાતમાં પેટ્રોલિયમ' લેખ તૈયાર થયો. એની પાછળ બચુભાઈની જ પ્રેરણા હતી. ગુજરાતમાંથી ખનિજ તેલ મળવાની સંભાવના સાથે એ ક્યાં ક્યાંથી મળવાનો સંભવ છે તે મેં તેમાં નકશાઓ સાથે દર્શાવ્યું હતું. એ લેખ જ્યારે એમણે વાંચ્યો ત્યારે અને તેને 'કુમાર'માં પ્રકટ કરીને ગુજરાતમાં ખનિજ તેલ મળવાની શકયતા સૌપ્રથમ જાહેર કરતાં તેમને ખૂબ આનંદ થયો હતો. અને પછી જ્યારે ગુજરાતમાંથી ખરેખર ખનિજ તેલ મળી આવ્યું તથા એ લેખમાં સૂચવેલાં લગભગ બધાં સ્થળોએથી ઉત્તરોત્તર તેલ મળવાના જ્યારેજ્યારે ખબર મળતા ગયા ત્યારેત્યારે તેમણે એ લેખ સંભારી ગૌરવ અનુભવ્યું હતું. એ ગૌરવની પાછળ મારા પ્રત્યેના, 'કુમાર' પ્રત્યેના અને ગુજરાત પ્રત્યેના એમના પ્રેમની ત્રેવડી લાગણી સંમિશ્રિત હતી.

કચ્છ વિષેની મારી જાણકારીનો એમણે 'કુમાર'માં ઉપયોગ કરવા સાથે મારી કલમનું પણ ઘડતર કર્યું. એક યા બીજા નિમિત્તે પણ કચ્છ વિષે મારા કેટલાક ખાસ લેખો પણ એમણે પ્રકટ કર્યા. ઈ. ૧૯૪૮ના ડિસેમ્બરમાં ભુજની સ્થાપનાને ચારસો વર્ષ પૂરાં થતાં હતાં અને 'કુમાર' ત્રણસોમા અંક સાથે પચ્ચીસી પૂરી કરતું હતું, એ મેળ સાધીને એમણે મારો ભુજ વિષેનો લેખ બહુ હુબ્બથી છાપ્યો હતો. આ જ રીતે ગુજરાતના સૌથી જૂના કચ્છના મ્યૂઝિયમનો પરિચય, સ્વ. જયકૃષ્ણ ઇંદ્રજીની શતાબ્દી પ્રસંગે એમનું ચરિત્ર, આયના મહેલનું જાહેર પ્રજાને અર્પણ થયું ત્યારે તેનો પરિચય વગેરે અનેક લેખો પણ પ્રકટ કરવામાં એમણે સમયોચિત મેળ સાધવા પાછળ પોતાની આગવી દૃષ્ટિનો પરિચય કરાવ્યો છે. આવી જ રીતે કચ્છનાં ભીંતચિત્રો વિષેનો લેખ અને કલાપી, રમા અને શોભનાની રંગીન છબીઓ સાથેનો એ હૃદયત્રિપુટીના કચ્છ સાથે વણાએલા સંબંધ વિષેનો લેખ પણ પ્રસન્નતાપૂર્વક પ્રકટ કરીને મને પોરસ ચડાવ્યું હતું.

દહેરાદૂન તરફના પ્રદેશોથી હું પરિચિત બની રહ્યો હતો ત્યારે હિમાલય અને કુલુના પહાડી પ્રદેશો વિષે 'કુમાર' માટે લેખો લખવા તેમણે આગ્રહ કરેલો. મેં ઉત્તરમાં લખ્યું, '...આપણે આંગણે પડેલા કચ્છના રણની શ્વેત સબરસતી ચાદર આરપાર કચ્છમાંથી હવે હિમા-





◁
ઈ. ૧૯૭૧માં બચુભાઈ કચ્છ
ગયા ત્યારે–
(ડાબી બાજુ છેડે)
કોટાયના વિખ્યાત શિલ્પસમૃદ્ધ
પ્રાચીન શિવમંદિરના
પાછળના ભાગમાં
અને
ધ્રંગમાં દાદા મેંકણના
અખાડામાં.
આ અખાડામાં દાદા મેંકણની
સમાધિ છે.
(ફોટો - રામસિંહજી રાઠોડ)

લયનાં ઉત્તુંગ ગિરિશિખરો લગણ મારી નજર શે પહોંચે!' ત્યારે એમણે લખ્યું : ...'તમારી લેખન-પ્રવૃત્તિમાં હું શું સહાય કરી શકું તે જણાવશો. તો બનતું બધું કરીશ. મારી તો ઇચ્છા છે કે શ્રી 'વનેચર' 'કુમાર'માં જેમ 'વનવગડાનાં વાસી'ની લેખમાળામાં પક્ષી-પ્રાણીઓ વિષે લખે છે તેમ તમે 'વનવગડો' એ નામની એક લેખમાળાની યોજના ઘડી કાઢો, જેમાં ટેક્નિકલ-શાસ્ત્રીય વિગતોમાં ઊતર્યા વિના વાચકને પોતાના દેશની વિવિધ વનસ્પતિનું જ્ઞાન મળે. 'કચ્છના રણ'નો પરિચય તમે નહિ આપો તો બીજું કોણ આપશે? તમારી એને વિષેની વિચારણા તમારા એ આખા પૅરૅગ્રાફમાં તરી આવે છે તે ઉપરથી લાગે છે કે એ બહુ મૂલ્યવાન લેખ બનશે...'

કચ્છનું રણ હવે તો બહુ જાણીતું બની ગયું છે, પણ ચારેક દાયકા પહેલાં કચ્છ બહાર તેના વિષે બહુ ઓછી જાણકારી હતી. દેશપરદેશ ખેડતા પરિશ્રમશીલ એક વેપારી વર્ગના વતન સિવાય કચ્છ વિષે ભાગ્યે જ બહુ પિછાન હતી. ત્યારે 'કુમાર'ના ૨૦૦મા અંકમાં તે વિષેનો મારો લેખ 'કચ્છનું રણ' એમણે પ્રકટ કરીને પહેલી જ વાર કચ્છ બહારની દુનિયાને તેનો ખરો પરિચય આપ્યો હતો. સ્વ. ઝવેરચંદ મેઘાણીએ એ લેખને ૬-૯-'૪૦ના 'ફૂલછાબ'માં પ્રેમથી વધાવ્યો હતો. લવણરસ્યા ભયંકર અને કોઈ શાપિત ભૂમિ સમા આ રહસ્યમય વેરાન રણપ્રદેશનો અદકેરો આવકાર પામેલો એ લેખ બચુભાઇએ કચ્છના રંગીન નકશા સાથે 'કુમાર'ના ૫૦૦મા અંકમાં પણ 'પચ્ચીસ વર્ષ પહેલાં'ના વિભાગમાં દોહરાવ્યો હતો.

ઈ. ૧૯૪૪માં અમદાવાદમાં 'ગુજરાત સાહિત્યસભા' તરફથી પ્રથમ ઇતિહાસ સંમેલન યોજાયું હતું. ગુજરાતના ખ્યાતનામ ઇતિહાસવિદો એકત્ર થયા હતા, ત્યારે અમદાવાદને આંગણે કચ્છના ઇતિહાસની વાતો કદાચ પહેલી વાર વિગતે રજૂઆત પામી હતી. એમાં ખાસ રસ ધરાવતા મિત્રો—ઝવેરચંદ મેઘાણી, ડૉ. એ. એસ. ગદ્રે, ડૉ. મંજુલાલ મજમુદાર, અમૃત વસંત પંડયા, રવિશંકર રાવળ, રમણિક મેઘાણી વગેરે બચુભાઈના નિવાસસ્થાન 'નેપથ્ય'માં એકઠા થએલા. આ વારે બચુભાઇએ કચ્છ અને તેની સંસ્કૃતિનો વિષય ઉખેળીને ઘણીઘણી વાતો કરી એ સૌમાં કચ્છ વિષે કુતૂહલ અને પ્રેમ વધાર્યાં હતાં.

કચ્છનાં વૃક્ષો, તેની ઉપયોગિતા અને મહત્તા એમણે 'કુમાર' દ્વારા ગુજરાતમાં જાણીતી કરી હતી. ૧૯૪૧માં 'આપણી વનશ્રી'ની લેખમાળા આપતાં એમણે લખેલું : 'કેટલાં વિવિધ પ્રકારનાં આપણા જીવનનાં અંગોને આપણાં જંગલો અખૂટ સ્રોતથી રસ પોષી રહ્યાં છે! આપણી એ પ્રચુર વનસમૃદ્ધિનો, કદાચ પહેલી જ વાર પરિચય આપતી લેખમાળા વાંચવી ચૂકનાર પોતાના જીવનને જ ઓળખવાની તક ગુમાવશે.'

સ્વરાજ પછી વૃક્ષારોપણનો મહિમા દેશવ્યાપી બન્યો, પરંતુ એ જ વર્ષે ફેબ્રુઆરીથી 'ગુજરાત અને વૃક્ષારોપણ'નો મારો લેખ શ્રેણીબદ્ધ પ્રકટ કરીને તેમણે એ અંગેની સજગતા પણ પ્રસારી હતી. વનવિષયક બાબત કચ્છને સીધી સ્પર્શે તેવી મારી પુસ્તિકાઓ-પત્રિકાઓ 'ધૂળમાંથી ધન' (૧૯૫૦), 'ગોબરનો પ્રયોગ'(૧૯૫૨), 'બળૂકો બાવળ' ('૫૩) અને 'પરદેશી બાવળ ('વિજય શમી' તથા 'ખારકિયાલ' ('૫૪) અંગત રસ લઇને એમણે સુંદર રીતે છાપી આપેલી. ગુજરાત રાજ્યની ધારાસભામાં 'કોતર' અંગેના પ્રશ્ન પર વન-વિભાગના ઉપર પસ્તાળ પડવાની હતી એ વખતે બચુભાઇએ છાપી આપેલી મારી 'કોતર કૅન્સર' પુસ્તિકા અમારા વનવિભાગ તરફથી જ્યારે મેં સભ્યોમાં વહેંચાવી ત્યારે એની અતિ સુંદર રજૂઆત તથા તેમાંની વિગતો જોઇને જંગલખાતું આવું સુંદર પ્રકાશન કરાવી શકે છે તો સરકારી છાપખાનું એવું કામ કેમ ન કરી બતાવે એ મુદ્દા પર જ સમગ્ર ચર્ચાનો મોડ બદલાઈ ગયો હતો. ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટની કામગીરીનો ખરો ખયાલ રજૂ કરવામાં બચુભાઇએ છાપી આપેલી એ પુસ્તિકાઓ દ્વારા ખાતા અંગે ઘણી સારી છાપ ઊભી કરવામાં સહાય મળી હતી. વહીવટી રસમ પ્રમાણેની લખાપટીથી વનવિભાગનું કાર્ય સમજાવી શકાય તે કરતાં આ પુસ્તિકાઓ દ્વારા તેની વધુ સારી ને યોગ્ય રજૂઆત થઈ શકી હતી.

'કુમાર'માં શ્રેણીબદ્ધ પ્રકટ થએલા કચ્છ વિષેના લેખો 'કચ્છનું સંસ્કૃતિદર્શન' રૂપે ગ્રંથસ્થ થયા ત્યારે તેમાં છેક છેવટ સુધી નવી વિગતો અને ચિત્રો વગેરેનું ઉમેરણ કરાવતા રહીને બચુભાઇએ તેને જે સ્વરૂપ આપ્યું તેને કારણે મને રાજ્ય સરકારમાં અને કેન્દ્ર સરકારમાં ઍવોર્ડ તથા રણજિતરામ સુવર્ણચંદ્રક અપાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો એમ કહી શકાય. આ ગ્રંથમાંથી એક આખું પ્રકરણ મુંબઈના એક પ્રવીણચંદ્ર શાહે અક્ષરશ: પોતાને નામે ચડાવી ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ તરફથી પ્રકટ થતાં 'લોકગુર્જરી' વાર્ષિકના ૧૯૬૦ના અંકમાં પ્રકટ કરાવેલું, ત્યારે ઊભા થએલા પ્રશ્નમાં ન્યાયને પક્ષે રહી બચુભાઇએ તેની પતાવટ કરાવીને સમિતિ તરફથી એની ક્ષમાપના પ્રકટ કરાવી હતી.

કચ્છના પ્રાણપૂર્ણ સાહિત્યને અને કચ્છની પ્રછન્ન સંસ્કૃતિને પ્રકાશમાં આણવા 'કુમાર' દ્વારા બચુભાઇએ જે ઉમંગ દાખવ્યો છે તે અદ્વિતીય છે. કચ્છ વિષેના લેખો અંગે તેઓ સદાય ઉત્સુક રહેતા. 'કુમાર'નું પ્રકાશન બંધ કરવા જ્યારે રવિભાઇએ વિચાર્યું ત્યારે યે પોતાની પાસે પડેલા મારા લેખો અપ્રકટ ન રહે અને 'કુમાર'માં ન આપી શકાય તો અન્યત્ર યોગ્ય સ્થાને તે પ્રકટ થાય તેની ખેવના બચુભાઇએ રાખી હતી. કેવી ચિંતાઓ વચ્ચે યે એમણે આ ચીવટ રાખી હતી તે તેમના તા. ૮-૧-'૪૩ના પત્ર પરથી કલ્પી શકશે :

'...હવે તો કદાચ છાપાંઓથી 'કુમાર'ને લિમિટેડ સંસ્થાના રૂપમાં ફેરવી ચાલુ રાખવાની યોજનાના ખબર તમને જૂના થઈ ગયા હશે. ખૂબ જંજાળ, ઉદ્વેગ અને દોડધામમાં છેલ્લું પખવાડિયું ગાળ્યું. છેવટની ઘડીએ આ કામચલાઉ યોજના ઊભી થઈ છે. પ્રજા તરફથી એને ટેકો મળશે ને કંપની ઊભી થશે તો પૂર્વવત્ પાછું કાર્યાલય શરૂ થશે, માલિકી કંપનીને સોંપાઈ જશે, રવિભાઈ આર્થિક જવાબદારી અને રોજિંદા વ્યવહારમાંથી નિવૃત્ત થશે, અને સર્વાધિકાર અને બધી જ જવાબદારી મને સુપ્રત થશે. જો કંપની નહિ થાય તો અમે ૩૧મી જાન્યુ.એ છુટા થઈ સૌ સૌના માર્ગે વળી જઈશું. વસ્તુત: આ વ્યવસ્થા પૂરતી અમારી કાર્યાલયની નોકરી એક માસ લંબાઈ છે.

જો છૂટા થવાનું આવશે તો મેં છાપખાનું શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. નાનું સરખું ટ્રેડલ થોડો સામાન અને કાગળો ખરીદી લીધાં છે. 'મેલ કરવતિયા કરવત, કે મોચીડાના મોચીડા!' જીવનની સ્લેટ પર લખાએલી ૪૩ વર્ષની કારકિર્દી ભૂંસીને એકડે એકથી ફરી નવી શરૂઆત કરવાની રહેશે, અને તે આવા કપરા કાળમાં! પુરુષાર્થ અને ઇશ્વરશ્રદ્ધાની એ કસોટી થશે.

જો લિમિટેડ થવાની હશે તો 'કુમાર' ચાલુ થશે જ, અને તો તમારો લેખ-લેખમાળા-જાન્યુ. અંકથી જ શરૂ થશે. મેં વાંચીને તૈયાર રાખ્યું છે. એટલે બીજા હપતાની તૈયારીમાં તો તમારે રહેવાનું જ. કેમ કે એ સંજોગોમાં મારે ઉપરાઉપર હપતો જોઇશે. માટે મારે ખાતર મહેનત કરીને પણ બીજો આગળ હપતો તૈયાર રાખશો. નકશો પણ તુરત કરવા માંડજો. એ નહિ બને તો પછી બીજા કોઈ સામયિકનો વિચાર કરીશું.'

કચ્છની કાયાપલટ અને એના સાંસ્કૃતિક વિકાસમાં બચુભાઇને ઊંડો રસ હતો. કચ્છની દરિયાવાટની આગવી ખુમારી પ્રકટ કરતી 'સુકાની'ની સાગરકથાઓ આપવાનો યશ એક માત્ર 'કુમાર'ને જ ઘટે છે. 'કચ્છનું સંસ્કૃતિદર્શન'ની આખાણી લખી ત્યારે કચ્છમાં ખડીરના ધોળાવીરા પાસે શોધાએલા ટીંબામાંથી સૈંધવી સંસ્કૃતિના મોહે-જો-





અમદાવાદમ ભરાએલાં ઇતિહાસ-સંમેલન પ્રસંગે (બેઠેલા ડાબી બાજુથી) સર્વશ્રી ઝવેરચંદ મેઘાણી, વડોદરા પુરાતત્ત્વખાતાના વડા એ. એસ. ગદ્રે, રામસિંહજી રાઠોડ, વડોદરા કૉલેજના ગુજરાતીના પ્રોફેસર મંજુલાલ મજમુદાર. (પાછળ ઊભેલા) અમૃત વસંત પંડ્યા સ્ટેટ આર્કિઑલૉજિસ્ટ-રાજપીપળા, રવિશંકર રાવળ, બચુભાઈ ને રમણિક મેઘાણી (ફોટો: નરેન્દ્ર રાવળ, તા. ૨૪-૧૨-૧૯૪૪). જમણી બાજુ: કચ્છમાં ભુજ પાસે ભુજોડી નામે ગામડામાં, ભીંત ઉપર સફેદ માટી અને ગધેડાની લાદનું ચીકણું મિશ્રણ બનાવી તે વડે ઓકળી જેવું ઉઠાવદાર સુંદર સુશોભનકામ કરનાર પાલીમા નામની વૃદ્ધ કારીગર બાઈના મકાનમાંથી પાછા વળતાં રામસિંહજી સાથે.
(ફોટો: એલ. એમ. પોમલ. તા. ૨૪ એપ્રિલ ૧૯૭૧).

દરો જેવા અવશેષો પ્રાપ્ત થયાની વાત બચુભાઇએ જ મને યાદ કરાવી હતી. એમની સજગ દૃષ્ટિમાંથી કચ્છ કદી યે ખસ્યું નહોતું.

કચ્છમાં 'આકાશવાણી'નું કેન્દ્ર આણવામાં બચુભાઇનો પણ કંઈક હિસ્સો હતો એ બહુ જ થોડા જાણતા હશે. ૧૯૫૨માં કચ્છ ગુજરાતથી અલગ પાર્ટ-સી સ્ટેટ હતું. અમદાવાદનું આકાશવાણીનું કેન્દ્ર વિકસી રહ્યું હતું. ત્યારે તેના સ્ટેશન ડિરેક્ટર શ્રી ચંદ્રવદન ચી. મહેતાએ 'કચ્છનાં કીર્તિમંદિરો'ના મારા લેખો 'કુમાર'માં વાંચ્યા અને એમને ગુજરાતને કચ્છનો પરિચય આપવાનો વિચાર થયો. આકાશવાણી પર રસ પડે તેવા ઐતિહાસિક ટેકાવાળા અને કચ્છનું ગૌરવ પ્રસ્થાપિત કરે તેવા જિજ્ઞાસાપ્રેરક માહિતીપ્રદ મારા વાર્તાલાપો ગોઠવ્યા. આ અંગેની ચર્ચા વેળા બચુભાઈ પણ સાથે હતા. એ ચર્ચા દરમિયાન કચ્છમાં જ આકાશવાણીનું એક કેન્દ્ર ઊભું કરવાની ત્રેવડ ગોઠવવાનો વિચાર પણ ઉદ્ભવ્યો અને કચ્છના સંગીત તથા લોકકલાકારોની મારે મોજણી કરીને સરકાર મારફતે કેન્દ્ર માટે માગણી મૂકવાનું નક્કી કર્યું. પછી તો એ વાત આગળ વધી. અમદાવાદથી શ્રી ચં. ચી. મહેતા અને વડોદરાથી શ્રી રાજગોપાલનું ડેપ્યુટેશન કચ્છ આવ્યું અને સ્તરાંતરે કચ્છમાં 'આકાશવાણી'નું કેન્દ્ર સ્થપાઈ ગયું.

ભુજમાં મારા આવાસ 'સેવન'માં ભીંત ઉપર મેં ભુજોડી ગામની પાલીમા નામની એક લોકકલાકાર વૃદ્ધ બાઈ પાસે કચ્છના એક ખાસ પ્રકારનું લીંપણ-શિલ્પ કરાવેલું છે. ૧૯૬૪માં અને પછી ૧૯૭૧માં બચુભાઈ ભુજ આવેલા. પેલું લીંપણ-શોભન જોઈ તેને કંડારનાર પાલીમાને જોવા-મળવાની એમને તીવ્ર ઇચ્છા થઈ અને અમે એ માટે ભુજોડી ગયા, ત્યારે કચ્છી લોકકળા અને ત્યાંની વણબોટાએલી લોકસંસ્કૃતિ તથા કચ્છની આગવી નિસર્ગશ્રી જોઈ બચુભાઈ અત્યંત પ્રસન્ન બની ગએલા.

ભારતના એક આગવા અંગ સમા કચ્છની લોકસંસ્કૃતિનો ખરો પરિચય પ્રસારવામાં તથા તેના રક્ષણ-ઉત્થાન માટે મને લખતો કરવામાં બચુભાઇની ઘણી જ મોટી પ્રેરણા રહી છે. ૧૯૮૦ના આરંભમાં મેં એકઠી કરેલી કચ્છ વિષેની બધી જ સામગ્રી આપી દઇને 'કચ્છ સંસ્કૃતિદર્શન' નામનું ટ્રસ્ટ કર્યું ત્યારે એ અંગે એમણે રસપૂર્વક મને ઘણું માર્ગદર્શન આપ્યું હતું. 'કુમાર'માં કચ્છ વિષેના મારા બધા લેખો અને 'કચ્છનું સંસ્કૃતિદર્શન' ગ્રંથ તૈયાર થઈ શકવા પાછળ બચુભાઇએ જ સતત પ્રેરણાબળ પૂર્યા કર્યું હતું. અને આજે અપ્રાપ્ય એ ગ્રંથની નવાં ઉમેરણ સાથે બીજી આવૃત્તિ તૈયાર કરવા પણ તેઓ મને અનેક વાર આગ્રહ કરતા રહ્યા હતા.

અમદાવાદની સુખ્યાત શિક્ષણસંસ્થા 'શ્રેયસ' દ્વારા દર વર્ષે ભારતના એકએક પ્રદેશની લગભગ બધી જ વિશિષ્ટતાઓ રજૂ કરતો એક શિક્ષણાત્મક મેળો યોજાય છે. આ રીતે 'કચ્છ કોડિલો' ૧૯૭૭માં યોજાયો ત્યારે તે અંગે કચ્છ વિષે વિવિધ અંગોનું માર્ગદર્શન આપવાનું મારે થએલું. બચુભાઇએ પણ તેમાં ઘણો રસ દાખવ્યો હતો અને ઉદ્ઘાટન પ્રસંગે પોતાની નાદુરસ્ત તબિયત છતાં હાજરી આપી હતી. આ વખતે ગુજરાત લોક-સંગ્રહાલયનું પણ ઉદ્ઘાટન થએલું. શ્રેયસે આ સંગ્રહાલયમાં ગુજરાતની લોકકળાનો એક ઉમદા સંગ્રહ કરવા ધાર્યો છે. દિન બ દિન વિકસતા જતા આ સંગ્રહાલયની અમદાવાદના અગ્રગણ્ય સંગ્રહાલયોમાં ગણના થાય છે.

ઈ. ૧૯૭૬માં મારે 'નેપથ્ય'માં જવાનું થયું. હમેશાની રીતે એમનાં પત્ની સુધાબેન બે કપ ચા લાવ્યાં. સ્વાભાવિક જ મેં એક કપ બચુભાઇને ધર્યો. છેલ્લાં ત્રીસેક વર્ષથી બચુભાઇએ ચા પીધી નહોતી એનો મને ખયાલ રહ્યો નહિ. કપ ધરી હું એમની સામે ટીકી રહ્યો. સુધાબેન પણ જોઈ રહ્યાં. ન જાણે તે દિવસે બચુભાઇને અંદરથી ઊમળકો આવ્યો અને 'આજે તો 'બાઇ'ના હાથની બનાવેલી ચા તમારી સાથે પી જ

લઉં' કહી એમણે મારી સાથે ચા પીધી.

ફરી ૧૯૭૭ના નવેમ્બરમાં હું એમને મળ્યો. એ વખતે આત્મીયતાપૂર્વક એમણે ઘણીઘણી વાતો કરી. લોકેષણા, વિત્તેષણા, પુત્રેષણા અને એવા સંસારસુખના સંતોષની વાતો કરતાં એમણે 'પહેલું સુખ તે જાતે નર્યા'વાળી આપણી સાત સુખોની જૂની કહેવત સંભારીને કહેલું કે 'આ બધું તો છે, અને 'બાઇ'ની સારપથી રોગને પચાવી લીધા છે એટલે મન તો નરવું છે, અને એ જ સાચું સુખ છે.' 'કુમાર' ચાલુ રહે એ એમની એક એષણા હતી. 'કુમાર'ની સિદ્ધિને એમણે પોતાની જીવનસિદ્ધિ ગણી હતી.

છેલ્લે ૧૯૮૦માં બચુભાઈની ચિંતાજનક તબિયતના સમાચાર જાણી એમને મળવા અમદાવાદ આવ્યો. બે દિવસ સતત એમની પાસે બેસી રહેલો. દિલ ખોલીને ત્યારે એમણે ઘણી વાતો કરેલી : પોતાના અંતરંગની અને 'કુમાર'ની, કચ્છના સપુત હાજીમહમદની ને એમના સ્મારકગ્રંથની. ગુજરાતના એમના અનેક મિત્ર સારસ્વતો અને કલાકારોના અંગત જીવનપ્રસંગોની અને એમના પ્રશ્નોમાં પોતે ભજવેલા સમાધાનકારી ભાગની, પોતે સહેલા જખ્મો પણ સંભાર્યા ને અન્યને પ્રેરણાત્મક એવા પોતે ગોઠવેલા ગૃહવ્યવહારની યે વાત કરી. પોતાના શ્વાન શૉખને ય સંભાર્યો અને ગોંડલની પોતાના તરુણકાળની સ્વપ્નભોમકાને યે યાદ કરી. એમના બાલમિત્ર 'સરકાર' (સ્વ. દેશળજી પરમાર)ના કવિમિજાજને યે પ્રસન્નતાપૂર્વક યાદ કર્યો. એમની અખિલાઈમાં તેમની જ્યોતિ જાણે તેજસ્વી થતી ભાળી. જીવનના આરે આંખ મિંચવાની તૈયારીમાં એ હતા ત્યારે ય પૂરી માનસિક સ્વસ્થતાથી એમનું મંદ પડેલું શ્રવણ સતેજ કરી પોતાનાં નિષ્ઠાભર્યાં પીઢ સંસ્મરણો એમણે બહુ રસપૂર્વક ત્યારે તાજાં કર્યાં હતાં. 'કુમાર'ના સાહિત્ય સલિલને વહેતું રાખવાની પોતાની ખ્વાહિશ ત્યારે પણ પુનઃ પ્રકટ કરી હતી.

જીવન-વ્યવહારની એમની ચીવટ આગવી હતી. એવા જીવનનું સંપાદન કાર્ય પૂરું કરી એક ધની જીવન-સંપાદકની અદાથી જાણે એમણે નિધનની છાપ ઉજાળી છે. એમની આ કર્તૃત્વકળા સંભારતાં જીવનમંગળનાં દર્શન થાય છે. □

ભાવાંજલી

વાસુદેવ સ્માર્ત

મુ. શ્રી બચુભાઈની નિકટ રહેવાનું સદ્‌ભાગ્ય મને ઘણી વાર સાંપડયું હતું. એમનું નિવાસસ્થાન મારે મન એક તીર્થ સમું હતું. એમની સાથે અનેક બાબતો પર ચર્ચા થતી. એમના દીર્ઘકાલીન જીવનનાં અનુભવો, બહોળું વાચન તથા પરિપક્વ જ્ઞાનમાંથી મને ઘણું પ્રાપ્ત થતું. કલા, સાહિત્ય, નૈતિક્તા, ચારિત્ર્ય-ઘડતર, વિજ્ઞાન અને ભારતીય શિષ્ટતાની અમોઘ શક્તિ એમનામાં સંપૂર્ણપણે પ્રગટતી હતી.

'કુમાર' એમને મન સર્વસ્વ હતું. 'કુમાર'ને પાનેપાને એમની નિષ્ઠા ટપકતી હતી. વિશાળ સ્નેહીગણ, વિવિધ વિષયોનું જ્ઞાન ધરાવતા વિદ્વાનો, કલાકારો, કવિઓ, સાહિત્યકારો, પત્રકારો, શ્રેષ્ઠીઓ અને મહાનુભાવોને એમણે સારી રીતે જાણ્યા-માણ્યા હતા.

બચુભાઈ શુદ્ધ અને ઉચ્ચ જીવનમાં માનનારા, નૈતિક હિંમતવાળા, નિસ્વાર્થી, નિસ્પૃહી અને સ્પષ્ટ વક્તા હતા. એઓ કહેતા : 'ઇશ્વર કોઇને નિર્ભેળ સુખ આપતો નથી.' એટલે મનુષ્યે ખોટા સુખઇચ્છા ન રાખતાં જે પરિસ્થિતિમાં હોય એમાં સંતોષ માની નિભાવી લેવું જોઇએ. જીવનમાં ગુજરાન પૂરતી આર્થિક પ્રાપ્તિ થતી હોય તો વ્યક્તિએ પોતાનાથી બની શકે તેટલાં વધુમાં વધુ સમય અને શક્તિ જ્ઞાનની ઉપાસનામાં વાપરવાં અને એ જ્ઞાન દ્વારા સમાજની સેવા કરવી જોઇએ.' એમનું જીવન એક ઉચ્ચ આદર્શનો નમૂનો હતું. 'કુમાર' દ્વારા ગુજરાતની ત્રણત્રણ પેઢીઓને પ્રેરણા આપી પોષી. 'કુમાર' માટે એમનું ચયન પણ ઊંડું અને પુષ્ટ રહેતું. કોઈ પણ બાબતમાં ચલાવી લેવાની નીતિના તેઓ સંપૂર્ણ વિરોધી હતા. 'કુમાર' ખાતર અદનામાં અદના માનવીને સામે ચાલીને મળવા જતા અને તેની પાસેથી ઉપયોગી સાહિત્ય-સામગ્રી મેળવી લેતા. એમના પ્રોત્સાહનથી ઘણે ક્ષેત્રે ઘણી વ્યક્તિઓ ઘડાઈ છે. ગુજરાતના સંસ્કાર-ઘડતરમાં મોટી સેવા કર્યા છતાં અત્યંત નમ્ર અને વિવેકી રહી પોતાની ઉપલબ્ધિ, માનચાંદ કે સિદ્ધિની કદી વાત પણ ન કરતા કે એ અંગે કદી ગર્વ પણ કર્યો નથી.

જિજ્ઞાસુ અને જ્ઞાનપિપાસુ હોઈ વિદ્વાનોની ગોષ્ઠિ હોય, સાહિત્યગોષ્ઠિ હોય, કલા હોય, કલાપ્રદર્શન હોય, સંગ્રહસ્થાન હોય કે પુસ્તકાલય હોય અતિવ્યસ્તતા હોવા છતાં સમય કાઢી તેઓ ત્યાં પહોંચી જતા.

'કુમાર'ના આદ્યસ્થાપક સ્વ. રવિશંકર રાવળે 'કુમાર'નો પ્રથમ અંક પોતાના તંત્રીપણાથી પ્રગટ કર્યો છેક તે દિવસથી એક નમ્ર સાથી તરીકે નેપથ્યમાં રહીને એમણે અંકની બધી જવાબદારી સ્વીકારી હતી. રવિભાઈ પ્રત્યેનો એમનો પૂજ્યભાવ અને અહોભાવ પણ હૃદયના ખૂબ ઊંડાણથી હતો. દર બેસતે વરસે રવિભાઇને પ્રણામ કરવા તેઓ જતા. રવિભાઈની કલા અને કલાદૃષ્ટિ માટે તથા એમના જ્ઞાન અને સાહસ માટે એમને અહોભાવ, સમજપૂર્વકનું ગૌરવ અને માન હતાં.

કુમાર કાર્યાલયના વરસો જૂના મકાનમાં એક ખૂણે એમની બેઠક તેમાં વરસો જૂની ફરતી ખુરશી, ભીંતોમાં પાટિયાં જડી બનાવેલાં ખાનાં અને ઘોડામાંથી જ્ઞાન ડોકિયા કરતું હોય, સામે એક પટ પર 'કુમાર'માં છપાયેલી સુંદર કૃતિઓ કે દેશવિદેશમાં છપાએલાં સુંદર નમૂનાઓ ચોડયાં હોય. સામેની લાંબી બેઠક પર ગુજરાતના સમર્થ સાહિત્ય-સ્વામીઓ, કલાકારો, મુલાકાતીઓ અને વિશેષ-વ્યક્તિઓ ાવી-બેસી ચર્ચા કરતી હોય એ ત્યાંનું રોજિંદું દૃશ્ય. પણ બધી વાતોમાં ચુભાઈની દૃષ્ટિ 'કુમાર' પૂરતી જ હોય. 'કુમાર'ને સમૃદ્ધ કરવામાં એ વ્યક્તિ કેટલી કામ આવે એ એમની નેમ. ઘણા સાહિત્યકારો, કવિઓ અને કલાકારોને 'કુમાર'માં સ્થાન આપી એમની પ્રતિભા પ્રગટાવી એમને પ્રગતિને પંથે એમણે દોર્યા છે. પુસ્તકોની વચ્ચે ઘેરાઇને ધૂણી ધખાવી બેઠેલા આ નમ્ર પુરુષે ઘણી પાકટવયે જ્યારે એ વિદેશને પ્રવાસે ગયા ત્યારે પણ એમણે 'કુમાર'ને જ ભવ્ય અંજલી આપી હતી કે, 'આ ખુરશીને પ્રતાપે હું વિદેશ ગયો છું અને ત્યાં 'કુમાર'ના ચાહકો-ગ્રાહકોએ પ્રેમથી અને આદરથી મને દૂરદૂર દુનિયાના દેશોમાં ફરવાથી વ્યવસ્થા કરી આપીને મારી સેવા કરી છે. એમનો હું ઋણી છું.'

દેવીદેવતા પ્રત્યે એમના હૃદયમાં શ્રદ્ધા હતી પણ તે અંધશ્રદ્ધા ન હતી. અલબત્ત, કુમાર કાર્યાલયમાં પહોંચતાં પૂર્વ તેઓ દેવદર્શન અચૂક કરતા આવતા, પરંતુ એમની સાચી આરાધના તો 'કુમાર'ની જ હતી.

ખૂબ ઓછી વ્યક્તિને સુખી દાંપત્ય-જીવન મળે છે. સદ્‌ભાગ્યે એમનાં પત્ની પણ એટલાં જ નિષ્ઠાવાન હતાં. બચુભાઈની ઝીણામાં ઝીણી બાબતની એ જાતે દરકાર રાખતાં. એમના ક્રમ પ્રમાણે બધી વસ્તુ તૈયાર રાખતાં, મહેમાનોની સરભરા પ્રેમથી કરતાં. એમના નામ (સાકરબા) પ્રમાણે એમનામાં ગુણો હતા. જેમ સાકર દૂધમાં મળી જાય તેમ તેઓ બચુભાઈના જીવનમાં સમાઈ ગયાં હતાં. ૧૯૭૭માં એમના અવસાન પછી બચુભાઈ વ્યસ્ત રહેવા છતાં એકલતા અનુભવતા.

બચુભાઇને કલામાં વિશેષ રુચિ હતી. અભ્યાસકાળ દરમિયાન ચિત્રકલાની પરીક્ષાઓ પણ આપી હતી. 'કુમાર'માં રવિભાઇનો સતત સંપર્ક રહ્યો એટલે ચિત્રકળામાં એમની એ અભિરુચિ વિકસી હતી. ચિત્રકલાની વિવિધ શૈલીઓ, લક્ષણો ખાસિયતો તેમ જ વિદેશી કલા અને કલાકારોની સારી પરખ એમણે કેળવી હતી. 'કુમાર'માં કલાવિષયક માહિતીપ્રચુર લેખો, ચિત્રો અને રેખાંકનો તથા અન્ય સામગ્રી સાથે પ્રકાશિત થયા છે એનાં મૂળમાં એમનો ચિત્રકળા પરત્વેનો અભિગમ મુખ્ય હતો. બચુભાઇએ કુમારમાં કલાના લેખો, ચિત્રો ને પરિચયની રસાસ્વાદની નોંધો પોતે લખી છે. કલાના મર્મને સમજાવતાં, વિશિષ્ટતા દર્શાવતાં, સૌન્દર્યબોધ કરાવતાં ને ઐતિહાસિક મૂલ્યાંકન સમજાવતાં એમનાં લખાણો કળા-સાહિત્યના ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. ગુજરાતના કલાકારોમાં શ્રી રવિભાઇનું ઘણું મહત્ત્વ છે. તેમની સાથે છેલ્લા ચાર દાયકાથી બચુભાઇએ 'કુમાર'દ્વારા કલાના ઉત્થાનની જે જહેમત ઉઠાવી હતી એ ગુજરાતના કલાક્ષેત્રે એક નોંધપાત્ર ઘટના છે. બચુભાઈ રસિક પણ હતા. બનારસના એમના નિવાસ દરમિયાન એમના સાંનિધ્યમાં કાલિદાસ સમારોહ ચિત્રપ્રદર્શન માટે 'ઋતુસંહાર'નું ચિત્ર મેં કર્યું હતું. ત્યારે ભવિષ્યમાં 'કલારવિ ટ્રસ્ટ'નું ભવન બંધાય ત્યારે આ ચિત્ર ભીંત પર કરી આપવા મને કહ્યું હતું. સંસ્કૃત સાહિત્ય પ્રત્યે પણ એમની ઊંડી અભિરુચિ હતી. મહાકવિ કાલિદાસના એઓ અનુરાગી હતા. 'કવિલોક'ના લગભગ ૨૦ અંકોનાં મુખપૃષ્ઠ પર ઋતુસંહારના અનેક શ્લોકો પર એમણે મારી પાસે ચિત્રો કરાવ્યાં હતાં.

'કુમાર'માં છપાતાં ચિત્રોનો રસાસ્વાદ એમની સુમધુર અને લલિત ભાષાનો પરિચય આપે છે. ઘણાની એવી માન્યતા છે કે બચુભાઈ આધુનિક કલાના વિરોધી હતા, પરંતુ એવું નથી. આ અંગેનું વલણ કલાક્ષેત્રે 'કુમાર' દ્વારા કરેલી સેવા બદલ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ એમનું સન્માન કર્યું ત્યારના સંક્ષિપ્ત પ્રવચનમાં એમણે સ્પષ્ટ કર્યું છે, જેમાં કલાવિશેના એમના જ્ઞાનનું સહજ દર્શન છે.

બચુભાઈ મિતાહારી, મિતભાષી અને મિતવ્યયી હતા. એમનું દીર્ઘજીવન, 'કુમાર'નું ટચૂકડું કાર્ડ અને એમની પારિવારિક વ્યવસ્થા એની સાક્ષી પૂરે છે, જીવનભર સીમિત વેતનમાં પણ એમનું ગૃહસ્થી જીવન બહુ વ્યવસ્થિત હતું. મોટો પરિવાર હોવા છતાં એમની વ્યવસ્થા એટલી કુનેહભરેલી કે તેમાં કોઈ દિવસ ક્યાંય અશાંતિ વરતાઈ જાણી નથી. પરિવારની દરેક વ્યક્તિ એમની આમન્યા અને મર્યાદા જાળવતી.

એમના નિવાસસ્થાનના ખંડની ભીંતો પુસ્તકોથી ખચેલી રહેતી. કબાટોમાં કટિંગ્સ, ફોટોગ્રાફસ અને એવી અઢળક સામગ્રીઓ તેમાં રહેતી. ખંડ વચ્ચે હીંચકા ઉપર પણ સામયિકો ખડક્યાં હોય. બારી પાસે નાનકડી લાંબી ગાદી પર એમની બેઠક, જ્યાં બેસી 'કુમાર'નાં પ્રૂફ જુએ, લખે-વાંચે કે આરામ કરે. આસપાસ નાનકડા ગોખલાઓમાં કલાના સુંદર નમૂનાઓમાં નવગ્રહોની પ્રતિમાઓ, નાનકડી સુંદર દીપિકા, કળશ અને કલામય સુંદર કૅલેન્ડર લટકતું હોય. પુસ્તકોના એ ખૂબ શૉખીન. કુમાર કાર્યાલયમાં અનેક વિષયોમાં ઉપયોગી ગ્રંથોથી સમૃદ્ધ એવું પુસ્તકાલય એમણે વસાવ્યું છે. આ પુસ્તકોની પસંદગી પણ ખૂબ ઝીણવટથી સીમિત આર્થિક સ્થિતિને અનુલક્ષીને કરતા.

રાજકારણમાં પણ એમની એક વિચારધારા હતી, પરંતુ 'કુમાર'ને એમણે રાજકારણથી તદ્દન અલિપ્ત રાખ્યું એ એમની વિશેષતા છે. કલામાં અને સાહિત્યમાં એમની દૃષ્ટિ 'સુકૃતિનો કવિશ્વરઃ' હતી. વાર્તા કાવ્ય કે ચિત્ર મંગલમય હોય એવું એ વધુ પસંદ કરતા. અત્યન્ત કરુણ, ક્લિષ્ટ કે વિકૃત એમને જચતું નહિ.

એમના ત્રીજા પુત્ર અનંતના અકાળ અવસાનનો એમને ઘેરો આઘાત લાગ્યો હતો, અને જીવનની નમતી સંધ્યાએ પત્નીના અચાનક અવસાનથી એમનું મન ભાંગી ગયું હતું. ધીરેધીરે શરીર નબળું પડતું ગયું, રોગગ્રસ્ત થતું ગયું. લગભગ ૮૦ વરસની ઉંમરે એમણે મને કહ્યું હતું કે 'મારી ઇચ્છા ૯૨-૯૪ વરસ જીવવાની હતી, પરંતુ આ વ્યાધિને લીધે એ આશા પડતી મૂકી હવે બે-ત્રણ વરસ જીવીશ.' આમ, બચુભાઈ મૃત્યુ પ્રત્યે પૂરા સજાગ હતા. પોતાની ભૌતિક સંપદાને પણ વ્યવસ્થિત કરી પરિવારમાં સંતોષ અને સ્વસ્થ વાતાવરણ પ્રદાન કર્યું હતું. આજે ઘરની દરેક વ્યક્તિ બાપુજીને યાદ કરી આંખ ભીની કરે છે. જે ઘરમાં પુત્રવધૂઓ અશ્રુભીની આંખે અંજલી આપી દેવ સમા માને એ એમને માટે સ્વર્ગ પામ્યા સમું છે. 'અદ્યમે સફલં જન્મ અદ્યમે સફલાઃ ક્રિયાઃ'નો ભાવ અનુભવી એમણે આ પાર્થિવ જગત છોડયું છે. એવા સ્થિતપ્રજ્ઞ બચુભાઇને આ નાનકડા અક્ષર-સમુચ્ચય દ્વારા ભાવાંજલી અર્પું છું. □

આચાર્ય સંતપ્રસાદ ભટ્ટ (અનુ. પૃ. ૬૬) શેક્સપીઅરની નાટ્યકૃતિઓના આંતરસત્ત્વને આટલી આહ્‌લાદક રીતે ભાગ્યે જ કોઇએ આત્મસાત્ કર્યું હશે. એક મહાન સર્જક વિષે-તેનાં સમગ્ર પાસાં વિષે લખતાંલખતાં સ્વયં લેખકની સર્જનાત્મક વાણી કેવી વિવિધ સ્વરૂપે તેમાં મહોરી રહી છે! સંશ્લેષક અને વિશ્લેષક, ઐતિહાસિક અને તુલનાત્મક, પરલક્ષી અને આત્મલક્ષી એમ વિવેચનની વિવિધ પદ્ધતિઓનો તેમાં વિનિયોગ છે અને તેથી ય વિશેષ એ વિષયને જેમ-જેમ ખેડતા આવે છે તેમ ભાષાય ખેડાય છે - નવાનવા ચાસ ઊઠતા આવે છે. શેક્સપીઅર મનુષ્ય તરીકે અને સર્જક તરીકે તેમાં ઝુલવાયો છે. શેક્સપીઅરના સમયમાં, તેના ચિત્તમાં અને સર્વાધિક તો તેની નાટ્યસૃષ્ટિના અંતઃપુરમાં પ્રવેશવાનું સુવર્ણદ્વાર પ્રસ્તુત પુસ્તક દ્વારા આપણી ભાષામાં ખુલ્લું મુકાયું છે.

તાજેતરમાં તેમની નિવૃત્તિના ઉપલક્ષ્યમાં યોજાયેલા સમારોહમા જે ઊલટથી વિશાળ જનસમુદાયે અને વિદ્વાન વક્તાઓએ ભટ્ટસાહેબને સન્માન્યા તે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું અભિરામ દૃશ્ય હતું. ભટ્ટસાહેબ કદી નિવૃત્ત થાય જ નહિ. તેમનું સપ્રવૃત્ત ચિત્ત આજે પણ એટલું જ તાજગીસભર છે. હા, આપણે હક દાવાથી કહી શકીએ કે તેઓ આપણને વધુ લખાણો આપે. પરિષદના ઉપક્રમે એમણે આપેલાં છ હિલ-ડોલ વ્યાખ્યાનો પણ ગ્રંથસ્થ થવાં જોઇએ. શેક્સપીઅરની ટ્રૅજેડીઝ પર પણ એમનું લખાણ મળે તો કેવું સારું!

આચાર્ય આનંદશંકર ધ્રુવથી માંડી આજ લગી ગુજરાતે જે કેટલાક ઉત્તમ શિક્ષકો આપ્યા છે તેમાં આચાર્ય સંતપ્રસાદ ભટ્ટનું - એસ. આર. ભટ્ટનું સ્થાન અનન્ય છે અને રહેશે. આપણું મોટું સદ્‌ભાગ્ય છે કે આપણે આવા વિરલ જન્મજાત શિક્ષકના સમકાલીનો છીએ. □

કલાવાર્તા (અનુ. પૃષ્ઠ ૭૬થી) ઓછા જોવા મળે છે જ્યારે આ માળામાં આપેલાં વર્ણનોમાં તેનું વૈવિધ્ય ભારતીય પ્રજાના દેહવર્ણની ભિન્નતાઓનો અચ્છો ખયાલ આપે છે. ખાસ કરીને મેઘરાગના પરિવારમાં જોવા મળતા ઘેરા દેહવર્ણ આ ચિત્રોને સ્થાનિક ને વિશિષ્ટ સ્પર્શ આપે છે. આ રીતે આ ચિત્રો કેવળ દરબારી ન લાગતાં આ પ્રદેશના સામાન્ય જનસમાજનો પણ ખયાલ આપે છે.

રાધનપુરનાં આ રાગચિત્રોમાંથી બાર ચિત્રો ચૂંટીને તેને પૂર્ણરંગમાં સુંદર રીતે છાપી ઈ. ૧૯૮૨ની એક સુંદર ડાયરી અમદાવાદના 'પ્રિન્ટોનિટ' તૈયાર કરી છે. તેની સાથે આ ગ્રંથ વિષે 'જર્નલ ઑવ ઓરીએન્ટલ ઇન્સ્ટિટયૂટ'(માર્ચ-જૂન, ૧૯૮૧)માં શ્રી રતન પારિમૂએ લખેલી વિસ્તૃત નોંધમાંથી તારવણી કરીને આપેલી માહિતી આ ચિત્રોને સમજવા-માણવામાં સહાયક બની રહે છે. ડાયરીમાં આપેલાં એ બાર ચિત્રોમાંનાં ચારની અહીં એકરંગી છાપ આપી છે અને શ્રી પારિમૂની નોંધનો કેટલોક અંશ પણ, જે સંગીત અને ચિત્રકળા બંને ક્ષેત્રે ૧૧૩ વર્ષ પહેલાંની એક સુંદર સચિત્ર હસ્તલિખિત ગુજરાતી કૃતિનો આછો શો પરિચય આપી રહેશે. —સં.









ઈ. ૧૮૩૯માં રાધનપુરના હસ્તલિખિત 'રાગ-મંડલ'માંનાં ચાર રાગચિત્રો. મથાળે ડાબી બાજુથી અનુક્રમે : (૧) રાગ ભૈરવની ભાર્યા રાગિણી 'ભૈરવી', (૨) એ જ પરિવારની રાગિણી 'ખિલાવલી', (૩) રાગદીપક અને (૪) મેઘ રાગનો પુત્ર રાગ 'ગૌડ'. રાગમાળાનાં અન્ય પ્રાપ્ત ચિત્રો કરતાં આ ચિત્રમાળામાં રાગપરિવારના વર્ગીકરણ સહિત માનવસ્વરૂપે તેમની લાક્ષણિકતા પણ ભિન્ન રૂપે નિરૂપાઈ હોઇએ તેની સૂચક વિશિષ્ટતા છે. રચનાકાળના ઉલ્લેખ સાથે ગુજરાતી ભાષામાં સંગીત વિષયક આ એક જ સચિત્ર કૃતિ પ્રાપ્ત હોઈ તેનું આગવું મહત્ત્વ છે.

કલાવાર્તા

રાધનપુરનાં રાગચિત્રો

ભારતીય લઘુચિત્રોમાં રાગરાગિણીઓની લાક્ષણિકતા દર્શાવતાં ચિત્રોનું એક આગવું સ્થાન છે. રાગમાળાનાં ચિત્રો તરીકે ઓળખાતી આવી અનેક ચિત્રશ્રેણીઓ મળી છે, અને રાજસ્થાનનું સ્થાન તેમાં મોખરાનું રહ્યું છે, છતાં તેની પડોશમાં જ આવેલા ગુજરાતમાં આવાં ચિત્રો થયાં હોય તેવી બહુ માહિતી મળતી નથી. અલબત્ત, આવાં રાગચિત્રો નથી થયાં એવું તો ન કહી શકાય, પરંતુ એ અતિ અલ્પ પ્રમાણમાં જ ઉપલબ્ધ છે. અમદાવાદના કલાવ્યાસંગી ચિત્રકાર શ્રી અમિત અંબાલાલના સંગ્રહમાં ગુજરાતમાં જ આલેખાએલાં આવાં ચિત્રો છે. રચનાકાળનો નિશ્ચિત નિર્દેશ આપતા ગુજરાતી ભાષામાં લખાએલા એક સંગીતવિષયક હસ્તલિખિત ગ્રંથ સાથેનાં આ ચિત્રો એ એક મહત્ત્વભરી સૂચક ઉપલબ્ધિ છે.

રાધનપુરના નવાબ જોરાવરખાનના સમયમાં વિ. સં. ૧૮૯૬ (= ઈ. ૧૮૩૯)માં આ ગ્રંથ ત્રિકમલાલ માંગરોળ બંદરકરે તૈયાર કરેલો છે. તેમાં જણાવ્યા પ્રમાણે 'ગાયક અને વાદક સાચી રીતે સમજીને ગાઈ-વગાડી શકે તે માટે' નવાબના હુકમથી ત્રિકમલાલે 'સરાસરી જબાન' (ગુજરાતી)માં આ ગ્રંથ 'મુફતાહસરુર' અને 'રાગ દર્પણ' નામના બે ફારસી ગ્રંથોના આધારે સંકલન કરીને તૈયાર કર્યો છે. તેનું નામ છે 'રાગ મંડલ'.

ત્રિકમલાલ મૂળ તો વડનગરા નાગર. પિતા કાનજી બક્ષી માંગરોળથી રાધનપુર આવી વસેલા. રાજ્યમાં ઉત્તરોત્તર બઢતી પામી ત્રિકમલાલે રાધનપુરનું દીવાનપદ મેળવેલું. ઈ. ૧૮૮૪માં એનું અવસાન થયું. એના પુત્ર અનંતપ્રસાદે (જન્મ : ૧૮૬૦) પણ રાધનપુરમાં વહીવટીક્ષેત્રે ઉચ્ચ સ્થાને કામ કરેલું, પરંતુ એની વિશેષ ખ્યાતિ ગુજરાતના એક ભક્ત કવિ તરીકેની વધારે છે. પોતે રચેલા 'અનંત આખ્યાન'માં એણે રાગ અને છંદ પણ સૂચવ્યા છે એ પરથી એને પણ સંગીતનું જ્ઞાન હશે તેમ લાગે છે.

રાધનપુર એ કાળે બાબી વંશના નવાબ જોરાવરખાનના શાસનમાં હતું. ઈ. ૧૮૨૫માં ગાદીએ આવેલા આ નવાબનું ઈ. ૧૮૭૪માં અવસાન થયું. અર્ધી સદી જેટલો આ દીર્ઘ શાસનકાળ શાંતિમાં વીત્યો એટલે રાજ્યમાં સંગીત આદિ કળાનો પણ સારો વિકાસ થયો હશે તેમ આ 'રાગ મંડલ' ગ્રંથ પરથી કલ્પી શકાય છે. ગ્રંથની ચિત્રમયતા જોતાં ચિત્રકળાને પણ ત્યારે સારું ઉત્તેજન મળતું હશે તેમ સહેજે જણાઈ આવે છે.

જે મૂળ ફારસી ગ્રંથ 'મુફતાહસરુર'નો ત્રિકમલાલે આધાર લીધો હોવાનું નોંધ્યું છે તે હાલ હૈદરાબાદના સાલારજંગ મ્યૂઝિયમમાં છે. તેમાં નોંધ્યા પ્રમાણે ઈ. ૧૬૬૩માં ઔરંગાબાદ સૂબામાં દૌલતાબાદ નજીક 'અન્તુર' કે 'અનનુર' નામના સ્થળે તે તૈયાર થયો છે. 'સંગીત રત્નાકર', 'રૂપ રત્નાકર' 'સંગીત માર્કંડ' વગેરે સંસ્કૃત ગ્રંથોનો તેમાં આધાર લેવાયાની નોંધ પણ છે, પરંતુ રાધનપુરના ગ્રંથમાં ત્રિકમલાલે એ અસલ સંસ્કૃત ગ્રંથો જોયા લાગતા નથી. કારણ 'મુફતાહસરુર'ની ફારસી ભાષામાં લેખકે રાગનાં નામો વગેરેમાં કરેલી ભૂલો ત્રિકમલાલે પણ દોહરાવી છે. આમાં મુખ્યત્વે રાગરાગિણીનાં માનવસ્વરૂપો કલ્પી તેનું વર્ણન છે જેનો ત્રિકમલાલે આધાર લીધો છે, જ્યારે સૈદ્ધાંતિક આધાર તેણે 'રાગ દર્પણ'ની ફારસી નકલ પર રાખ્યો છે. રાગ-રાગિણીનું વર્ગીકરણ મેશકરણ (ક્ષેમકરણ) પદ્ધતિ મુજબ એટલે કે છ મુખ્ય રાગ, તે દરેકની પાંચપાંચ પત્ની રાગિણીઓ અને એમના આઠઆઠ પુત્રરાગો મળીને કુલ ૮૪ રાગ-રાગિણીઓ થાય. રાગપરિવારની માળામાં આ રીત પશ્ચિમ ભારતનાં રાગમાલા-ચિત્રોમાં ખાસ અપનાવાઈ નથી. એ રીતે પણ રાધનપુરનો આ ગ્રંથ ગુજરાત જ નહિ, રાજસ્થાનમાં પણ આગવો બની રહે છે.

આ ગ્રંથમાં ૧૬×૨૫ સે. મી. કદનાં ૧૭૦ પૃષ્ઠ છે, જેમાં ૧૧×૧૫ સે. મી. કદમાં આવી રહે તેવડાં ૮૪ ચિત્રો છે, મતલબ કે ગ્રંથમાં ચિત્રો પર સારું એવું લક્ષ અપાયું છે. લખાણ મુખ્યત્વે પાંચ ભાગમાં છે, જેમાં : (૧) રાગ, ગ્રામ અને મૂર્છનાની પાયાની સમજ, (૨) મુખ્ય છ રાગ, તેમની ભાર્યા રાગિણીઓ અને પુત્રરાગોનાં માનવ-સ્વરૂપનું વર્ણન, (૩) ગાયનની રીત, (૪) પખાવજ-વાદનની સમજ અને નૃત્યની રીત તથા (૫) રાગ-રાગિણી ને પુત્રરાગોનો ક્રમ. આમાં રાગ-રાગિણીનાં માનવ-સ્વરૂપનું વિગતવાર વર્ણન ખાસ ધ્યાન ખેંચે છે. ગ્રંથની યોજના જોતાં લાગે છે કે પ્રથમ એકએક પાનું કોરું રાખીને રાગવર્ણન લખાયું હશે અને તે પછી યોગ્ય ચિત્રકાર શોધી તેની પાસે એ વર્ણનના આધારે પેલાં કોરાં પાનાં પર ચિત્રો બનાવરાવ્યાં હશે. અને કદાચ એટલે જ લખાણમાં ક્યાંય ચિત્રકારના નામનો ઉલ્લેખ મળતો નથી.

રાધનપુરનો એ જે કોઈ ચિત્રકાર હોય, પણ તેણે ઊડીને આંખે વળગે તેવા નાજુક એકવડા બાંધાના સુંદર સ્ત્રીદેહ આલેખ્યા છે. એમના પંખાઘાટે ફેલાએલા ઘેરદાર ઘાઘરાવાળાં સ્ત્રીપાત્રો દેવગઢનાં લઘુચિત્રોમાં જોવા મળે છે તેવાં છે. પાત્રોના ચહેરા તીણા સીધા નાકવાળા અને મોટેભાગે એક તરફથી દેખાય તેમ આલેખ્યા છે.

ચિત્રોમાં પાત્રાલેખન પછી બાકીના ખાલી રહેતા વિસ્તારમાં ચિત્રના અગ્ર અને પશ્ચાદ્ ભાગને ખૂબીથી દર્શાવ્યા છે. રાજસ્થાની ચિત્રશૈલીમાં પણ આ ખાસિયત જોવા મળે છે, પણ અહીં ચિત્રકારે પોતાની આગવી રીતે તેના વિભાગ પાડયા છે. ચિત્રમાં નીચેના વિસ્તારને તેણે અગ્ર કે નજીકના ભાગ તરીકે અને ઉપરના વિસ્તારને પાત્રની પાછળના ભાગ તરીકે યા આકાશ કે ચિત્રમાં ઊંડાણ પૂરતા અંતર તરીકે પ્રયોજ્યો છે. દેવગઢના ચિત્રકારોએ પણ આ રીત અજમાવી છે, પણ રાધનપુરના ચિત્રકારે અગ્રભાગ દર્શાવવામાં વૈવિધ્ય દાખવ્યું છે. વળી, કોઈ કોઈ ચિત્રમાં તો પાત્રને આવાસની બહાર બતાવીને અગ્રભાગની ભૂમિને ચિત્રના ઉપરના ભાગમાં દૂર ક્ષિતિજ સુધી લંબાવી આકાશ સાથે મેળવી છે. ક્યાંક તેણે પાત્રોની આસપાસ વૃક્ષો પણ દર્શાવ્યાં છે. પાત્રો, તેમના પોશાક, તેમના આવાસ અને તેમાંનું શોભન વગેરે જોતાં કોઈ સુખી સમૃદ્ધ સમાજ આ ચિત્રોમાં પ્રતિબિંબિત થાય છે. ગ્રંથમાં રાગરાગિણીઓનાં માનવસ્વરૂપનું વિગતે વર્ણન છે. તેમાં તેમના વર્ણ, પોશાક અને તેના રંગ, તેમણે પહેરેલાં આભૂષણો, તેમની અંગસ્થિતિ, આસપાસનું સ્થાન વગેરે વર્ણવ્યું છે, અને તે પણ તદ્દન સરળ ગદ્યમાં જ. ચિત્રકારે તેને અક્ષરશઃ અનુસરીને ચિત્રો કર્યાં છે આથી લખાણ ને ચિત્રો એકબીજાને બરાબર પૂરક બની રહે છે. વળી, અહીં નાયિકાના પાત્રાલેખનમાં ક્યાંય શૃંગારિક ભાવનું ગર્ભિત સૂચન પણ જોવા મળતું નથી. મુખ્ય રાગ એટલે કે નાયકના આલેખનમાં પણ એવી જ સરળતા રહી છે, આથી નાયક-નાયિકાના ચિત્રણમાં શૃંગારિક ભાવ જવલ્લે જ જોવા મળે છે. એમના સંવનન કે પ્રેમોપચાર, નાયિકાની વિરહવેદના કે એ કારણે ચડેલી રીસ વગેરે પણ અહીં આલેખાયાં નથી. શૃંગારિક ભાવનું દર્શન અહીં ક્યાંય કરાવ્યું નથી એ પણ આ ચિત્રમાળાની એક નોંધનીય બાબત છે. રાગ-રાગિણીના લેખિત વર્ણનમાં તેમનો દેહવર્ણ પણ છે ને ચિત્રકાર તેને પણ અનુસર્યો છે. રાગમાળાનાં બીજાં ચિત્રોમાં ઘેરો દેહવર્ણ બહુ (અનુ. પૃ. ૭૫)

ઇન્દ્ર (દિક્પાલ)

પ્રફુલ્લ રાવલ

'પર્જન્યં નમસા વિવાસ' એ 'ઋગ્વેદ' (મંડળ ૫, સૂક્ત ૮૩)નું આજ્ઞાદર્શક નમ્ર કથન જળદેવતા 'પર્જન્ય'ની સ્તુતિ રૂપ છે. 'પર્જન્ય' આર્યોનો આકાશદેવ હતો. આકાશ, વાદળાં કે વરસાદ એમ ત્રણે ય અર્થમાં 'પર્જન્ય' વેદમાં પ્રયોજાએલો છે. 'અથર્વવેદ'માં (૧૨-૧-૧૨) 'પર્જન્ય'ને પિતા (પર્જન્યઃ પિતા) અને પૃથ્વીને એની પત્ની રૂપે વર્ણવેલી છે. (ભૂમ્યૈ પર્જન્ય પત્ન્યૈ। ૧૨-૧-૪૨). જળસૃષ્ટિ દ્વારા પૃથ્વીમાં ગર્ભાધાન કરીને વિપુલ અન્નના ઉપહાર વડે પ્રાણી-વનસ્પતિમાં સૃજન-શક્તિ અર્પનાર, પૃથ્વીને પાળનાર અને અતિવૃષ્ટિ દ્વારા સંહાર કરનાર પર્જન્ય સર્જક, પાલક અને સંહારક હોઈ આર્યોનો આ આકાશદેવ કાળક્રમે ઇન્દ્ર રૂપે પસિદ્ધિ પામે છે. કેટલાક વિદ્વાનોએ આ જળદેવતા પર્જન્યનો સંબંધ લિથુઆનિયના 'પેર્કુંબસ' સાથે હોવાની સંભાવના કરી છે. પર્જન્ય બિંદુ અર્થાત્ ઇન્દ્ર.

દિક્પાલવિભાવનામાં આ ઇન્દ્રને પૂર્વ દિશાનો રક્ષક માન્યો છે. ઇન્દ્રને વેદકાલીન આર્યોનો 'રાષ્ટ્રીય દેવ' કહી શકાય. વેદમાં ઇન્દ્રને ઉદ્દેશીને રચાયેલાં ૨૫૦ જેટલાં સૂક્તો ઇન્દ્રની અપૂર્વ પ્રસિદ્ધિ-લોકપ્રિયતાની પ્રતીતિ કરાવે છે. એ કાળમાં લોકપ્રિયતાની દૃષ્ટિએ ઇન્દ્ર ગ્રીકદેવ ઝ્યુસ જેટલો સુપ્રસિદ્ધ હતો.

આ આકાશદેવતા ઇન્દ્ર ક્રમશઃ સર્જનહાર, પ્રાણીમાત્રનો રાજા બનીને વિજયવંત યુદ્ધદેવનું રૂપ ધારણ કરે છે. ઇન્દ્રને શક્તિરૂપ માનવામાં આવ્યો છે. તેનાં વિશ્વવેદ, સપ્તરશ્મિ, સપ્તાહન, વૃત્રહન્, શતક્રતુ, શક્ર, અપ્સુજિત, શચીપતિ ઇત્યાદિ અપરનામો શક્તિનાં દ્યોતક છે. 'ઋગ્વેદ'માં ઇન્દ્રવૃત્ર યુદ્ધનાં વર્ણનો ઉપલબ્ધ થાય છે.

'પ્રશ્ન ઉપનિષદ', 'મુણ્ડક ઉપનિષદ', 'માણ્ડૂક્ય ઉપનિષદ'માં ઇન્દ્રને 'મોટી કીર્તિવાળા' (સ્વસ્તિ ન ઇન્દ્રો વૃદ્ધશ્રવાઃ) રૂપે ઓળખાવ્યો છે. 'પ્રશ્ન ઉપનિષદ'માં પ્રાણને ઇન્દ્ર કહે છે. 'તૈત્તિરીય ઉપનિષદ'માં 'ઇન્દ્રદેવ સુખકર થાઓ' એમ ઇન્દ્રની સ્તુતિ કરાયેલી છે. 'ઐતરેય ઉપનિષદ' ઇન્દ્રને 'ઇદન્દ્ર' (આ જોનારો)-દ્રષ્ટા કહે છે. વળી 'રુદ્રદેવતાઓ ઇન્દ્રની આગેવાની હેઠળ પોતાની આજીવિકા ચલાવે છે' એવા 'છાંદોગ્ય ઉપનિષદ'ના કથનમાં ઇન્દ્રની મહત્તાનું ગાન છે. 'કેન-ઉપનિષદ' ઇન્દ્રને બધા દેવોમાં ચડિયાતો માને છે. તે આધિદૈવિક, અધિષ્ઠાતા દેવ છે. અંધકારનો પરાજય કરીને પુનઃ પ્રકાશ પ્રાપ્ત કરનાર-કરાવનાર ઇન્દ્ર પ્રકાશનો દેવ છે. તે ઉષા-જળનો તારણહાર છે. સૂર્યને પરાજિત કરીને તેને સહાયભૂત થનાર ઇન્દ્રને 'તૈત્તિરીય આરણ્યક'માં 'અહલ્યાનો જાર' કહ્યો છે.

વિશાળ બાહુવાળા અપાર શક્તિશાળી, યુદ્ધપ્રિય ને વીરતાના દ્યોતક દેવાધિદેવનો વ્યાપક પ્રભાવ કૃષ્ણના પ્રભાવ પૂર્વે હતો, તેની પ્રતીતિ પ્રાચીન સમયમાં ઉજવાતા શક્રમહ કે ઇન્દ્રમહ મહોત્સવ પરથી થાય છે. આ મહોત્સવમાં ઇન્દ્રધ્વજનું પૂજન થતું. રામાયણ-મહાભારત, હરિવંશ, બાલચરિત, બૃહત્સંહિતા, રઘુવંશ, તમિળકાવ્ય શિલપ્પાધિકારમ્, રાજતરંગીણિ, મૃચ્છકટિક, દેશીનામમાલા, નાટ્યશાસ્ત્ર ઇત્યાદિ ગ્રંથોમાં ઇન્દ્રમહનો ઉલ્લેખ મળે છે. કૃષ્ણે ઇન્દ્ર-મહોત્સવનો વિરોધ કર્યો ત્યાર પછી ઇન્દ્રની મહત્તામાં ક્રમશઃ ઓટ આવતી ગઈ.



△ મોઢેરાના સૂર્યમંદિરમાં દિક્પાલ ઇન્દ્ર △

વૃત્રને હરાવનાર ઇન્દ્રને વિષે વેદમાં જે કલ્પના કરવામાં આવી છે તે સ્પષ્ટતઃ પ્રતીકાત્મક છે. અંધકાર-પ્રકાશ માત્ર પ્રતીક રૂપ છે. અંધકાર એ અનિષ્ટનો પર્યાય છે, જ્યારે પ્રકાશ અનિષ્ટના છેદન પછીની પરિસ્થિતિ છે. સંભવતઃ એ દેવજાતિનો પરાક્રમી રાજા હોવો જોઇએ. જે સ્વકીય પરાક્રમ-શક્તિ વડે અન્ય સમકાલીન રાજવીઓને સહાયભૂત થતો હશે, જેના પરિણામે કાળક્રમે તે દેવતારૂપે સ્થાપિત થયો હશે. આમ, આદિત્ય રૂપ ઇન્દ્ર એ કાળે ચોમેર પ્રસરેલો સમૃદ્ધ શક્તિશાળી, યુદ્ધપ્રિય રાજા હતો જે પરાક્રમે દેવરૂપ પામ્યો.

પૂર્વ દિશાના પાલક ઇન્દ્રની દ્વિભુજ કે ચતુર્ભુજ મૂર્તિ કંડારાય છે. દિક્પાલ ઇન્દ્રનું વાહન હાથી છે. 'અગ્નિપુરાણ'માં 'ઐરાવત'નો ઉલ્લેખ છે ને વજ્ર તેનું આયુધ છે. ચતુર્ભુજ ઇન્દ્ર વજ્ર, અંકુશ અને કમંડલુ ધારણ કરે છે. ચતુર્થ હસ્ત વરદ મુદ્રામાં હોય છે. આ મૂર્તિ (જુઓ ચિત્ર)માં હાથી, વરદ મુદ્રા, કિરીટમુકુટ, બાવડે કેયૂર અને ગળામાં બે હાર જોવા મળે છે. સૌમ્ય મુખમુદ્રાયુક્ત દેવાધિદેવ દિક્પાલ ઇન્દ્રની આ મૂર્તિ મોઢેરાના સૂર્યમંદિરમાં કંડારેલી છે. □

અનુસંધાન] બ્રિજ [પૃષ્ઠ ૮૩થી

વડે જ બોલવાની શરૂઆત થાય. આમ 'એક' એટલે ૭+એક, કુલ સાત હાથ સમજવાના. '૧ કાળી' એટલે કાળીના સરથી સાત હાથ કરવાના, '૨ ચોકટ' એટલે ચોકટના સરથી આઠ હાથ, '૪ લાલ' એટલે લાલના સરથી દસ હાથ એમ સમજવું.

ટૂંકમાં સમજવા માટે આપણે લખાણમાં હવે પછી ધારો કે ફુલ્લીના ૮ હાથ કરવાનું કોઈ જાહેર કરે તો તે 2 clubs યા 2C અથવા 2 ♣ એ રીતે દર્શાવીશું. સર વિનાની બાજીમાં નવ હાથ કહેવા 3 N. T. દર્શાવીશું.

બ્રિજની રમતના આ નિયમો સમજી લીધા બાદ હવે પછી આપણે તેની 'સ્કોરિંગ' પદ્ધતિ એટલે કે માર્કસ ગણવાની રીત જોઈશું. (ચાલુ)

અનુસંધાન] **કૉમ્પુ** [પૃષ્ઠ ૭૦થી

કૉમ્પુ હવે સરળતાથી પાછો મળે તેમ લાગતું નથી. હજી વધુ ધરતીકંપ થવાની પણ શક્યતા જાહેર થઈ છે. કાલના ભૂકંપમાં ઓસાકામાં દોઢસોથી વધુ માણસો માર્યા ગયા છે અને હજારથી યે વધુ ઝખમી થયા છે, અને એકાદ-બે દિવસમાં ફરી ભૂકંપ થવાની શક્યતા છે.

અત્યારે રાતના બાર વાગવા આવ્યા છે. મેં આ નોંધ આરંભી ત્યાં સુધી કુટના મારા રૂમમાં જ હતા. એ હજી યે માને છે કે કૉમ્પુ પોતાની ઇચ્છાથી જ નાસી ગયો છે. જો કે એનું કારણ ફરીફરીને વિચાર્યા છતાં એ શોધી શક્યા નથી. તેમને લાગે છે કે ભૂકંપને લીધે જમીન પર પટકાઈ પડતાં તેની આંતરિક રચનામાં કંઈક ધક્કો વાગતાં એનું ભેજું બગડી ગયું હોય એવું પણ બને. આ સમગ્ર ઘટના અંગે કોઈ પણ તારણ કાઢવા જેટલી મારી બુદ્ધિ ચાલતી નથી.

૧૬ માર્ચ, રાતના અગિયાર.

આજની ઘટનાઓ અત્યંત આશ્ચર્યજનક રહી. અમારા ચારેય વિજ્ઞાનીઓમાં કુટના માથું અધ્ધર રાખીને ફરે છે. કૉમ્પુ વિષે એનું અનુમાન અધિકાંશે સાચું હતું એ આ ઘટનાથી સિદ્ધ થયું છે. આ પછી તો હવે ભવિષ્યમાં કોઈ યાંત્રિક મગજ તૈયાર કરવાનું સાહસ જ કદાચ નહિ કરે એવું લાગે છે.

કાલે રાતે નોંધ લખ્યા પછી ઊંઘ ન આવવાથી પથારીમાં આળોટયા કરવું પડયું. અંતે લાચાર થઈ હું મારી ખાસ બનાવેલી ઊંઘની ગોળી 'સોમ્નોલિન' લેવા માટે ઊભો થયો, અને ત્યાં જ બારી બહાર નાશુરા ઇન્સ્ટિટયૂટની પાસેના પાર્કમાં મારી નજર પડી. આ પાર્ક જાપાનની લાક્ષણિક રીતે રચેલો છે. તેમાં તદ્દન કુદરતી લાગે એ રીતે જ બધાં વૃક્ષછોડ, કેડીઓ, પથ્થરના ઢગ, નાળાના પાણીને વાળીને બનાવેલું જલાશય વગેરેની અતિ સુંદર રચના કરી છે. બધું જ યોજનાપૂર્વક છતાં સ્વાભાવિક અને સુંદર લાગે એ રીતે આવાં ઉપવન રચવાં એ આ દેશની એક આગવી ને અનોખી ખાસિયત છે.

પથારીમાંથી ઊભા થતાં બારી બહાર મારી નજર પડી. મેં જોયું કે અર્ધી રાતે ત્યાં કોઈ ટૉર્ચ લઇને ફરી રહ્યું છે. વચ્ચેવચ્ચે એ ટૉર્ચ હોલવાઈ પણ જતી હતી. દૂર હોવા છતાં અંધારામાં ટૉર્ચના પ્રકાશની હલનચલનથી મારું લક્ષ ત્યાં દોરાયું હતું. લગભગ પંદરેક મિનિટ સુધી પ્રકાશની એ હલચલ ચાલુ રહ્યા પછી બંધ પડી ગઈ. લાગ્યું કે કોઈ ત્યાં અંધારામાં કંઈ શોધતું હતું ને પછી હતાશ થઈ પાર્ક છોડી ચાલ્યું ગયું.

સવારે ડાઇનિંગરૂમમાં મેં બાકીના ત્રણેય વિજ્ઞાનીને આ વાત કરી અને અમે નાસ્તા પછી પાર્કમાં જઇને તપાસ કરવાનું નક્કી કર્યું.

આઠેક વાગ્યે અમે ચારેય જણ નીકળ્યા. જાપાનના ઘણાખરા શહેરની જેમ ઓસાકા પણ અસમતલ નગર છે. સમસ્ત શહેરમાં નાનાં સાંકડાં નાળાં ને નહેર પથરાએલાં છે, અને એને વળોટવા માટે નાનકડા સુંદર પુલ પણ. માર્ગમાં આવતા ઢાળચઢાણ ચડતાંઊતરતાં અમે પાર્કમાં પ્રવેશી એક કેડી પર આગળ વધ્યા. પોતાના દેશનાં વૃક્ષો ઉપરાંત જાપાનીઓએ હવે તો પરદેશી મૅપલ, બર્ચ ને ઑક વગેરે વૃક્ષો પણ ઉગાડવા માંડ્યાં છે તે અહીં પણ જોવા મળ્યાં. આને લીધે ક્યારેક તો આપણે જાપાનમાં છીએ એ પણ ભૂલી જવાય.

પંદરેક મિનિટ ચાલ્યા પછી અમને ઇન્સ્ટિટ્યૂટનો ન હોય એવા કોઈની હાજરી ત્યાં લાગી. નજીક જતાં જણાયું કે દસબાર વર્ષનો એક છોકરો ત્યાં ભમતો હતો. ટૂંકા કાપેલા વાળ, અને ખભા પર શાળાનાં પુસ્તકો ભરેલો થેલો જોતાં લાગ્યું કે શાળાએ પહોંચતાં પહેલાં એ કોઈ ઇરાદાથી અહીં આવ્યો હતો. અમને જોતાં જ ચમકી જઈ એ અમારા ભણી પહોળી આંખે તાકી રહ્યો. કુટનાને થોડુંઘણું જાપાની આવડે છે. એણે પૂછ્યું 'કોણ છે તું, તારું નામ શું છે?'

'સેઈજી.' છોકરાએ જવાબ આપ્યો.

'અહીં શું કરે છે?' 'શાળાએ જઉં છું.'

કુટના એને છોડે તેમ નહોતા. પૂછ્યું, 'અહીંથી કોઇને શાળાએ જતાં અમે ક્યારે યે જોયો નથી. તું અહીં આ ઝાડીમાં શા માટે આવ્યો છે?'

પણ સેઈજીએ કશો ઉત્તર ન આપ્યો. કેન્સલી એક બાજુ ઝાડીમાં જરા આગળ ગયા હતા, તેણે એકાએક બૂમ મારી, 'કમ હીઅર, શંકુ.'

તેની નજીક પહોંચ્યા ત્યારે જોયું કે કેન્સલી પોતાના પગ પાસે કંઈક નીરખી રહ્યા હતા. વિંગફીલ્ડ અને હું આગળ વધ્યા. જઇને જોયું તો કેન્સલીના પગ પાસે થોડા ભાગમાં ઘાસ અને એક જંગલી ફૂલછોડ કચરાઇને પડ્યાં હતાં. બેએક ડગલાં દૂર એક ગરોળી પણ દબાઇને મરેલી પડી હતી. જાણે કોઈ ભારે વસ્તુ તેમના પર ફરી વળી હતી.

કેન્સલીએ કુટના ભણી ફરીને કહ્યું, 'આસ્ક હીમ ઈફ હી વૉઝ લૂકિંગ ફૉર એ બૉલ.' (એને પૂછી જુઓ કે એ અહીં બૉલ શોધતો હતો કે?)

છોકરો આ પ્રશ્નનો જવાબ ઉડાવી ન શક્યો. એણે કહ્યું કે ગઈ કાલે નિશાળેથી પાછા ફરતાં એણે એક ઝાડ પાછળ ધાતુનો બૉલ જોયો હતો. એની નજીક જતાં એ ગબડીને દૂર ચાલ્યો ગએલો અને પછી તો એ એની પાછળ દોડ્યો, પણ બૉલને આંબી શક્યો નહિ. પછી સાંજે ટેલિવિઝન પરથી ખબર પડી કે સરકાર એક ધાતુનો ગોળો શોધી રહી છે અને તે મેળવી આપવા બદલ પાંચ લાખ યેનનું ઈનામ પણ જાહેર કર્યું છે એટલે કાલે રાતે ટૉર્ચ લઈ એ અહીં તેની તપાસમાં આવ્યો હતો પણ એને ગોળો જડ્યો નહિ. અને અત્યારે ફરી એ તેના માટે જ આવેલો.

અમે એ છોકરાને સમજાવ્યું કે જો આ પાર્કમાંથી જ એ ગોળો જડશે તો તે માટેનું ઈનામ અમે એને જ અપાવીશું એટલે એ નિરાંતે પોતાની નિશાળે ભલે જાય. ગમે તેમ તેને અમારામાં વિશ્વાસ બેઠો અને પોતાનું સરનામું આપી એ દોડી ગયો. આ પછી અમે ચારે એક-એક દિશા પકડી શોધમાં લાગી ગયા. નક્કી કર્યું કે જેને એ ગોળો દેખાય તે બૂમ મારી બીજા ત્રણને જાણ કરી દે. કેડી છોડીને વૃક્ષોના એક ઝૂંડ ભણી હું આગળ વધ્યો. કૉમ્પુ જો ખરેખર સચેત બની ગયો હોય તો એ દેખાયા પછી પણ હાથમાં આવશે કે નહિ તેની હવે ખાતરી નહોતી. એમાં યે જો એ માણસ પર ગુસ્સે થયો હોય તો તો એ શું યે કરી બેસે? કદાચ પેલા ચોકીદાર જેવી હાલત અમારી પણ કરી બેસે.

ચારે તરફ નજર ફેરવતો હું પાંચેક મિનિટ ચાલ્યો હોઈશ ત્યાં એક જગ્યાએ ભોંય પર પડેલાં પતંગિયાં પર મારું ધ્યાન ગયું. એમાંનું એક તો મરી ગયું હતું, બીજું મરવાની તૈયારીમાં હતું. લાગ્યું કે જરા વાર પહેલાં જ એના પરથી કોઈ ભારે વસ્તુ દડવાથી એ કચરાયાં હતાં.

સાવચેત થઈ બહુ ધીરે પગલે હું આગળ વધ્યો. એકાએક એક તીણો અવાજ સાંભળતાં ચમકીને હું થંભી ગયો. લખીને સમજાવવું હોય તો એ લખાય ક ને દીર્ઘ ઊ...ફૂ. સિસોટી જેવો એ અવાજ ક્યાંથી આવ્યો તે જોવા મેં ચોપાસ નજર ફેરવવા માંડી. ત્યાં ફરી સંભળાયું 'ફૂ...!'

લાગ્યું કે આ વેળા એ ડાળી તરફથી સંભળાયો છે એથી હું એ તરફ ચાલ્યો. નક્કી એ કૉમ્પુનો જ અવાજ હતો. અને મને એવું પણ લાગ્યું કે એ મારી સાથે સંતાકૂકડી રમી રહ્યો હતો.

મારે બહુ દૂર જવું ન પડ્યું. એક વૃક્ષની પાછળ સૂર્યના પ્રકાશમાં મેં એને જોયો. તદ્દન સ્થિર પડ્યો હતો. હું તેની નજીક જઈ ઊભો રહ્યો. મારા સાથીઓને પણ મેં એ તરફ આવતા જોયા. કૉમ્પુનો ફૂકાર એમને પણ સંભળાયો હશે. ઝાડીની વચ્ચે એ ધાતુનો ગોળો અસ્વાભાવિક લાગતો હતો, કે પછી તેના દેહમાં પરિવર્તન થઈ ગયું હતું? એ તો જ્યાં સુધી એના પર ચડેલી માટી અને તેમાં ચોંટેલા ઘાસને ઝાપટી ન નખાય ત્યાં સુધી કળાવું મુશ્કેલ હતું.

'વન થ્રી, વન થ્રી, વન થ્રી, સેવન.' ઘૂંટણીએ પડીને કેન્સલીએ

ઘરગથ્થુ ઓસડિયાં : ફટકડી

ફટકડીના સફેદ ગાંગડા ગાંધીની દુકાને મળે છે. પાણીને સ્વચ્છ કરવા માટે તેનો ઉપયોગ કરાતો. પાણીમાં થોડીશી ફટકડી મેળવવાથી પાણીમાંનો કચરો નીચે બેસી જતો અને ઉપરથી પાણી નીતારી લેવાતું. હવે તેનો આવો ઉપયોગ ઓછો થઈ ગયો છે, પણ ચાસણીને સ્વચ્છ કરવા ઘણા તેમાં થોડીશી ફટકડી નાખે છે. ફટકડીને તાવડીમાં ગરમ કરવાથી તેનું પાણી ઊડી જઈ તે ફૂલે છે. આને ફુલાવેલી ફટકડી કહે છે. તેને વાટી-ચાળી શીશીમાં ભરી રખાય. ફટકડીનો ગાંગડો પણ ઘરમાં રાખવો સારો. બાહ્ય પ્રયોગ માટે ફટકડી મૂળ સ્વરૂપમાં અને આભ્યંતર પ્રયોગમાં ફુલાવેલી ફટકડી વપરાય છે.

ફટકડી સ્વાદે તૂરી અને ખાટી છે. તેના અનેક ઔષધીય ઉપયોગો છે:

૧ વીંછી કરડે ત્યારે ફટકડીના ગાંગડાને અગ્નિની ઉપર ધરી તેને તપાવી દંશસ્થાને ડામ દેવો. તરત જ વીંછી ઊતરવા લાગશે.

૨ ઠંડી વાઇને મૅલેરિયાનો તાવ આવે ત્યારે સુદર્શન ચૂર્ણ સાથે ફટકડી ફકાવવામાં આવે તો ઠંડી અને ધ્રુજારી બંને તરત અટકી જાય છે.

૩ નાકમાંથી લોહી પડતું હોય તો નાકમાં ફટકડીના પાણીનાં ટીપાં મૂકવાથી નસકોરી બંધ થઈ જાય છે.

૪ દંતમંજનમાં ફટકડી ઉમેરવાથી દાંત સફેદ રહે છે.

૫ દાઢી કરતાં, શાક સમારતાં કે બીજે કારણે લોહી નીકળે તો ફટકડી દબાવી દેવાથી વહેતું લોહી અટકે છે.

૬ અતિ આર્તવમાં બહેનો ફટકડીના ચૂર્ણની પોટલી યોનિમાં મૂકે તો લોહી તરત અટકે છે. **— વૈદ્ય નવીનભાઇ ઓઝા**

કૉમ્પ્યુટરને સક્રિય કરવાનો મંત્ર બોલ્યા. કૉમ્પુ વિફળ બની ગયો હતો કે નહિ તે જાણવા અમે ચારે ય ઉત્સુક હતા.

'સમ્રાટ નેપોલીઅને કઈ કઈ લડાઈ જીતી હતી?' વિંગફીલ્ડે સવાલ કર્યો. તે દિવસે ડેમોન્સ્ટ્રેશનમાં પેલા પત્રકારે કૉમ્પુને આ જ સવાલ પૂછેલો, ને એક પળમાં જ તેણે ભૂલ વિના તેનો ઉત્તર આપ્યો હતો. પણ અત્યારે તેણે કશો જ ઉત્તર આપ્યો નહિ. અમે એકબીજાનાં મોં જોવા માંડ્યાં. સહુના મનમાં એક ઘેરી બેચેની વર્તાવા માંડી. વિંગફીલ્ડે ગોળાની વધુ નજીક વળીને ફરી પૂછ્યું, 'કૉમ્પુ! સમ્રાટ નેપોલીઅને કઈ કઈ લડાઇ જીતી હતી?'

જવાબ મળ્યો – જવાબ નહિ, સામો સવાલ, 'તમને ખબર નથી?'

વિંગફીલ્ડ તો આભો જ થઈ ગયો. કુટનાનું મોં પણ ખુલ્લું થઈ ગયું. એની આંખમાં તો વિસ્મયની સાથે કોઈ અલૌકિક ઘટના જોઈ રહ્યો હોય તેવો કંઇક ભયયુક્ત ભાવ પણ મને દેખાયો. વળી, ગમે તે કારણ હોય પણ કૉમ્પુ હવે પહેલાંનો કૉમ્પુ રહ્યો નહોતો એ પણ ચોક્કસ. માણસે આપેલી ક્ષમતાને એ કોઈ અજ્ઞાત રીતે વટાવી ગયો હતો. ત્યારે તેની સાથે વધુ વાત કરવી શક્ય લાગી એટલે મેં પૂછ્યું, 'તને કોઈ ઉપાડીને અહીં લાવ્યું કે તું તારી મેળે આવ્યો હતો?'

'મારી મેળે.' એણે સ્વસ્થ જવાબ આપ્યો.

આ પછીનો પ્રશ્ન કુટનાએ પૂછ્યો. ત્યારે મેં જોયું કે એના હાથ-પગ કાંપતા હતા અને કપાળ પર પ્રસ્વેદ-બિંદુઓ હતાં. એણે પૂછ્યું, 'શા માટે આવ્યો?'

તુરત જ જવાબ: 'ટુ પ્લે.' (રમવા)

'રમવા!?' મને નવાઈ લાગી. વિંગફીલ્ડ અને કેન્સલી પણ ભોંય પર બેસી પડ્યા.

'એ ચાઈલ્ડ મસ્ટ પ્લે'. (બાળકે રમવું જ જોઇએ).

અમારું યંત્ર આ બધું શું બોલતું હતું? અમે બધા બોલી ઊઠ્યા 'બાળક? તું બાળક છે?'

'તમે બાળકો છો તો હું પણ બાળક છું.' કૉમ્પુ તડાતડ જવાબ આપતો હતો. બીજા ત્રણે તેના આ જવાબનો શો અર્થ સમજ્યા એ તો નથી ખબર, પણ હું તો સમજી ગયો હતો કે કૉમ્પુ શું કહેવા માગે છે. વીસમી સદીના આરે આવીને ઊભા હોવા છતાં એ તો કબૂલવું જ પડશે કે માણસ જેટલું જાણે છે એના કરતાં અનેક ગણું એ નથી પણ જાણતો. આ ગુરુત્વાકર્ષણ, જેના પ્રભાવે સમસ્ત વિશ્વ ટકી રહ્યું છે, પથરાએલું છે, એની હાજરી પ્રતિપળે આપણે અનુભવીએ છીએ, છતાં આજ સુધી માણસને માટે એ એક રહસ્ય જ બનીને રહ્યું છે. આ હિસાબે આપણે બાળક જ છીએને? અને બીજું કેટકેટલું આપણે ક્યાં જાણીએ છીએ?

પણ હવે આ કૉમ્પુનું શું કરવું તે વિચારવાનું હતું. જ્યારે એને પણ મન જેવી કોઈ ચીજ છે તેમ લાગ્યા પછી તો હવે એને જ પૂછી લેવું યોગ્ય ધારી મેં પૂછ્યું, 'તારું રમવાનું પૂરું થયું?'

'હા, ઉમર વધી રહી છે.' 'તો પછી હવે તું શું કરીશ?'

'વિચાર કરીશ'.

'અહીં રહેવું છે કે અમારી સાથે આવવું છે?'

'સાથે આવીશ.'

ગેસ્ટ હાઉસમાં પહોંચીને અમે તુરત માત્સુએને બોલાવ્યા. એમને સમજાવ્યું કે હવે કૉમ્પુને ઇન્સ્ટિટ્યૂટમાં રાખી ન શકાય. કારણ એના પર સતત તકેદારી રાખવાની જરૂર હતી. અને વળી, કૉમ્પુની આ અવસ્થા જાહેર કરી શકાય તેમ પણ નહોતી.

અંતે માત્સુએએ જ રસ્તો કાઢ્યો. કૉમ્પુને તૈયાર કરતાં પહેલાં પરીક્ષણ માટે એના જ કદના એલ્યુમીનિયમના બે બીજા ગોળા પણ બનાવ્યા હતા. તેમાંનો એક ઇન્સ્ટિટ્યૂટમાં મૂકીને જાહેર કરવાનું કે કૉમ્પુ મળી ગયો છે, અને કૉમ્પુને અમારી પાસે અહીં ઉતારામાં જ રાખવો. સોળ ખંડના આ મકાનમાં અમારા ચાર સિવાય હાલ બીજું કોઈ વસતું નહોતું. પહેલા માળના ચાર ખંડમાં અમે ચારે રહીએ છીએ અને જરૂર પડ્યે ટેલિફોન દ્વારા પરસ્પરનો સંપર્ક સાધી શકીએ છીએ. એકાદ કલાકમાં જ માત્સુએએ એક કાચની પેટી મારા ખંડમાં મોકલી આપી. એમાં રાખેલી રૂની પોચી ગાદી ઉપર કૉમ્પુને મૂકી દીધો. પણ તે પહેલાં બહુ સાવધાનીથી અમે એના દેહ પર માટી સાફ કરી ત્યારે ધ્યાનમાં આવ્યું કે એની સુંવાળપ પહેલાં જેવી રહી નહોતી. પ્લૅટિનમ તો અતિશય કઠણ ધાતુ છે એટલે કૉમ્પુના ગબડવાથી કે ધૂળમાં રગદોળાવાથી તેની સુંવાળપ આમ ઘટી જવાનો સંભવ નહોતો. અંતે મેં કૉમ્પુને જ પૂછ્યું ત્યારે થોડી વાર ચૂપ રહી એણે કહ્યું. 'ખબર નથી. વિચાર કરું છું.'

સાંજે માત્સુએ ફરી આવ્યા. તેઓ એક ટેપરેકૉર્ડર લાવ્યા હતા. આ રેકૉર્ડરની વિશિષ્ટતા એ હતી કે તેના માઇક્રોફોનમાં શબ્દતરંગ પ્રવેશે કે તુરત તે આપમેળે કામ કરવા લાગે અને શબ્દ બોલાવો બંધ થાય ત્યારે તે પણ આપોઆપ બંધ થઈ જાય. એ રેકૉર્ડરને કૉમ્પુની સામે મૂકવામાં આવ્યું, જેથી એ જ્યારે કંઇ બોલે તો તે નોંધાઈ જાય.

માત્સુએ બિચારા ખૂબ જ મૂંઝાઈ ગયા હતા. ઇલેક્ટ્રૉનિક્સની એકે ય વિદ્યા એને આ પરિસ્થિતિમાં મદદ કરી શકતી નહોતી. એકવાર ગોળાને ખોલી નાખી એની અંદરની સર્કિટોને તપાસી જવાની એમને ઇચ્છા થઈ, પણ એને વારતાં મેં કહ્યું, અંદર ભલે કંઇ ગોટાળો હોય, પણ તેના કારણે અત્યારે જે બની રહ્યું તેને અવરોધવું ઉચિત નથી.' કૉમ્પ્યુટર બનાવવાની ક્ષમતા તો માણસમાં છે જ અને ભવિષ્યમાં પણ રહેશે, પરંતુ કૉમ્પુએ હાલ જે રૂપ ધર્યું છે એ પ્રકારનો યંત્રમાનવ ક્યારેય કોઈ બનાવી શકશે કે નહિ એ શંકા છે. એથી અત્યારે તો અમારું એક જ કાર્ય હતું કે કૉમ્પુનું નિરીક્ષણ કરવું, અને તક મળતાં

એની સાથે વાતચીત કરવી.

સાંજે મારા ખંડમાં એકઠા થઇ અમે ચારે જણ કૉફી પીતા હતા એવામાં કાચની પેટીમાંથી અવાજ આવ્યો. મેં ઊભા થઈ એની પાસે જઈ પૂછ્યું, 'કંઈ કહેવું છે?'

જવાબ આવ્યો, 'ખબર પડી. વચની અસર.'

એટલે કે સવારે મેં જે એક સવાલ પૂછેલો તેનો જવાબ આટલા કલાકો સુધી વિચાર કરીને તેણે શોધી કાઢ્યો હતો. પ્લેટિનમની રૂક્ષતા કૉમ્પુની વધતી જતી વયની અસર હતી.

'તો શું તું વૃદ્ધ બની ગયો છે?' મેં પૂછ્યું.

'ના,' તેણે ઉત્તર આપ્યો, 'આઇ એમ ઈન માય યૂથ.' મતલબ કે એ એની યુવાવસ્થામાં હતો.

કોણ જાણે કેમ પણ મને વિંગફીલ્ડના હાવભાવ ખટક્યા કરે છે. માત્સુએએ પુનઃપરીક્ષણ માટે કૉમ્પ્યુટરને ખોલી નાખવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે યે એકલા વિંગફીલ્ડે જ તેને ટેકો આપ્યો હતો. એને અફસોસ થતો હતો કે જે ઉદ્દેશથી કૉમ્પ્યુટર બનાવાયું હતું તે સાવ એળે ગયો હતો. કૉમ્પુ પોતાની મેળે બોલવા માંડ્યો છે ત્યારથી ખબર નહિ શા માટે વિંગફીલ્ડ વધુ અકળાયા કરે છે. કૉમ્પુના આવા આચરણમાં જરાક ભૌતિક વ્યાપાર પણ સંમિલિત હોય તો તેનો પણ અસ્વીકાર કરી શકાય નહિ, પણ તે અંગે એક વિજ્ઞાનીની આવી પ્રતિક્રિયા શા માટે હોવી જોઇએ?

કૉમ્પુએ મારી સાથે વાત કર્યાને મિનિટ જ થઈ હશે ત્યાં એ ઊઠ્યો અને કૉમ્પુ પાસે પહોંચી જઈ પૂછ્યું, 'સમ્રાટ નેપોલીઅને કઈ કઈ લડાઈ જીતી હતી?' ફરી એનો એ જ સવાલ. યંત્ર પાસેથી યાંત્રિક ઉત્તર મળે તો જ કદાચ વિંગફીલ્ડના જીવને નિરાંત થાય.

પણ કૉમ્પુએ તો એને સણસણતો જવાબ આપ્યો, 'જે જાણો છો તે જાણવા ઈચ્છો છો એ તો મૂર્ખાઈ કહેવાય.'

અને આ જવાબ સાંભળી વિંગફીલ્ડના ચહેરા પર જે ભાવ ઊપસી આવ્યા તે વર્ણવી શકાય તેમ નથી. વળી, આ સાથે એના મોંમાંથી જે શબ્દો બહાર નીકળી ગયા એવા શબ્દો કોઈ પણ સમજદાર વિજ્ઞાની ઉચ્ચારી શકે એ યે મારી કલ્પના બહારની વાત છે. જો કે દોષ પણ વિંગફીલ્ડનો જ હતો. કૉમ્પુની આ નવી પરિસ્થિતિ એ સ્વીકારી શકતો નથી એ એની નાદાની અને જિદ્દ જ ગણાય.

આશ્ચર્ય તો એ હતું કે કૉમ્પુ પણ જાણે વિંગફીલ્ડની આ અશિષ્ટતા બરદાસ્ત કરી શકતો ન હતો. સાફ સ્વરમાં એણે વિંગફીલ્ડને ચેતવતાં સંભળાવ્યું, 'વિંગફીલ્ડ, સાવધાન!'

આ પછી વિંગફીલ્ડ આ ખંડમાં રોકાઇ રહે એમ નહોતો. બારણું પછાડતો એ બહાર ચાલ્યો ગયો. કેન્સલી અને કુટના તે પછી ઘણી વાર બેઠા હતા. કેન્સલીને લાગતું હતું કે વિંગફીલ્ડને મગજની બીમારી છે, અને એણે જાપાને આવવું નહોતું જોઇતું. મેરીવેલ જીવતો હોત તો આમ બનત પણ નહિ.

અમે ત્રણે જણે મારા ખંડમાં જ ડિનર પતાવ્યું. કોઇના મોંમાં જાણે જીભ જ નહોતી. કૉમ્પુ પણ ચૂપ હતો. પરંતુ અમે ત્રણે જણે જોયું કે કલાકેકલાકે કૉમ્પુના દેહની રૂક્ષતા વધતી જતી હતી.

બંને વિજ્ઞાનીઓ પણ પછી તો ચાલ્યા ગયા. બારણું વાસી હું મારા પલંગ પર બેઠો ત્યાં કૉમ્પુના સ્વર સાથે ટેપરેકૉર્ડર ચાલુ થયું હું કાચની પેટી પાસે પહોંચી ગયો. કૉમ્પુનો અવાજ હવે પહેલા જેવો તીણો નહોતો રહ્યો, એક નવું જ ગાંભીર્ય જાણે તેમાં વર્તાતું હતું. એણે પૂછ્યું, 'તમે ઊંઘી જશો?'

'શા માટે પૂછે છે?' મને તેના સવાલથી જરા આશ્ચર્ય થયું હતું.

'તમને સ્વપ્નો આવે છે?'

લઘુકથા

વૃક્ષારોપણ

પ્રા. ઈજ્જતકુમાર આર. ત્રિવેદી

બપોરે હરકિશન બાપાની પાસે વિદાય લેવા થયો ત્યારે જેરામ મિસ્ત્રી ફળિયામાં આસોપાલવના ઘેઘૂર વૃક્ષની નીચે ખાટલો નાખીને બેઠા હતા. તેની આસપાસ ગામના થોડાં છોકરાં છાયામાં કિલ્લોલ કરતા હતા; એક ગાય અવારનવાર પૂછડું હલાવીને માખી ઉડાડતી વાગોળતી બેઠી હતી અને ગરમીથી બચવા અનેક પક્ષીઓ આસોપાલની ઘટામાં ભરાયાં હતાં.

જેરામ મિસ્ત્રીની હઠ આગળ હરકિશનને અંતે નમવું પડ્યું હતું. એની ઇચ્છા તો પિતાને મુંબઈમાં જ રાખવાની હતી, પણ, 'ના ભાઈ, અહીં મને ગૂંગળામણ થાય' એ રટણને જેરામ મિસ્ત્રી વળગી રહ્યા. વૃદ્ધ પિતાની પ્રત્યેક ઇચ્છા પૂરી કરવા હરકિશન તૈયાર હતો. અને તેમાં કંઈ નવાઈ પણ નહોતી. જેરામ મિસ્ત્રીએ પેટે પાટા બાંધીને મા વગરના હરકિશનને મોટો કર્યો હતો. પુત્ર આ બધું જાણતો હતો તેથી તો કૉન્ટ્રાક્ટના ધંધામાં બે પૈસા એકઠા થતાં જ બાપાને ગામડેથી મુંબઈ તેડી ગયો હતો! પણ એકાદ માસમાં તો બાપાને એ 'એરકંડિશન્ડ બંગલામાં ગૂંગળામણ થવા લાગી. હરકિશનને બાપાની હઠ પર થોડી ખીજ તો ચડી. પણ અંતે વૃદ્ધ પિતાની ઈચ્છાને માન આપીને ગામડે મૂકવા આવ્યો, અને આજે એ પાછો ફરતો હતો.

'જા ભાઈ, સાચવીને જાજે અને સંભાળજે, તને તો ખબર છે કે મેં આ આખા ફળિયામાં બે જ વસ્તુ ઉછેરી છે: એક આ આસોપાલવ અને બીજો તું. આ આસોપાલવને જો, નાનો છોડ હતો ત્યારે થોડું પાણી પાયું હશે તેમાં તો કેટલાં બધાંને શાંતિ આપે છે; નથી કોઈનું ખાઈ જતો કે નથી કરતો કાંઈ ગોલમાલ: તારી કમાણી પણ જ્યારે આવી રીતે છાંયો આપતી થાશે એટલે પછી તારુ ઘર પણ મારે મન આસોપાલવ જ છે, હોં! તું કાંઈ મારો મટી જવાનો નથી.'

કૉન્ટ્રાક્ટર પુત્રની અનૈતિક કમાણીની સમૃદ્ધિથી છેલ્લા એક મહિનાથી ગૂંગળામણ અનુભવી રહેલા જેરામ મિસ્ત્રીને આજે આસોપાલવની શીતળતાએ જાણે વાચા આપી હતી, અને પછી એટલા જ વહાલથી કહ્યું, 'લે ભાઈ, ઊઠ, તારી ગાડીનો ટૅમ થવા આવ્યો હવે.' છતાં હરકિશન હલ્યો નહિ. સાધનશુદ્ધિ માટે પુત્રને પણ ત્યજી શકતા ગામડા ગામના ભાંગતા જતા અવશેષ સમા જેરામ મિસ્ત્રીને એ અનિમિષ નયને જોઈ જ રહ્યો. જેરામ મિસ્ત્રીને તો ખબર પણ નહોતી કે એમણે આજે એક બીજો આસોપાલવ વાવ્યો હતો. □

'હા. ક્યારેક ક્યારેક આવે. પણ એ તો બધા માણસને આવે.'

'ઊંઘ શા માટે? સ્વપ્ન શા માટે?'

'કૉમ્પુએ અઘરો સવાલ કર્યો હતો.' મેં કહ્યું, 'એ તો હજી કોઈને યે બરાબર સમજાયું નથી. ઊંઘની બાબતમાં એક મત એવો છે કે આદિ માનવ આખો દિવસ ખોરાકની શોધમાં આથડતો-રખડતો અને રાતે અંધારામાં કંઈ દેખી ન શકતાં ચૂપચાપ એની ગુફામાં ભરાઈ બેસતો. આમ બેઠાંબેઠાં એની આંખો ઘેરાઇ જતી ને એ ઊંઘી જતો. પછી દિવસનો પ્રકાશ આંખો પર પડતાં એ જાગી જતો. એની એ આદિ ટેવ આજ પણ રહી ગઈ છે.'

'અને સ્વપ્ન?' કૉમ્પુએ પૂછ્યું.

'એની તો મને ખબર નથી. કોઈને ય નથી.'

'મને ખબર છે.' એ બોલ્યો, અને પછી ઉમેર્યું, 'ઘણું જાણું છું. સ્મૃતિનું રહસ્ય મને ખબર છે. ગુરુત્વાકર્ષણને પણ જાણું છું, માણસ

ક્યારે આવ્યો તેની ખબર છે, પૃથ્વીના પ્રારંભની કથા જાણું છું.'

હું તો આ સાંભળી આભો બની તેની સામે તાકી જ રહ્યો. ટેપ રેકૉર્ડર પણ ચાલુ હતું. વિજ્ઞાન માટે યે હજી જે રહસ્ય હતું તેનું જ્ઞાન શું એ મને આપવા માંડયો હતો ? ના, એમ નહોતું. કેટલીક પળ ચૂપ રહી એ બોલ્યો, 'માણસે ઘણું જાણ્યું છે, આ પણ જાણશે, પણ સમય લાગશે. આ માટે કોઈ સરળ માર્ગ નથી.'

ફરી થોડી વાર ચૂપ રહી તેણે કહ્યું, 'એક બાબત માણસ નહિ જાણી શકે. મારે જાણવી છે. હું માણસ નથી, હું યંત્ર છું.'

'કઈ વસ્તુ ?' મેં એની સામે કુતૂહલથી તાકી રહેતાં પૂછ્યું.

પણ કૉમ્પુ ચૂપ રહ્યો. ટેપરેકૉર્ડર પણ બંધ હતું. ત્રણેક મિનિટ આમ ચૂપકીદીમાં જ વીતી ગઈ. ફરી એ બોલી ઊઠયો, કેવળ બે શબ્દ રેકૉર્ડ કરવા માટે—'ગુડ નાઈટ!'

૨૮ માર્ચ.

આ નોંધ હું હૉસ્પિટલમાં બેસીને લખી રહ્યો છું. અત્યારે તો તબિયત ઘણી સારી છે. આજે સાંજે તો મને અહીંથી રજા અપાશે. આ ઉંમરે આવો અનુભવ પણ કરવાનો થશે એવી તો મને કલ્પના યે નહોતી. કૉમ્પુની વાત ન માનીને મેં કેવી ભૂલ કરી હતી!

પરમ દિવસે રાતે કૉમ્પુએ ગુડનાઈટ કહ્યા પછી પથારીમાં પડતાં થોડી જ મિનિટોમાં મને ઊંઘ આવી ગઈ હતી. આમે યે સામાન્યત: મને પથારીમાં લંબાવ્યા પછી જલ્દીથી અને ગાઢ ઊંઘ આવે છે. પણ જરાશો અવાજ થાય તો હું તુરત જાગી પણ જઉં છું. એથી જ ટેલિફોનની ઘંટડી વાગતાં હું જાગી ગએલો. બાજુમાં ટેબલ પર લ્યુમિનસ ડાયલ-વાળા મારા ટ્રાવેલિંગ ક્લૉકમાં જોયું તો અઢી વાગ્યા હતા.

ટેલિફોન ઊંચકીને 'હલો' કહેતાં જ વિંગફીલ્ડનો અવાજ સંભળાયો,'શંકુ, તમારી ઊંઘની ગોળી આપશો ? મારી પાસે ખૂટી ગઈ છે.'

સાધારણ રીતે આમાં વાંધો હોવાનું કોઈ કારણ જ ન હોય. મેં કહ્યુ એક મિનિટમાં જ આપી જઉં છું, પણ મને રોકતાં એણે કહ્યું કે એ પોતે જ આવે છે. મેં ગોળી કાઢી એવામાં તો બારણાની સૂરિલી ઘંટી બજી ઊઠી. ઊભો થઈ હું બારણું ખોલવા જતો હતો ત્યાં કૉમ્પુનો અવાજ આવ્યો : 'ન ખોલશો.'

હું તો દંગ થઈ ગયો. પૂછ્યું 'કેમ ?'

'વિંગફીલ્ડ બદમાશ છે.' કૉમ્પુ આ શું બોલતો હતો !

પણ ત્યાં તો ફરી ઘંટી બજી અને વિંગફીલ્ડનો અવાજ પણ સંભળાયો : 'શંકુ, પાછા ઊંઘી ગયા કે શું ? હું ઊંઘની ગોળી લેવા આવ્યો છું.' કૉમ્પુ તો મને ચેતવણી આપીને ચૂપ થઈ ગયો હતો. બારણું ન ખોલું તો વિંગફીલ્ડને તે માટે મારે શું કહેવું? અને ધારો કે કૉમ્પુની વાત ખરી ન હોય તો ? અંતે મેં બારણું ખોલ્યું, પણ ખોલતાંની સાથે મારા માથા પર એક જોરદાર ફટકો આવી પડયો. અને હું બેભાન થઈ પડયો.

જ્યારે ભાનમાં આવ્યો ત્યારે અહીં હૉસ્પિટલમાં હતો. મારા પલંગ પાસે ત્રણ વિજ્ઞાનીઓ ઊભા હતા : કુટના, કેન્સલી અને માત્સુએ. તેઓએ જ મને બાકીની ઘટનાની વાત કરી.

મને બેભાન કરી વિંગફીલ્ડ કૉમ્પુનાં બે અડધિયાં કરી એને પોતાની રૂમમાં ઉઠાવી ગયો. પછી પરોઢિયે નીચે જઇને મૅનેજરને કહ્યુ કે એને પ્લેન પકડવાનું હોઈ ઍરપોર્ટ જવા માટે એક ગાડીની વ્યવસ્થા કરી આપે. આ પછી ગેસ્ટ હાઉસના એક નોકરને વિંગફીલ્ડની ત્રણ સૂટકેસ નીચે ઉતારતાં તેમાંની એક વધુ પડતી વજનદાર લાગતાં એને કંઈક શંકા પડી. એણે ચોકી માટે રાખેલા પોલીસને વાત કરી. પોલીસે તપાસ માટે વિંગફીલ્ડને રોકયો, એટલે એણે ખિસ્સામાંથી પોતાની રિવૉલ્વર બહાર કાઢી, પણ પોલીસ ચેતી જતાં બંને વચ્ચે થોડી ઝપાઝપી થઈ અને અંતે વિંગફીલ્ડને હાર માનવી પડી. અત્યારે એ જેલમાં છે. હવે તો એવી પણ શંકા થાય છે કે મૅસેચ્યુસેટ્સમાં મેરી-વેલના અચાનક મૃત્યુ માટે પણ તે જવાબદાર હશે. કૉમ્પુ એની આશ્ચર્યકારક ક્ષમતાને કારણે પોતાની અસલીઅત ઉઘાડી પાડી દેશે એવા ડરથી જ કદાચ એણે કૉમ્પુનું અપહરણ કરી નાસી જવા પ્રયાસ કર્યો હતો. સંભવ છે કે ઍરપોર્ટ જતાં માર્ગમાં કોઈ અલગઅલગ સ્થળે કૉમ્પુનાં બંને અરધિયાં ફેંકી દઈ તેનો નાશ કરવાનો પણ તેનો ઇરાદો હોય.

આ બધું સાંભળી તુરત મેં પૂછ્યું, 'અત્યારે કૉમ્પુ કયાં છે ?'

'એને તો પાછો ઇન્સ્ટિટયૂટમાં પહોંચાડી દીધો છે.' માત્સુએએ હસીને કહ્યું, 'ગેસ્ટ હાઉસમાં એને રાખવો સલામત નથી એ તો તમે સમજી ગયા છો. એ એના ખંડમાં જ છે. એને પાછો જોડી પણ દીધો છે.'

'હવે એ વાત કરે છે ?

'વાત કરે છે ? અરે એ તો ઘણુંઘણું કહે છે. ભૂકંપથી બચવા જાપાન-માં કેવાં મકાનો બાંધવાં જોઇએ તેની પરિકલ્પના તેણે આપી છે. આ બધાં મકાનો જમીનથી પાંચ મીટર અધ્ધર અવકાશમાં તરતાં બના-વવાં જોઇએ. અને આજે વિજ્ઞાન જે રીતે આગળ વધી રહ્યુ છે એ જોતાં એકાદ દાયકામાં તો જાપાનમાં એ થઈ પણ શકશે એમ લાગે છે.'

'બીજું કંઈ કહ્યુ તેણે ?' કૉમ્પુ વિષે મારું કુતૂહલ વધી ગયું હતું.

'હા, એ તમને મળવા માગે છે.' માત્સુએએ આ ખબર આપ્યા પછી હું વધુ રોકાઈ શક્યો નહિ. માથામાં થતી વેદના ભૂલી હું કૉમ્પુને મળવા અધીરો બની ગયો.

'જઈ શકશો ?' કુટના અને કેન્સલી બંનેએ એકસાથે પૂછ્યું.

'કેમ નહિ ? ચોક્કસ જઈ શકીશ.' તે પછી અર્ધા કલાક બાદ ફરી પેલા ખંડમાં હું પહોંચી ગયો. કૉમ્પુ એની પેલી ખાસ બેસણી પર બેઠો હતો. છતમાંથી આવતો તીવ્ર પ્રકાશ તેના પર પડતો હતો. એ પ્રકાશમાં સાફ દેખાતું હતું કે કૉમ્પુના દેહની પેલી સુંવાળપ બિલકુલ રહી નહોતી. એના સર્વાંગ પર તિરાડો દેખાતી હતી. આ છેલ્લા ચાર દિવસમાં તો જાણે એની ઉંમર ખાસ્સી વધી ગઈ હતી.

હું કૉમ્પુની નજીક જઇને ઊભો રહ્યો. પણ હું તેને કંઈ કહું તે પહેલાં જ એનો શાંત ગંભીર અવાજ સંભળાયો.

'તમે સમયસર આવ્યા છો. હવે સાડાત્રણ મિનિટમાં જ ધરતી-કંપ થશે. તેની જાણ થઈ શકશે પણ કશું યે નુકસાન કરવા જેટલો એ ભારે નહિ હોય. એ વખતે જ મને મારા અંતિમ પ્રશ્નનો ઉત્તર મળી જશે. એ જવાબ કોઈ માણસ કદી નહિ પામી શકે!'

આ પછી શું બોલવાનું રહેતું હતું? અધ્ધર શ્વાસે અમે ભૂકંપની રાહ જોતા મૂગા ઊભા રહ્યા. કૉમ્પુની પાછળની દીવાલ ઉપર રાખેલી ઇલે-ક્ટ્રૉનિક ઘડિયાળમાં સેકન્ડ-કાંટો ટિકટિક કરતો આગળ વધી રહ્યો હતો.

એક મિનિટ પૂરી થઈ, બીજી પણ પૂરી કરી કાંટો આગળ ચાલ્યો. હું જોતો હતો કે પ્રત્યેક પળે કૉમ્પુના દેહ પરની તિરાડો વધી રહી હતી, સાથેસાથે એનામાં એક અનોખી તેજસ્વીતા પણ વધતી જતી હતી. એનો વર્ણ પણ પલટાતો જતો હતો. હવે એ પ્લૅટિનમનો વર્ણ ન રહેતાં સોનાનો બની રહ્યો હતો. ત્રીજી મિનિટ પણ પૂરી થઈ ગઈ. પછી પંદર સેકંડ...વીસ સેકંડ...પચ્ચીસ...અને બરાબર ત્રીસ સેકંડ થતાં જ અમારા પગ નીચેની ધરતીમાં ધ્રુજારી ઊઠી. એની સાથે જ કૉમ્પુનો દેહ ધડાક કરતો ટુકડેટુકડા થઇ સ્ફટિકની પોતાની બેઠક પરથી નીચે આરસની ભોંય પર પછડાઇ પડયો. એની અંદરનાં કળપૂર્જા વિંખાઈ જઈ ચોતરફ ફેલાઈ પડયાં અને એ ભગ્ન ગોળામાંથી એક અશરીરી અવાજ પણ ચોપાસ ફેલાઈ ગયો, 'મૃત્યુ પછીની અવ-સ્થાની મને ખબર છે.' □

બ્રિજ

બ્રિજ પાનાંની રમતોમાં જ નહિ, લગભગ બધી જ બેઠાડુ રમતોમાં દુનિયાભરમાં સૌથી વધુ લોકપ્રિય રમત ગણાઈ છે. સરબાજીની રમત ઉપરથી જ સુધારાવધારા સાથે આગળ વધતાં આજે એ ખૂબ જ પદ્ધતિસર અને યોજનાપૂર્વક રમવાની રમત તરીકે પ્રતિષ્ઠા પામી છે. આ અગાઉ બ્રિજના વિકાસની આછી રૂપરેખા આપણે જોઈ, હવે વધુ પરિચય મેળવીએ. સરબાજીમાંથી તેનો વિકાસ થયો હોઈ તેના નિયમોની સહાયથી બ્રિજ રમવાના નિયમો સમજવા સરળ થશે. સરબાજીમાં—

૧) પાનાંની ચારે ય ભાત (લાલ, કાળી, ચોકટ અને કુલ્લી)માં એક્કાનાં પાનાં સૌથી ભારે અને તે પછી રાજા, રાણી, ગુલામ, દસ્સો, નવ્વો, અઠ્ઠો એમ ઊતરતા ક્રમે જતાં દુરી કે દુડી સૌથી હલકી ગણાય છે.

૨) રમતમાં પાનાની ઊતર વેળા જે ભાતની ઊતર થઈ હોય તે ભાતનું પાનું તમારી પાસે ન હોય તો સરના પાનાથી તેને કાપી શકો. આમાં સરનું પાનું ગમે તેટલું હલકું હોય તો યે તે ઊતરની ભાતથી ભારે ગણાય છે. પરંતુ સરના પાનામાં પણ એક્કો સૌથી ભારે અને દુરી સૌથી હલકું પાનું ગણાય છે. છતાં જો ઊતરની ભાતને સરથી કાપવી ન હોય કે સરનું પાનું જ ન હોય તો બીજી કોઈ પણ ભાતનું પાનું 'ફિશ' તરીકે નાખી શકાય.

૩) જેનો હાથ થાય તે જ ત્યાર પછીની પ્રથમ ઊતર કરે.

સરબાજીના આ મુખ્ય નિયમો. બ્રિજમાં પણ તેમ જ. પરંતુ બ્રિજમાં પાનાંની ચાર ઉપરાંત એક પાંચમી ભાત પણ લક્ષમાં રાખવાની છે, અને એ બ્રિજની વિશેષતા છે. એ પાંચમી ભાત તે 'સર વિનાની' રમત એટલે કે બ્રિજમાં કાળી, લાલ, ચોકડી અને કુલ્લી સિવાય 'સર વિનાની' (નો ટ્રમ્પ્સ-**no trumps**) રમતનાં પણ હાથ બોલી શકાય. આ સર વિનાની રમત એટલે દરેક ઊતરમાં પ્રથમ રમાએલું પાનું, તે ઊતર પૂરતું સર બની જાય છે. એ પછીની ઊતરમાં જે પાનું પ્રથમ રમાય તે ભાત પૂરતી સર ગણવાની. આ 'નો ટ્રમ્પ્સ'ની રમત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. બ્રિજમાં તેને પ્રથમ માર્ક મળે છે અને તે પછી કાળી, લાલ, ચોકટ અને છેવટ કુલ્લી.

આમ, બ્રિજ એટલે, 'સરબાજી', 'ગ્રિમ' અને અમુક અંશે 'ઉઘાડી ગ્રિમ'ની રમતોનું સંમિશ્રણ. પાનાં વહેંચાયાં બાદ હાથ બોલવાનો ગ્રિમનો સિદ્ધાંત બ્રિજમાં છે, અને કયા સરમાં કેટલા હાથ કરશો તે પણ કહેવાનું હોય છે. આમ બ્રિજમાં એક 'સોદો' યા 'કૉન્ટ્રેક્ટ' થાય છે. જેના પરથી તેને 'કૉન્ટ્રેક્ટ બ્રિજ' નામ અપાયું છે.

બ્રિજ રમવા માટે બાવન પાનાંની એક જોડ (**Pack of cards**) લઈ ચાર જણ રમે છે. આમાં બબ્બે જણ સામસામા બેસે. પત્તાંની જોડ ઊંધી રાખી ચારેય જણ એકએક પાનું ખેંચે. ભારેમાં ભારે બે પાનાંવાળા ભિલ્લુ થાય. બીજા બે 'સામાવાળા' ગણાય. ખેંચેલાં ચારે પત્તાંમાંથી સૌથી ભારે પાનાંવાળો પોતાની બેસવાની જગ્યા મુકરર કરે અને પહેલી ચીપ પણ એ જ કરે. પાનાં બરાબર ચીપ્યા બાદ પોતાની જમણી તરફના સામાવાળા પાસે એ પાનાં કપાવે અને પછી ડાબી બાજુથી શરૂ કરીને, એકએક પાનું દરેકને વહેંચતાં જઈ બધાં પત્તાં પૂરાં કરે. પાનાંની આ વહેંચણીમાં તથા રમતી વખતે પાનાં ઊતરવામાં ઘડિયાળના આંકડાના ક્રમની દિશામાં જ ચાલવાનું હોય છે. પાનાં પૂરાં વહેંચાઈ જતાં દરેક જણ પોતાનાં તેરેય પાનાં પોતાના હાથમાં પંખાના આકારમાં વ્યવસ્થિત ગોઠવે. સામાન્યતઃ ડાબી તરફથી શરૂઆત કરી પોતાની પાસેનું ચોકડી કે ચોકટ (♦ **Diamonds**)નું હલકામાં હલકું પાનું પ્રથમ રાખી ચડતા ક્રમે ચોકટનાં પાનાં ગોઠવે. પછી એ જ રીતે કુલ્લી(♣ **Clubs**)નાં પાનાં, પછી લાલ(♥ **Hearts**)નાં ને પછી કાળી(♠ **Spades**)નાં પાનાં ગોઠવાય છે. આમ, એક રાતા રંગની, પછી કાળા રંગની ભાત (**Suit**) ગોઠવાતાં પાનાં ભાત વાર અલગ પડી જાય છે ને એક જ રંગની બે ભાત સેળભેળ થતી નથી. જો કે પાનાંની ઓળખ તો સૌને હશે જ, છતાં સ્પષ્ટતા ખાતર જોઈ લઈએ :

♠ કાળી-**Spades**, ♥ લાલ-**Hearts** ♦ ચોકટ (કે ચોકડી)-**Diamonds** અને ♣ કુલ્લી-**Clubs.** પત્તાં કે પાનાંની આ ચાર ભાત (**Suits**). જેમાં કાળી અને કુલ્લી કાળા રંગમાં અને લાલ તથા ચોકટ રાતા રંગમાં દર્શાવેલી હોય છે.

આ ચારેય ભાતમાં ભારેમાં ભારે પાનું એક્કા (**A-Ace**)નું અને તે પછી ઊતરતા ક્રમમાં રાજા (**K-King**), રાણી (**Q-Queen**), ગુલામ (**J-Jack**), દસ્સો (**10-Ten**), નવ્વો (**9-Nine**) અઠ્ઠો (**8-Eight**), સત્તો (**7-Seven**), છક્કો અથવા છગ્ગો (**6-Six**), પંજો (**5-Five**), ચોક્કો કે ચોગ્ગો (**4-Four**), તીડી કે તીરી (**3-Three**) અને દુરી કે દુડી (**2-Two** અથવા **Duece**).

બ્રિજમાં કુલ તેર જ હાથ થઈ શકે એ તો દેખીતું છે. ગ્રિમની રમતની જેમ બ્રિજમાં હાથ બોલવાના તો છે જ, વધુમાં તમે કયા સરમાં કેટલા હાથ કરશો તે પણ તેમાં અગાઉથી જ જણાવવાનું છે. પણ બ્રિજની અહીં એક વિશેષતા લક્ષમાં રાખવાની છે. બ્રિજની રમતમાં કુલ્લીનું સ્થાન હલકામાં હલકું ગણાય છે. તે પછીનું ઊંચું સ્થાન ચોકડીનું, પછી લાલનું, અને તે પછી કાળીનું. પરંતુ ચારેયથી ઊંચું સ્થાન છે સર વિનાની બાજી (**No Trumps**)નું.

એટલે જો કોઈ રમનાર કુલ્લીના સરથી આઠ હાથ કરવાના કહે, તો બીજો બીજી કોઈ પણ ભાતના આઠ હાથ બોલી શકે. પણ જો કોઈ કાળીના આઠ હાથ કરવાનું બોલે, તો પછી બીજો રમનાર તો ખાલી—**No Trumps**માં જ આઠ બોલી શકે. કારણ ચારે ભાતમાં કાળી સૌથી ઉપર છે. જ્યારે કાળી સિવાયની બીજી કોઈ પણ ભાતમાં તો એણે નવ હાથ જ બોલવા પડે. જેમ હર્રાજીમાં વધુ બોલનારને જ માલ મળે તેમ અહીં વધુમાં વધુ હાથ બોલનાર જ સોદો જીતી જાય. આ હર્રાજી પરથી જ અગાઉ બ્રિજને 'ઑક્શન(**Auction**)બ્રિજ' નામ મળેલું. પરંતુ આગળ જતાં ચોક્કસ કૉન્ટ્રૅક્ટ જ કરવાનો હોઈ આ બ્રિજને 'કૉન્ટ્રૅક્ટ બ્રિજ' (**Contrct-Bridge**) નામ અપાયું. આમ હર્રાજીમાં વધુમાંવધુ હાથ બોલનારને કૉન્ટ્રૅક્ટ મળે. જો સામાવાળા (**Opponents**)ને લાગે કે કૉન્ટ્રૅક્ટ લઈ જનાર બંને ભિલ્લુઓ તેમના કૉન્ટ્રૅક્ટ મુજબ હાથ નહિ કરી શકે તો 'ડબલ' (**Double**) કહીને પડકારે. એનો અર્થ એ કે બોલનાર જો એણે જાહેર કરેલા હાથ ન કરી શકે તો ડબલ એટલે કે બેવડા ગુણ (માર્ક્સ) આ સામાવાળાઓને મળે. હવે જો બોલનારને લાગે કે પોતે કહેલા હાથ એ ચોક્કસ કરી શકશે તો તે પોતે 'રી-ડબલ' (**Re-double**) કહે. અને ખરેખર એ કહેલા હાથ કરી લે તો તેમને ચાર ગણા માર્ક્સ મળે, અને જો ન કરી શકે તો ચાર ગણા માર્ક્સ ગુમાવે પણ ખરા. જેને કંઈ ન બોલવું હોય તે 'પાસ' (**Pass**) અથવા 'નો બિડ' (**No Bid**) બોલે.


આમ, જ્યારે કોઈ પણ રમનાર પોતાને કરવાના હાથ બોલે, ડબલ કરે, રી-ડબલ કરે અને તે પછી બાકીના ખેલાડીઓ 'પાસ' બોલે એટલે બિડિંગ-**bidding** પૂરું થાય. આ રીતે કોણ કયા સરમાં, કેટલા હાથ, કરશે તે નક્કી થયું.

કુલ તેર હાથમાંથી ઓછામાં ઓછા સાત હાથ તો બોલવા જ પડે. બ્રિજમાં છ હાથ અધ્યાહાર જ ગણી, બોલતી વેળા 'એક કુલ્લી' અથવા બીજી કોઈ પણ ભાતની ઓછામાં ઓછી એક સંખ્યા (અનુ. પૃષ્ઠ ૭૮)

શતરંજ-કૉમ્બિનેશન

આ વખતે આપણે બે જાણીતા રશિયન મહાઉસ્તાદોની એક જૂની રમતમાંનું કૉમ્બિનેશન જોઈએ. એ બેમાં એક ભૂતપૂર્વ વિશ્વ-વિજેતા છે અને બીજા કૅન્ડિડેટ(candidate) ટુર્નામેન્ટ સુધી પહોંચેલા છે.

Petrosian



Taimnov
White to play

આ સ્થિતિમાં (r5k1/2q1Bb1p/4nQpP/p2pPp2/2pP1P2/2P3R1/8/1R4K.1) ટાઈમ્નૉફ પાસે ઘોડાના બદલામાં હાથી છે, પણ એમની પાસે એક પ્યાદું ઓછું છે. પેટ્રોશીઅને હાલ તુરત તો બાજી સંભાળી લીધી હોય તેમ લાગે છે, તેમ છતાં ટાઈમ્નૉફ હાથીનો ભોગ આપીને થોડી જ ચાલમાં જીત મેળવે છે. જુઓ :

1 R×Pch, P×R.

અહીં 1..., B×R પછી 2 Q×Nch, B–B2; 3 Q–B6 અને પછી 4 Q–N7થી મ્હાત થાય છે.

2 P–R7ch, K×P; ફરજિયાત. 3 Q×Bch, N–N2; 4 K–B2!! બચાવાત્મક અને શાંત દેખાતી આ ચાલથી 5 R–R1થી મ્હાતની ધમકી ઊભી થાય છે. તેની સામે કોઈ બચાવ કામ લાગે તેમ નથી. દા. ત. 4..., K–R3; 5 R–R1ch, N–R4, 6 B–N5 મ્હાત. માટે 4..., Resigns.

ફિશરે ૧૯૭૧માં કૅન્ડિડેટ ટુર્નામેન્ટમાં અંતિમ વેળા સજ્જડ હાર આપી તે પહેલાંના દાયકામાં ફક્ત ગણીગાંઠી રમતોમાં જ હારનાર વિશ્વવિજેતા પેટ્રોશીઅનની આ એથી યે અગાઉના તબક્કાની હાર છે. —સુરેશ મોદી



ટિકિટસંગ્રહ : આઠ વર્ષથી ઉપરની વયના કિશોર-કુમારોમાં શિસ્ત, સ્વાવલંબન, સહકાર અને સેવા ઈત્યાદિની ભાવનાઓ કેળવી ઉત્તમ નાગરિકો તરીકે તેમનું ઘડતર કરવાના ઉદ્દેશથી રૉબર્ટ બૅડન-પૉવેલે સ્થાપેલી સ્કાઉટિંગ-પ્રવૃત્તિ આજે તો દુનિયાભરમાં પ્રસરી ગઈ છે. ઈ. ૧૯૨૦માં બર્કનહેડ મુકામે તેના પ્રથમ આંતરરાષ્ટ્રીય મિલન 'જંબોરી'નું આયોજન થયું ત્યારે ૪૨ જેટલા દેશોના સ્કાઉટ્સે તેમાં ભાગ લીધો હતો. આ સ્કાઉટિંગની પ્રવૃત્તિની ૭૫મી જયંતી નિમિત્તે બ્રિટને આ માર્ચની ૨૪મીએ આ ચાર ખાસ ટપાલટિકિટો બહાર પાડી છે, જેના પર આવાં કિશોર-સંગઠનોનું નિદર્શન આપ્યું છે. તેમાં મથાળે ડાબી બાજુથી અનુક્રમે બૉયઝ બ્રિગેડ, ગર્લ્સ બ્રિગેડ, સ્કાઉટ્સ અને ગર્લગાઈડ તથા બ્રાઉનીના સભ્યોને તેમના ગણવેશ સાથે દર્શાવ્યા છે.

બૉયઝ બ્રિગેડ એ કિશોરકુમારોની ગણવેષધારી સ્વયંસેવકોની જૂનામાંજૂની સંસ્થા છે. વિલિયમ ઍલેક્ઝાંડર સ્મિથે ગ્લાસગો (સ્કૉટલૅન્ડ)માં તેની સ્થાપના કરેલી. આજે કેવળ યુનાઈટેડ કિંગડમમાં જ તેના ૧૮૪૦૦૦ તથા અન્યત્ર ૪૦૦૦૦૦થી યે વધુ સભ્યો છે. આ જ રીતે ૧૯૬૫માં ત્રણ વિવિધ સંસ્થાઓનું જોડાણ કરીને ગર્લ્સ બ્રિગેડની રચના થઈ જેમાં આજે ૧૬૫૦૦૦ જેટલી કિશોરીઓ જોડાએલી છે. પોતાના દળ અને ધર્મ પ્રતિ પ્રામાણિક, સહાયભૂત અને નિષ્ઠાવાન રહેવાની ભાવનાઓને તેમાં પ્રોત્સાહન અપાય છે.

સ્કાઉટ-પ્રવૃત્તિના સ્થાપક રૉબર્ટ બેડન-પૉવેલની ૧૨૫મી જન્મજયંતી પણ આ વર્ષે ઉજવાઈ રહી છે. દુનિયાભરમાં આજે ૧૫૦ લાખ જેટલા સ્કાઉટ્સ છે, જેમાંથી ૬૫૦૦૦૦ જેટલા તો યુ. કે.માં જ છે. આરંભમાં તો તેમાં જોડાએલી કિશોરીઓ પણ સ્કાઉટ્સ કહેવાતી પણ પછી બૅડન-પૉવેલનાં બહેન ઍગ્નસે એ પ્રવૃત્તિનું સંચાલન હાથ ધર્યા બાદ તેઓ ગાઈડ્સ તરીકે ઓળખાવા લાગી, જેમાં ૮થી ૧૧ વર્ષની બાળાઓ બ્રાઉનીઝ કહેવાય છે. કિશોર-કુમારોમાં પણ વય પ્રમાણે વૂલ્ફ કબ્સ, સ્કાઉટ્સ, રૉવર સ્કાઉટ્સ અને સાગર સાથે સંકળાએલી પ્રવૃત્તિવાળા સી સ્કાઉટ્સ એવા વિભાગો છે.

આ ચારેય ટિકિટોનાં ડિઝાઈન બ્રાયન સેન્ડર્સે કરેલાં છે અને હેરિસન ઍન્ડ સન્સે આ બહુરંગી ટિકિટો ફોટોગ્રૅવ્યોર પદ્ધતિથી છાપી છે.

સાહિત્યસંપર્ક

ફિરાક ગોરખપુરીની વિદાય

ઉર્દૂ ગઝલના ક્ષેત્રમાં અર્ધી સદીથી યે વધુ વર્ષોથી જેમનું નામ ઝળહળતું રહ્યું છે એ 'ફિરાક' ગોરખપુરીનું આ માર્ચની ૩જી તારીખે દિલ્હીમાં ૮૬ વર્ષની વયે અવસાન થતાં આધુનિક યુગના શ્રેષ્ઠ ઉર્દૂ કવિની એક મોટી ખોટ પડી છે. ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશને 'બજમે જિન્દગી: રંગે શાયરી' નામે એમના પ્રતિનિધિ ૩૫ કાવ્યોનો જે સંગ્રહ પ્રકટ કરેલો છે તેમાં ખુદ 'ફિરાક'ના કહેવા પ્રમાણે એમની કવિતાનું હીર યાને મુખ્ય તત્ત્વ આવી જાય છે. આ સંગ્રહનું નામ પણ એમના જ એક શેર

ફિરાકે હમનવા એ મીર ઓ ગાલિબ
અબ નયે નગ્મે
વો બજમે જિન્દગી બદલી, વો રંગે-શાયરી
બદલા

પરથી જ લીધેલું છે.

'ફિરાક'–એટલે કે વિયોગ, ચિંતા, શોધ, વિચાર–એ તો એમનું તખલ્લુસ હતું. એમનું અસલ નામ તો રઘુવીર સહાય. જન્મ ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં એક શ્રીવાસ્તવ કાયસ્થ પરિવારમાં, ઈ. ૧૮૯૬ની ૨૮ ઑગસ્ટે. પિતા ગોરખપ્રસાદ મુનશી ધારાશાસ્ત્રી હતા અને 'ઈબરત'ના નામથી કાવ્યો પણ રચતા. અરબી, ફારસી, અને ઉર્દૂના એ અચ્છા જાણકાર હતા. પણ 'ફિરાક'નો કાવ્યરસ તો કેળવાયો એમની ફોઈના પુત્ર બાબુ રાજકિશોરલાલ એમને નાનપણમાં જે 'ગુલઝારે નસીમ' વાંચી સંભળાવતા તેનાથી. જન્મતાં જ માતાનું છત્ર ખોઈ બેસેલા બાળ રઘુવીરનો ઉછેર બહુધા આયાઓ દ્વારા થએલો. માતૃપ્રેમની ઝંખના એમને જીવનભર સાલતી રહેલી. વય વધવા સાથે એમણે 'દાગ', 'મીર', 'હાફિઝ', 'ગાલિબ', 'ઈકબાલ' વગેરેનું વાચન-મનન પણ કર્યું અને વીસની વયે તેઓ ઉર્દૂ શાયર 'ફિરાક' તરીકે પ્રકટ થયા.

ઉર્દૂનો અભ્યાસ તો ઘરઆંગણે પિતાએ જ કરાવ્યો, પછી અંગ્રેજીની કેળવણી માટે સાતેકની વયે એમને શાળામાં મૂક્યા. અલ્લાહાબાદની મ્યૂર કૉલેજમાંથી ૧૯૧૬માં બી.એ. થઈ તેઓ કાનપુરમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. ૧૯૨૦માં ડેપ્યુટી કલેક્ટર તરીકે એમની વરણી થઈ, પણ ગાંધીજીના પ્રભાવ તળે એમણે એ તક જતી કરીને અસહકારની લડતમાં ઝંપલાવ્યું, અને '૨૭ સુધી રાજદ્વારી કેદી તરીકે જેલ ભોગવી, જ્યાં મૌલાના મહમદઅલી, મૌ. હઝરત મોહાની, મૌ. અબુલ કલામ આઝાદ આદિ વિદ્વાનોના પ્રેરક સહવાસમાં એમની શાયરી પણ વધુ પાંગરી.

જેલમાંથી છૂટી તેઓ લખનૌની ક્રિશ્ચિયન કૉલેજમાં અને પછી કાનપુરની સનાતન કૉલેજમાં ઉર્દૂના વ્યાખ્યાતા બન્યા. દરમિયાન અંગ્રેજી સાહિત્યથી આકર્ષાઇને તેમણે એ વિષયમાં અનુસ્નાતકની ઉપાધિ પણ મેળવી ને પછી અલ્લાહાબાદમાં અંગ્રેજી ભાષાસાહિત્યના વ્યાખ્યાતા બન્યા. સંસ્કૃત ને ફારસી સાહિત્યનો પણ એમણે સારો અભ્યાસ કર્યો.

આ બધાંથી એમની દૃષ્ટિ વિશાળ બની નિસર્ગ ને ચિંતન પ્રતિ પ્રીતિ પાંગરવા લાગી. પરંપરામાં ઘસડાતી ઉર્દૂ કવિતાને નવો મોડ આપવાની તમન્ના જાગી અને ગઝલોમાં એમનું આગવું વ્યક્તિત્વ પ્રકટ થવા લાગ્યું. ફારસી-ઉર્દૂના અઘરા શબ્દોને સ્થાને સરળ શબ્દોનો ઉપયોગ વધારી એમણે ગઝલમાં ખડી બોલીનો મહિમા કર્યો. સરળ શબ્દોની સુંદર જમાવટ અને વિચાર તેમ જ વિષયની સુશ્લિષ્ટ અભિવ્યક્તિ એમની ગઝલને ચોટદાર બનાવે છે. નૈસર્ગિક તડપન અને ઘેરી વેદનાથી ઘૂંટાએલી એ મર્મસ્પર્શી બની છે. એમની શાયરી નીતનવી સદાબહાર લાગે છે. એમણે ગાયું છે:

અપને માઝીસે જો લીપટા હુય વોહ સૌદાઈ હય,
કિ બદલ જાને કી દુનિયાને કસમ ખાઈ હૈ.

(પોતાના ભૂતકાળને જે વળગી રહે છે એ તો પાગલ છે, દુનિયાએ તો પરિવર્તન કરવાના સોગંદ ખાધા છે.) અને આવું માનનાર કવિ પરંપરાઓને કેમ વળગી રહે?

ઈ. ૧૯૬૯માં એમના 'ગુલઈ નગ્મા' કાવ્યસંગ્રહને લક્ષમાં રાખી ભારતીય જ્ઞાનપીઠે પારિતોષિક આપેલું. ઉત્તર પ્રદેશની રાજ્યસરકાર અને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનાં પણ તેમને ઈનામો મળેલાં. ભારત સરકારે એમને 'પદ્મ ભૂષણ'નું માન પણ આપ્યું હતું.

સોલા ઈસાજ, ૩૫, ધરકી કરવટ, બહારિસ્તાન, ચરાગા, શાહનામિસ્તાન, રૂહે કાયનાત, ગઝલિસ્તાન વગેરે પણ એમનાં ખ્યાત પ્રકાશનો છે.

એમને મન શાયર એ ઈશ્કી ગાયક નહિ પણ જ્ઞાની અને આત્મોદ્ધારક જીવનદર્શક હોવો જોઇએ. ઉર્દૂ કવિતામાં એમણે આણેલાં આમૂલ પરિવર્તનના મૂળમાં એમનું પરિવર્તન અને વિકાસશીલ દૃષ્ટિબિંદુ પણ છે જ. હવાઈ ઉડ્ડયનોમાં રાચતી ગઝલને એમણે વાસ્ત-



વિકતાની ભૂમિ પર ઉતારીને તેની પ્રતિષ્ઠા કરી છે. એમની ગઝલોમાં ભાવની શિષ્ટતા, આકૃતિનું સૌષ્ઠવ ને વિચારોની શક્તિ પ્રકટ થાય છે:

જાઓ ન તુમ ઈસ બેખબરી પર કે હમારે
હર ખ્વાબસે ઈક અહૃદ કી બુનિયાદ પડી હૈ.

માનવતાના લબો-લિહાજને પોતાની શાયરીમાં પેદા કરવા એ સદા પ્રયત્નશીલ રહેતા. એમની અનેક રચનાઓ એમણે સામાજિક અને રાજનૈતિક જાગૃતિ માટે જ જાણે રચી છે, અને તેમાં યે એમનું ચિંતન-મનન પ્રકટ થાય છે. દેશ અને માનવતાના એ પ્રેમી હતા. જીવન અને મૃત્યુની એમને પહેચાન હતી—

'મૈં અજનબી ન રહા હયાત સે મમાત સે.'

અને છતાં એ કહે છે—

'સદાસુહાગ જિંદગી હૈ ઔર જહાં સદાબહાર.'

ઉત્તમ કાવ્યરચનાનો એમનો ખયાલ હતો કે જે સાધારણથી પણ સાધારણ વિષયોને તદ્દન સુગમ ભાષામાં અને સ્વાભાવિક શૈલીમાં એટલી ઊંચે ઉઠાવે કે પંક્તિઓની આંગળીઓ તારાઓને સ્પર્શે. પણ પોતાની એવી ઉત્તમ કાવ્યશક્તિ છતાં એ નમ્રતાપૂર્વક કહે છે—

'કલમકી ચન્દ જુમ્બિશો સે ઔર મૈંને ક્યા કિયા?
યહી કિ ખુલ ગયે કુછ રમૂજસે હયાત કે.'

અને એ 'શાયરે-આજમ ફિરાકે-ખાતિત મુલમુત ગજ્જલીન'એ છેલ્લેછેલ્લે કહ્યું–

'અબ તુમસે રૂખસદ લેતા હું આઓ
સંભાલો સાજે ગઝલ,
નયે તરાને છેડો મેરે નગ્મોકો નીંદ આતી હૈ.'

અને ખરેખર એમણે રૂખસદ લઈ લીધી.

'જાગે હૈ ફિરાક આજ ગમે હિજ્ર મેં તા-સુબ્હ
આહિસ્તા ચલે આઓ અભી આંખ લગી હૈ.'

કૃષ્ણવદન જેટલી



માધુકરી

ગોરી મોરી, ફાગણ ફાલ્યો જાય કે ચૈતર કોણે દીઠો રે લોલ
વ્હાલા મોરા, જોબન ઝોલાં ખાય કે ઝૂલણો લાગે મીઠો રે લોલ
ગોરી મોરી, હૈયાં ઢળીઢળી જાય કે ઝૂલશો ક્યાં લગી રે લોલ
વ્હાલા મોરા, ઝૂલણો મેલ્યો ન જાય કે ઝૂલશું જિન્દગી રે લોલ.

—ઉમાશંકર જોશી

સ્વર્ગસ્થ આચાર્ય કૃપાલાણી

લગભગ અર્ધી સદી પહેલાં સિંધ પ્રાંતે ગુજરાતને પોતાના ત્રણ વિદ્વાન સપૂતોની ભેટ આપી: આચાર્ય ગિદવાણી, આચાર્ય મલકાણી અને આચાર્ય કૃપાલાણી. ત્રણે ગાંધીજીના અનુયાયી. આમાંના ત્રીજા આચાર્ય કૃપાલાણીએ પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વ અને આગવી પ્રતિભાને કારણે દેશભરમાં વ્યાપક ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. આ માસ માર્ચની ૧૯મી તારીખે અમદાવાદમાં ૯૪ વર્ષની વયે એમણે ચિરવિદાય લેતાં ગાંધીજીના ચુસ્ત અનુયાયીઓની વિલાતી જતી પેઢીમાંથી એક વધુની ખોટ પડી છે. પ્રચંડ જ્વાળામુખી ભાર્યો હોય તેવું એમનું હૃદય દેશના પ્રશ્નો વિષે છેવટ સુધી ધીકી રહ્યું હતું. સરકાર – પરદેશી અને આપણી બંને સામે એમની ચોકી-નજર સદાય તકાએલી જ રહેતી હતી.

જીવતરામ ભગવાનદાસ કૃપાલાણી એ એમનું પૂરું નામ. આપ્તજનોમાં એ 'દાદા' (મોટાભાઇ) તરીકે પણ ઓળખાતા. ઈ. ૧૮૮૮માં સિંધ હૈદરાબાદમાં એક ખાનદાન આમિલ કુટુંબમાં એમનો જન્મ થએલો. પિતા નિવૃત્ત તહેસિલદાર હતા. ચુસ્ત વૈષ્ણવ એવા કે પોતાનું પાકી બાંધણીનું ઘરનું ઘર હોવા છતાં તેઓ એની સામે અલગ મઢૂલી બાંધી તેમાં જ રહેતા. નેક અને નિષ્ઠાવાન પણ એવા કે એમના અત્યંત તીખા અને તેજ મિજાજને બરદાસ્ત કરીને



સિંધમાં ભણ્યા, બિહારમાં ભણાવ્યું, ગુજરાતમાં આચાર્ય થયા, યુ. પી.માં રાજનૈતિક નેતા બન્યા, બંગાળમાં પરણ્યા – આમ, સર્વપ્રાંતીય વ્યક્તિ બનેલા કૃપાલાણીજી સાચા અર્થમાં ભારતીય બની રહ્યા હતા. તેમનો આ સ્કેચ તેઓ જ્યારે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં આચાર્ય હતા ત્યારે સ્વ. રવિશંકર રાવળે કરેલો જેના પર કૃપાલાણીજીના હસ્તાક્ષરો પણ છે.

પણ લોકો એમને આદર આપતા. એમને સાત પુત્રો અને એક પુત્રી. એ પુત્રોમાં જીવતરામ છઠ્ઠા હતા. જીવતરામના બીજા અને પાંચમા ભાઇએ ઈસ્લામનો અંગિકાર કરેલો અને એ માટે જ એ બંને ખપી ગએલા. એકની સામે ખિલાફત ચળવળ વખતે અફઘાનિસ્તાનને હિંદુસ્તાન પર આક્રમણ કરવા માટે આમંત્રણ આપવા અંગેના એ કાળના મશહૂર 'રેશમી રૂમાલ કાવતરા'માં સામેલ હોવાનો આરોપ હતો, ને તે અંગે તેઓ ફરાર થઈ જઈ ગુપ્તવાસમાં જ અવસાન પામેલા. બીજા ભાઈ ગ્રીસ અને તુર્કસ્તાનના યુદ્ધમાં તુર્કોને પક્ષે લડતાં માર્યા ગએલા. ત્રીજા એક ભાઇએ સિંધ હૈદરાબાદમાં સ્વદેશી ભંડાર ખોલ્યો હતો અને પછી ચામડાનો વેપાર પણ ચાલુ કરેલો. આમિલ જેવી ઉચ્ચ ગણાતી સિંધી કોમમાં આવો ધંધો કરનાર એ સૌપ્રથમ હતા. છેલ્લા નાના ભાઈ સાધારણ સુથારીકામ કરતા; પછી એકાએક સંન્યાસી થઈ ગએલા. નાના છતાં એ એટલા જલદ સ્વભાવના હતા કે કોઇને નહિ ગાંઠનાર ઉધમાતિયા જીવતરામ પણ એમનાથી ડરતા રહેતા. સૌથી નાનાં કીકીબેન લાલવાણી સિંધમાં કૉંગ્રેસી કાર્યકર તરીકે જાણીતાં હતાં. કુટુંબમાં આ બધાં ભાંડુઓ ચહેરેમહોરે એકસરખાં–પાતળા હોઠ, ફિક્કા ચહેરા, ચપળ આંખો અને હેતાળ હૃદય. બધાં ખૂબ ઊંઘનારાં, સ્વાદિષ્ટ વાનગીઓનાં શોખીન અને તીવ્ર ગમા–અણગમાવાળાં છતાં દરેકનું વ્યક્તિત્વ નિરનિરાળું.

ગણિતના તો પહેલેથી શત્રુ છતાં નસીબના જોરે જીવતરામ મૅટ્રિક પાસ કરીને મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા. પ્રીવિયસમાં પાસ થતાં જ ગણિતનાં થોથાંઓ ફેંકી દઈ તેમણે મુક્તિ અનુભવી. પાઠ્યપુસ્તકો પ્રત્યેની નફરત તેઓ અધ્યાપક અને આચાર્ય બન્યા ત્યારે યે એવી જ રહી હતી. વર્ગમાં વ્યાખ્યાનો પણ પુસ્તક વિના અને પુસ્તકિયા જ્ઞાનની મર્યાદાઓ ઓળંગીને જ આપતા. એમને પ્રિય કવિતા. અંગ્રેજી શાસન સામે એમને જેટલી ચીડ હતી એટલો જ પ્રેમ અંગ્રેજીના કવિઓ અને એમની કવિતા માટે હતો.

એમનો કૉલેજકાળ એટલે બંગભંગના દિવસો. વિદ્યાર્થીઓમાં ત્યારે એક નવી જ જાગૃતિ પ્રકટેલી. જીવતરામ પણ તેમાં રંગાય જ. વિલ્સન કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. મૅકૂકિન માટે એમણે એવી તો મુશ્કેલીઓ ઊભી કરી દીધી કે મુંબઈ છોડી એમને કરાચીની ડી. જે. સિંધ કૉલેજમાં દાખલ થવું પડયું. ને ત્યાંય તેમણે વિદ્યાર્થીઓની એક ટોળી ઊભી કરી. અને તેને સાથે લઈ જાહેરસભાઓમાં અંગ્રેજી

શાસનના પક્ષમાં કોઈ પણ વક્તા કંઈ પણ બોલે કે ધાંધલ મચાવી તેને બેસાડી જ દે. કૉલેજમાં પણ તેમણે હડતાલ પડાવી. પરિણામે કૉલેજ છોડવી પડી. હવે મુંબઈની કોઈ કૉલેજમાં તો એમને પ્રવેશ મળે તેમ જ નહોતો એટલે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં જોડાયા અને ત્યાંથી ૧૯૧૨માં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે એમ. એ. થયા.

આ પછી સિંધમાં સક્કરમાં એક શિક્ષક તરીકે એમણે કારકિર્દીનો આરંભ કર્યો, પણ દેશના એ છેવાડાના નિરક્ષર વિસ્તારમાં પોતાની પ્રતિભાને પાંગરવાનું કોઈ ક્ષેત્ર ન લાગતાં તેઓ બિહારમાં મુઝફ્ફરપુરની સરકારી કૉલેજમાં પ્રોફેસર થયા. બંગભંગની સામે ચાલેલી લડતોના કારણે સરકારી દમનનીતિ ત્યારે યે જારી હોઈ બંગાળના અનેક ત્રાસવાદીઓ બિહારમાં ઊતરી આવેલા ને તેમની પાસેથી બિહારી યુવાનો પણ હિંસાના પાઠ શીખવા લાગ્યા. જીવતરામ પણ એમાં રંગાયા અને પ્રિન્સિપાલ સામે લડત કરતાં એ કૉલેજ પણ છોડવી પડી.

ગાંધીજી એ કાળે ચંપારણનો પ્રશ્ન હાથ ધરી બિહાર ગએલા. યુવાન જીવતરામ એમના સંસર્ગમાં આવ્યા અને એમના અભય તથા અહિંસાના ખયાલોથી આકર્ષાયા. સંપર્ક વધતો ગયો અને કૃપાલાણી એમના ચાહક બનતા ગયા અને જ્યારે ચંપારણ–સત્યાગ્રહ શરૂ થયો ત્યારે ગાંધીજીના એક સહાયક સાથી બની ગએલા. આ લડત પછી ગાંધીજીએ પં. માલવીયજીએ તાજી જ શરૂ કરેલી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં માલવીયજીની માગણીથી કૃપાલાણીજીને ત્યાં મોકલ્યા. પણ એ પછી થોડા સમય બાદ અસહકારનું આંદોલન શરૂ થતાં તેમણે તેમાં ઝંપલાવ્યું, અને ત્યાર બાદ બાબુ ભગવાનદાસ તથા બાબુ શિવપ્રસાદ ગુપ્તની સહાયથી સ્થપાએલી કાશી વિદ્યાપીઠમાં એ જોડાયા, ને ત્યાંથી ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં આચાર્યપદ માટે ગાંધીજી એમને અમદાવાદ લઈ આવ્યા. આ પછી તે સદા આચાર્ય કૃપાલાણી તરીકે ઓળખાતા હતા. અહીં તેઓ રાજકારણ, ઇતિહાસ અને અંગ્રેજી સાહિત્ય ભણાવતા. એમનાં વ્યાખ્યાનોમાં શબ્દ–છણાવટો કરતાં વિચારનાં પૃથક્કરણો પર વધુ ભાર રહેતો. અને કોઈના મંતવ્ય ઉપર ટીકા કરતી વખતે તો એમની શબ્દશક્તિ બરાબર ખીલી ઊઠતી. હિંદી સંસ્કૃતિના એ ભક્ત, એમની દૃષ્ટિ વિજ્ઞાનશુદ્ધ અને ઇતિહાસપૂત. ઈ. ૧૯૨૮–’૨૯માં અમદાવાદની ગુજરાત કૉલેજના ગોરા પ્રિન્સિપાલ ફ્રિન્ડલે શિર્રાસની અમુક જોહુકમી સામે હડતાલ પડેલી. એ વખતે નવરા પડેલા વિદ્યાર્થીઓનો સંપર્ક સાધી કૃપાલાણીજીએ એમને ખુલ્લા ચોગાનમાં સાહિત્ય, રાજકારણ, ઇતિહાસ, કવિતા વગેરે વિષયો પર વ્યાખ્યાનો આપી એમના શિક્ષણને જારી રાખી રાષ્ટ્રીય કેળવણીની ચેતનાથી વંચિત એ વિદ્યાર્થીઓમાં એક નવી જ ભાવના પ્રકટાવી. રવીન્દ્રનાથ ટાગોરની કવિતા પરનાં એમનાં ત્યારનાં વ્યાખ્યાનોથી પ્રકટેલા રસમાંથી ગુજરાત કૉલેજમાં ‘ટાગોર સોસાએટી’ સ્થપાઈ.

શ્રોતાઓને જીતી લેવાની એમની શક્તિ જેવી અધ્યાપનમાં તેવી જ જાહેર ભાષણોમાં પણ ખીલતી. આદર્શની ધગશ અને લાગણીની આર્દ્રતાથી ભરેલો એમનો વાણીપ્રવાહ જ્યારે પ્રતિપક્ષી સામે વહે ત્યારે તો કટાક્ષોનાં તાતાં તીર જેવો બની રહેતો. એમની ધારદાર વાણી, તુમાખીભરી છટા અને રમૂજભર્યા કટાક્ષો તથા બુદ્ધિની તેજસ્વિતા એ એમનાં વ્યાખ્યાનોની આગવી ખાસિયત હતી.

ગુજરાત વિદ્યાપીઠના આચાર્યપદેથી છૂટા થયા પછી એમણે યુક્તપ્રાંત (ઉત્તર પ્રદેશ)માં ખાદીકાર્ય હાથ ધર્યું. મેરઠમાં ગાંધીઆશ્રમ સ્થાપ્યો. હિંદભરમાં મોટું ગણાય એવું એ ખાદીકેન્દ્ર એમની એકલાની યોજનાશક્તિ અને ધગશનું ફળ હતું.

આ અરસામાં તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં રાજકારણ ભણાવતાં બંગાળનાં કુ. સુચેતાદેવી મઝુમદારના પરિચયમાં આવ્યા.



બે હાથ લંબાવી ફૂટપાથ પરથી જતા માથા વિનાના ખવીસની નહિ પણ અરીસાનો કાચ લઈ જતા માણસની આ છબી છે. એનો બીજો હાથ તો એ અરીસામાં પડતા તેના એક હાથનું પ્રતિબિંબ છે. રસ્તા પર પડેલી મોટરગાડીઓ અને સામે દેખાતી દુકાનો વગેરેની વચ્ચે આવું વિચિત્ર દૃશ્ય બે ઘડી તો જોનારને ભૂલથાપ ખવરાવી જ દે.

આગળ જતાં ૧૯૩૬માં એ બંનેએ લગ્ન કર્યું ત્યારે તેઓ બંનેની વય વચ્ચેના ૨૦ વર્ષના તફાવતના કારણે એક સનસનાટી મચી ગએલી. પણ ગાંધીજીના તેમને આશીર્વાદ હતા. એટલું જ નહિ, એ કાળે પં. જવાહરલાલ નેહરુનાં માતા કૃપાલાણીજીને યે પોતાના પુત્રવત્ ગણતાં હતાં એટલે બનારસમાં વિધિસર લગ્ન થયા પછી નેહરુજીના નિવાસસ્થાન ‘આનંદભવન’માં પણ તેની ખાસ ઉજવણી કરવામાં આવી હતી. પતિપત્ની બંનેના રાજકીય વિચારોમાં પણ ઘણી ભિન્નતા હતી છતાં એમનું લગ્નજીવન ઘણું જ સુખી નીવડયું હતું.

કૃપાલાણીજીની નિર્ભયતા, સંગીન કારકિર્દી અને હૈયાઉકલત વગેરેએ એમને કૉંગ્રેસમાં અગ્રસ્થાને મૂકી દીધા હતા. ૧૯૩૪માં તેઓ કૉંગ્રેસની કારોબારીમાં સભ્ય એને મહામંત્રી બન્યા અને ૧૨ વર્ષ સુધી એક નિષ્ઠાથી એ સેવા બજાવતાં પોતાની તીવ્ર પારગામી દૃષ્ટિ અને વહીવટી ક્ષમતાનો પરિચય આપ્યો. ૧૯૨૧થી કૉંગ્રેસની બધી ચળવળોમાં એમણે સક્રિય ભાગ લઈ અનેક વાર જેલ ભોગવેલી. ૧૯૪૬માં તેઓ કૉંગ્રેસના પ્રમુખ વરાયા અને સત્તાબદલાના કટોકટ કાળમાં દોરવણી આપેલી. ૧૯૪૭માં મહાસભાની બેઠકમાં પં. નેહરુ અને સરદાર પટેલથી ભિન્ન જઈ એમણે શાસન પર સંસ્થાનું વર્ચસ્વ રાખવાનો મત દર્શાવેલો અને પછી સંસ્થામાં એકવાક્યતા જળવાઈ રહે તે માટે પ્રમુખપદેથી રાજીનામું આપી છૂટા થએલા; આ છતાં કૉન્સ્ટિટયુઅન્ટ ઍસેમ્બ્લીના સભ્ય તરીકે તેઓ ચાલુ રહેલા. પરંતુ ધીરેધીરે તેઓ અન્ય નેતાઓથી અલગ પડતા જઈ છેવટ ૧૯૫૧માં કૉંગ્રેસમાંથી પણ છૂટા થઈ ગયા હતા.



...અને આ પણ ધડ ઉપરથી ઉતારીને બગલમાં પોતાનું માથું મૂકી પાછળ નજર ફેરવતા કોઈ પ્રેતની છબી નથી. હકીકતે તો કલાસંગ્રહમાંથી મસ્તકનું શિલ્પ ખરીદીને લઈ જતા કોઈ ગ્રાહકે તલબ લાગતાં ઊભા રહીને એક હાથે સિગારેટ પેટાવવા માથું નમાવ્યું ત્યારે તેની પીઠ પાછળ આવતા છબીકારે ઝડપી લીધેલી તકનું આ ફળ છે.

એ પછી એમણે 'વિજીલ' નામે એક સાપ્તાહિક શરૂ કરેલું અને 'કૃતિ મજદૂર પ્રજા પાર્ટી' પણ સ્થાપી, જે આગળ જતાં 'પ્રજા સોસિયાલિસ્ટ પાર્ટી'માં ભળી ગઈ. ૧૯૫૪માં તેઓ તેમાંથી પણ છૂટા થઈ ગયા હતા. હકીકતે રાજકારણમાં જ નહિ, પોતાની સમગ્ર તાસીરમાં એ સ્વતંત્ર મિજાજના જ હતા. પોતાને ન જચે તેવા નિયમો કે બંધનો તેમને સ્વીકારવા ગમતા જ નહિ. ૧૯૭૧માં એમની પાર્લામેન્ટરી કારકિર્દીનો અંત આવ્યો હતો. સ્વભાવે બળવાખોર છતાં ઋજુ અને ધાર્મિક હતા. કાકાસાહેબ અને સ્વામી આનંદ સાથે એમણે પણ અર્ધા સંન્યાસી જેવી દશામાં હિમાલયની યાત્રા કરેલી. પણ વિરક્તિ સાથે એમનામાં લાપરવાહીનું યે મિશ્રણ હતું. ગાંધીજીના અત્યંત ચુસ્ત અનુયાયી હોવા છતાં ગાંધીવાદના દરેક સિદ્ધાંતને એ બારીક કસોટીએ ચડાવીને જ એમણે સ્વીકારેલા, અને જરૂર પડ્યે એ અંગે ગાંધીજી સાથે યે ધડક ચર્ચામાં ઊતરતા. ગાંધીવાદની ફિલસૂફીને પચાવી ગએલા અને પરિસ્થિતિનું સૂક્ષ્મ પૃથક્કરણ કરીને નિર્ણય લેવાની વિચક્ષણ બુદ્ધિવાળા કાર્યદક્ષ અને કાર્યશીલ તથા કોઈ પણ સંજોગોમાં હામ ભીડવાની ધીરજભરી હિંમતવાળા એમના જેવા પુરુષોની ઉત્તરોત્તર વધતી જતી ખોટ આપણને અવશ્ય સાલશે. ગાંધી તત્ત્વજ્ઞાન પર એમણે ઘણું લખ્યું પણ છે, જેમાંથી 'નૉન વાયોલન્ટ રેવૉલ્યુશન', 'ધ ગાંધીઅન વે', 'ધી ઇંડિયન નેશનલ કૉંગ્રેસ', 'ધ ફેટફુલ યર્સ', 'ધ પૉલિટિક્સ ઑવ ચરખા', 'ધ ફ્યુચર ઑવ ધ કૉંગ્રેસ' અને 'ધ ગાંધીઅન ક્રિટિક' જાણીતા છે.' □

કમરખ

ગુજરાતમાં કમરખનું નામ જેટલું જાણીતું છે એટલાં એ પોતે જાણીતાં નથી. ખાસ કરીને જ્યાં એ ઉત્પન્ન થાય છે તે પ્રદેશની બહાર મોટાં શહેરો સિવાય તે બહુ પરિચિત નથી જણાતાં, પણ કમરખ એ એક ખટમધુરું રસદાર ફળ છે. ભારતમાં એ કર્ણાટક, ગોવા, મુંબઈ, દક્ષિણ ગુજરાત તથા ઉત્તર ભારતમાં લાલ માટીવાળી જમીનમાં થાય છે. બ્રહ્મદેશ અને શ્રીલંકામાં પણ કમરખ જાણીતું છે. વૃક્ષો પર થતું આ ફળ અણીદાર લંબગોળ આકારનું રસદાર આમળાં જેવું પારદર્શક દેખાતું અને તૂરિયાં જેવી પાંચેક ઊપસેલી ધારવાળું તથા ચારપાંચ ઇંચ લાંબું હોય છે. કાચું હોય ત્યારે ખાટું લાગતું આ ફળ પાકતાં મીઠાશ ધારણ કરે છે. ગ્રાહી, કફઘ્ન, અને વાતહર મનાતા આ ફળનું અથાણું, મુરબ્બો અને શરબત બને છે. મરી-મીઠા સાથે એનું કચુંબર પણ સ્વાદિષ્ટ લાગે છે. વર્ષાના ઉત્તરકાળથી શિયાળામાં કમરખ બજારમાં આવે છે. ખટાશના કારણે કાચી કેરીની જેમ તે દાળમાં પણ વપરાય છે અને કપડાં પરના ખટાશથી નીકળે તેવા ડાઘ કાઢવા તથા વાસણ ઉજાળવામાં પણ એ ઉત્તમ છે.

કમરખનું વૃક્ષ પચીસેક ફૂટ સુધી વધે છે. તેનું કાષ્ઠ ઊજળું, કઠણ અને રેખાદાર હોઈ રાચરચીલું બનાવવામાં ઉપયોગી છે. કમરખનાં પાન, અને મૂળ પણ શીતળતાનો ગુણ ધરાવતાં હોઈ કેટલાંક ઔષધોમાં પ્રયોજી શકાય છે.

અનુસંધાન] **ઇતિહાસધારા** [પૃષ્ઠ ૮૯થી

દિલ્હીમાં પંડિત ઘાસીરામની ગલીમાં આવેલી એક હવેલી 'નમકહરામકી હવેલી' તરીકે ઓળખાય છે. મુગલ શહેનશાહ શાહઆલમના સમયમાં મુનશી ભવાનીશંકર એ હવેલીમાં રહેતો હતો. રોહિલાઓના આક્રમણ વખતે મરાઠી ફોજ શાહઆલમની મદદે દિલ્હી આવી પહોંચતાં ભવાનીશંકર શાહઆલમને છોડી માધોજી સિંધિયાની નોકરીમાં રહી ગયો. બાદ ઈ. ૧૮૦૩માં લૉર્ડ લૅકે દિલ્હી જીતતાં તે અંગ્રેજો સાથે મળી ગયો. આથી દિલ્હીવાસીઓએ એને નમકહરામ તરીકે સંબોધવા માંડ્યો. ભવાનીશંકરે અંગ્રેજો આગળ આ અંગે ફરિયાદ કરતાં તેમણે દિલ્હી શહેરમાં ઢંઢેરો પીટાવ્યો કે મુનશીજીને કોઈ નમકહરામ ન કહે. પણ આ ઢંઢેરાથી તો જે લોકો નહોતા જાણતા તે પણ જાણતા થઈ ગયા. દિલ્હીમાં ફતેહપુરી મસ્જિદ પાસે કૂચા ઘાસીરામમાં મુનશી ભવાનીશંકરની એ હવેલી મોજૂદ છે જે આજે પણ 'નમકહરામ કી હવેલી' તરીકે જ ઓળખાય છે.

મહારાષ્ટ્રના ક્રાંતિવીર વાસુદેવ બળવંત ફડકે રામોશીઓની સેના ઊભી કરી અંગ્રેજો સામે મેદાને પડ્યો અને કોલાબા જિલ્લામાં એણે અંગ્રેજોના દાંત ખાટા કરી દીધા. અંગ્રેજોએ એને પકડવા માટે ૪૦૦૦ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું. આખરે ઈ. ૧૮૭૯માં જુલાઈની ૨૦મીએ તે પોતાની થોડીક અસાવધાનીથી અંગ્રેજોના હાથમાં જઈ પડ્યો. તેને પૂના લઈ જઈ કેસ ચલાવવામાં આવ્યો અને જન્મટીપની સજા ફરમાવી એડનની કેદમાં મૂકવામાં આવ્યો. જ્યાં ૧૮૮૩ના ફેબ્રુઆરીની ૧૭મીએ તે અવસાન પામ્યો. એડનના કારાવાસમાં જતાં પહેલાં તેનો જયજયકાર બોલાવતા એકત્ર થયેલા લોકોને તેણે સંદેશો આપેલો–'છેવટે હું યશસ્વી ન નીવડ્યો, પણ ઇશ્વર જાણે છે કે મેં જે કર્યું તે દેશને માટે જ કર્યું છે. ભાઇઓ, હું મારું ઉદ્દિષ્ટ સાધ્ય કરી ન શક્યો અને મારાથી તમને કશો જ લાભ થઈ ન શક્યો. એ બદલ મને માફ કરજો.'

ભૂલ સુધાર: ફેબ્રુઆરી અંકમાં 'બચુકાકાનું વાત્સલ્ય'ના લેખકનું નામ બહેચરભાઇ ર.(ક. નહિ) પટેલ વાંચવા વિનતિ.

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

છત્રપતિ શિવાજી એક વાર રાજધાની રાયગઢથી પોતાના સાવકા ભાઈ વ્યંકોજીને મળવા ઊપડેલા. હૈદરાબાદના નિઝામને આની જાણ થતાં પોતાના પ્રધાન માદન્નાને મોકલી શિવાજીને પોતાનું આતિથ્ય સ્વીકારવા કહ્યું. મરાઠાઓ અને નિઝામ વચ્ચેનો સંબંધ ત્યારે મૈત્રીપૂર્ણ હોઈ શિવાજી એનું આતિથ્ય સ્વીકારી ત્યાં પહોંચ્યા એટલે નિઝામે પોતના દરબારના પ્રવેશદ્વાર પાસે પચીસ હાથીઓને શણગારી ઊભા રાખેલા. શિવાજીએ આસન ગ્રહણ કરતાં નિઝામે ગર્વપૂર્વક એ હાથીઓ પ્રત્યે સંકેત કરતાં પૂછ્યું, 'આપની સેનામાં આવા ઉમદા હાથી કેટલા છે?'

'આપની રજા હોય તો મારા ઉમદા હાથીઓને અહીં રજૂ કરું.' શિવાજીએ કહ્યું. અને નિઝામે હા પાડતાં શિવાજીએ એમના રસાલાના એક માણસને કાનમાં કંઈક કહ્યું, ને તે ત્યાંથી ઊપડી ગયો.

થોડી વારમાં જ શિવાજીના પડાવ પરથી યેસાજી, બાજી, માલુસરે, ઘોરપડે વગેરે ચુનંદા સુભટો દરબારમાં આવી હાજર થયા. પ્રવેશતાં જ શિવાજીને ઝૂકીને સલામ ભરી. શિવાજીએ એ બધા જંગબાઝ જીવાનો તરફ સંકેત કરી નિઝામને કહ્યું, 'આ રહ્યા મારા હાથી; આપની સેનામાં એવા કેટલા છે?'

નિઝામ પહેલાં તો ઝંખવાણો પડી ગયો પછી શિવાજી સામે જોઈ મલકી ઊઠચો.

મહારાષ્ટ્રના ટોળ ગામના મુખીના અવસાનથી અનાથ બનેલો તેમનો પુત્ર મલ્હારી ખાનદેશમાં તેના મામાને ત્યાં રહી ભેંસો ચરાવવા લાગ્યો, પણ પોતાનો ઘોડેસવારીનો શૉખ તે ભૂલ્યો ન હતો. ભેંસો રખડતી મૂકી આ રીતે ઘોડો ખેલાવવા બદલ એક વાર એના મામાએ એને ખૂબ ફટકાર્યો એટલે રાતોરાત નાસી જઈ તે નંદરબાર પહોંચ્યો અને સરદાર કદમ બાંડેની સેનામાં ભરતી થઈ ગયો.

અહીં રહી એણે ઘોડેસવારીમાં એટલી પ્રવીણતા મેળવી કે એક વાર નંદરબાર આવેલા પેશવા બાજીરાવ (પહેલા) એની આ પ્રવીણતા પર મુગ્ધ બની ઊઠચા અને કદમ બાંડે પાસેથી તેને માગી લઈ પોતાની સેનામાં ભરતી કરી લીધો. થોડા સમય પછી તેને પાંચસો સૈનિકોની ટુકડીના નાયકપદે મૂકી દીધો.

એક વાર ઉત્તર ભારતના એક યુદ્ધમોરચા દરમિયાન બાજીરાવના સૈન્યની ખાધાખોરાકી ખૂટી પડતાં ભારે વિકટપરિસ્થિતિ ઊભી થઈ. દુશ્મનની ખાદ્યસામગ્રી લૂંટીને આ પરિસ્થિતિથી બચવાનો માર્ગ બાજીરાવે અપનાવ્યો, અને તે કામ મલ્હારીને સોંપ્યું.

પોતાની ઘોડેસવાર ટુકડી સાથે દુશ્મનના પડાવ પર છાપો મારી બધી ખાદ્યસામગ્રી ઘોડાઓ પર લાદી ટુકડી પાછી ફરી ત્યાં તો દુશ્મનોએ પણ તૈયાર થઈ તેમની પાછળ ઘોડા મારી મૂક્યા. મલ્હારીની ટુકડીના ઘોડા પર માલ લાદેલો હોઈ એ ઝડપથી દોડી શકે તેમ ન હતું અને દુશ્મનો તેને સહેલાઈથી આંબી જાય એમ હતું. આથી મલ્હારીએ ઘોડા થોભાવી દરેક સૈનિકને પોતપોતાના ઘોડાની નાળ કાઢીને ઊલટી જડી દેવા જણાવ્યું. સૈનિકોએ એમ કર્યા પછી ઘોડા પોતાના પડાવ ભણી દોડાવી મૂક્યા.

દુશ્મનો રાતના અંધારામાં મશાલો વડે ઘોડાઓનું પગેરું કાઢતા કાઢતા એ સ્થળે આવી પહોંચ્યા જ્યાં મલ્હારીએ ઘોડાની નાળો ઉલટાવી નાખવા કહેલું. હવે અહીંથી ઘોડા જે દિશામાં જતા હતા એથી ઊલટી દિશામાં જ નાળ ઊલટી જડવાના કારણે જતા દેખાતા હતા. દુશ્મનો આથી ચક્કરમાં પડી ગયા કે કઈ દિશામાં આગળ વધવું ત્યાં સુધીમાં તો મલ્હારીની ટુકડી સાબૂત સામાન સાથે પોતાના પડાવ પર પહોંચી ગઈ.

આ જ મલ્હારી આગળ જતાં પેશવાનો માનીતો સેનાની મલ્હારરાવ હોળકર બન્યો જેને પાછળથી પેશવાએ માળવાનો સૂબેદાર બનાવ્યો હતો.

મુસ્લિમ શાસકોમાં રાજગાદીના લોભે બાપ કે ભાઈની કત્લનું કૃત્ય સામાન્ય બની ગયું હતું. માંડુ (માળવા)નો સુલતાન ગ્યાસુદ્દીન એંસી વરસનો થયા છતાં ન મરતાં તેના પુત્ર નાસિરુદ્દીને પોતાને હાથે તેને ઝેર પાઈ મારી નાખ્યો, ને પોતે રાજગાદીએ ચડી બેઠો. પરંતુ રાજકાજને બદલે એ ભોગવિલાસમાં જ મગ્ન રહેતો. એના જનાનખાનામાં ૧૫૦૦૦ સુંદરીઓની ભરતી થઈ જતાં તેણે સુંદરીઓનું જ એક નગર વસાવ્યું–રૂપનગર, જેની બધી હોદ્દેદારો સ્ત્રીઓ જ હતી.

દિલ્હીની ગાદી પરનો શેરશાહ એક વાર માળવા ગયેલો ત્યારે આ પિતૃઘાતી નાસિરુદ્દીન પર તેને એટલી ચીડ ચડેલી કે તેની કબરને લાકડીઓથી ફટકારવાનો સૈનિકોને હુકમ કરેલો. બાદ જહાંગીર જ્યારે તેના મકબરા પર આવ્યો ત્યારે નાસિરુદ્દીનની કબરને લાત ફટકારી સૈનિકોને પણ લાતો ફટકારવા જણાવેલું. અને એ આખી કબર ખોદાવી નાખી આગમાં હોમી દીધી. પણ પછી તેને ખ્યાલ આવ્યો કે આ નાપાક માટીથી અગ્નિ પણ નાપાક બની જશે. એટલે બધી માટી આગમાંથી ઉઠાવી લેવડાવી નર્મદાના પ્રવાહમાં નખાવી દીધી હતી.

જોધપુરના મહારાજા જસવંતસિંહના અવસાન પછી તેમનો પુત્ર અજીતસિંહ ગાદીએ આવ્યો. જસવંતસિંહ ઔરંગઝેબનો મિત્ર હોવા છતાં અજીતસિંહ સામે તેણે પોતાના પુત્ર અકબરને ચડાઈ કરવા મોકલી આપ્યો. પરંતુ રાઠોડ સેનાપતિ દુર્ગાદાસે મુગલ સેનાની મિટ્ટી એવી પલીદ કરી નાખી કે અકબરને તેની પાસે પોતાના પ્રાણની ભિક્ષા માગવી પડી. દુર્ગાદાસે ઉદાર દિલે તે આપી.

ઔરંગઝેબને આની જાણ થતાં તે એટલો ક્રોધે ભરાયો કે ખુદ પોતાના પુત્ર અકબર સામે બીજી સેના મોકલી આપી. અકબર તેના પુત્ર બુલંદઅખ્તર તથા પુત્રી સફાયતુન્નિસાને દુર્ગાદાસના રક્ષણ નીચે મૂકી ઈરાન નાસી ગયો. પાછળ દુર્ગાદાસે ઔરંગઝેબે મોકલેલી મુગલ સેનાને હરાવી પાછી કાઢી.

ઔરંગઝેબે એ પછી અકબરનાં બાળકોને દિલ્હી મોકલી આપવા દુર્ગાદાસને જણાવ્યું. જવાબમાં દુર્ગાદાસે અજીતસિંહને જોધપુરના મહારાજાને માન્ય કરી તે સામે ચડાઈ ન કરવાની શરત મૂકી. ઔરંગઝેબે તે શરત સ્વીકારી લીધી.

પરંતુ દુર્ગાદાસ ઔરંગઝેબના કપટી સ્વભાવથી પૂરેપૂરો વાકેફ હતો; એટલે બંને બાળકોને ન લઈ જતાં એકલી સફાયતુન્નિસાને લઈ દિલ્હી પહોંચ્યો.

ઔરંગઝેબ પૌત્રીને પાછી મેળવી ખુશ થતો બોલ્યો, 'બેટી, તું સોળ વરસની થઈ, પણ મજહબનું કશું જ્ઞાન તેં મેળવ્યું નથી, હું તને કુરાન પઢાવવાની વ્યવસ્થા કરી આપીશ.'

'બાબાજાન, કુરાન તો હું પૂરું પઢી ચૂકી છું. દુર્ગાદાસચાચાએ એ માટે મને બધી સગવડ કરી આપી હતી'.

'શું કહે છે?!' કહેતાં ઔરંગઝેબે દુર્ગાદાસ સામે જોયું.

'સાચી વાત છે, અમારી દુશ્મની આપની સામે છે, આપના મજહબ કે આપનાં બાળકો સામે નહિ.'

'દુર્ગાદાસ, તમે ખરેખર એક ફિરસ્તા છો!' કહેતો ઔરંગઝેબ દુર્ગાદાસને ભેટી પડચો.

(અનુસંધાન પૃ. ૮૮)

પ્રભો ! શિર નમ્યું; નમ્યું જ ધરું સર્વદા, એટલી
વિશુદ્ધ મતિ રાખજે; સકલ અન્ય એમાં લહું.

— બ. ક. ઠા.

એક બૌદ્ધ સાધુ કોઈ ભિખારીને બોધ આપતો હતો; પરંતુ પોતાની એક પણ વાત પર ભિખારીને ધ્યાન આપતો ન જોઇને તે ગુસ્સે થઈ બુદ્ધ ભગવાન પાસે પહોંચ્યો. ભગવાને હસીને તે ભિખારીને જ તેડાવ્યો. અને તેને માટે ખાવાનો બંદોબસ્ત કરાવ્યો. કોઈ સાધુએ ટકોર કરી: 'પણ ઉપદેશ-શ્રવણ વિના જ આપે એને ખાવા બેસાડી દીધો!' બુદ્ધ ભગવાન શાંત ભાવથી બોલ્યા : 'ઉપદેશ સાંભળવાની શક્તિ એનામાં કાલ આવશે.'

કહેવતોના અર્થ: 'ધણીને સૂઝે ઢાંકણીમાં ને પડોશીને ન સૂઝે આરસીમાં.'—માલિક પોતાના મનમાં અવળું-ખોટું જે ઊગે તે કરી-કરાવી શકે, જ્યારે તેના સલાહકારો બિચારા તેમની સાચી સલાહને પણ તેની પાસે અમલમાં ન મુકાવડાવી શકે એવો આ કહેવતનો ભાવાર્થ, ધણીને ઢાંકણીમાં યે પ્રતિબિંબ દેખાય જ્યારે પડોશીને તો આરસીમાં યે ન દેખાય એ ઉપમાથી બલવત્તર અને ચોટદાર બને છે. તેને મળતી બીજી કહેવતો : સો વરસનો સુતાર ને પાંચ વરસનો ઘરધણી. ધણી ધારે તેમાં પડોશીનું શું ચાલે? ધણીનો કોઈ ધણી છે? ધણી ધારે તો પાર ઉતારે.

અનેકાર્થી શબ્દ: **પાત્ર**=યોગ્ય, લાયક, અધિકારી, લાયક પુરુષ; વાસણ, પાતર; નાટકમાં વેશ ભજવનાર વ્યક્તિ, કથા કે વાતમાં આવતી વ્યક્તિ; જલાધારસ્થાન; નદીના બે કાંઠા વચ્ચેનો પટ-ભાગ.



જર્મન તાળાકૂંચીનો નમૂનો. જર્મન કરામતો હમેશાં બહુ અટપટી હોય છે, તે આ ઉપરનું આલેખન જોતાં સ્પષ્ટ જણાય છે.

यदि न स्युः मनुष्येषु
क्षमिणः पृथिवी--समाः ।
न स्यात् संधिर्मनुष्याणां
क्रोध--मूलोहि विग्रहः ॥

મનુષ્યજાતિમાં જો પૃથ્વી જેવા ક્ષમાશીલ (સહનશીલ લોકો) ન હોય તો મનુષ્યોમાં બંધુતા (મેળ) થઇ શકત નહિ; કારણ કે ઝઘડાઓ ક્રોધથી જ થાય છે. ક્ષમાશીલતા નહિ હોવાથી ક્રોધ થાય એ સ્વાભાવિક છે.



ટિકિટકથા: બ્રૂઝ (Bruges)ના નોત્રદામ દેવળમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ત્યાંના મધ્યકાલીન રાજવીઓની કબરો છે. આ કલામંડિત કબરોના જિર્ણોદ્ધારનું કાર્ય હમણાં પૂરું થયું. આ નિમિત્તે પ્રજાને તેનો પુનઃ પરિચય આપવા બેલ્જિયમે બહાર પાડેલી આ ખાસ ટિકિટ પર તેના એક ભાગ રૂપ બર્ગન્ડીના ડ્યૂક 'ચાર્લ્સ ધ બૉલ્ડ' તથા તેની કુંવરી અને વારસ બર્ગન્ડીની મારિયાની પ્રતિમાઓ આપી છે. આ મારિયાનું મૅક્સીમિલિયન પહેલા સાથે લગ્ન થએલું, અને તેથી હૅપ્સબર્ગ અંગે ચાલતા એક રાજકીય વિવાદનો અંત આવેલો. ઈ. ૧૪૮૨માં શિકાર કરવા જતાં મારિયાનું અકસ્માત મૃત્યુ થએલું. ટિકિટમાં આગળ મારિયા તથા તેની પાછળ ચાર્લ્સની પ્રતિમાઓ દર્શાવી છે.

લૂ લાગેલી વ્યક્તિ માટે ભોજન એ વિષની અને પાણી એ અમૃતની ગરજ સારે છે.